કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૫ એપ્રિલ, ૨૦૨૪ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

◆અંક નંબર : ૨૮૮◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ - ૨ ◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

૧૦ મુદ્દાઓ પર સરકાર-સંગઠને ક્ષત્રિય સમુદાય સાથે કરી બેઠકો

ક્ષત્રિય સમાજના રોષને ડામવા સરકારની કવાયત

ભાજપના પ્રયાસો, ક્ષત્રિય સાથે યોજયા સંવાદ : શું સંવાદથી મળશે પરીણામ : હર્ષ સંઘવી-રત્નાકરજીએ કચ્છ સહિતની ૧૪ જેટલી લોકસભા બેઠક વિસ્તારોમાં ક્ષત્રીય સમુદાય યોજી છે બંધબારણે બેઠક : ૧૦ અલગ અલગ મુદ્દાઓ પર ક્ષત્રીયોને સમજાવાવના કરાયા છે પ્રયાસ

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર રૂપાલાના નિવેદનથી વકરી ગયેલો વિવાદ અનેકવિધ પ્રયાસો છતા પણ સમવાનુ નામ જ નથી લેતો. હાલમાં પણ ક્ષત્રીય સમાજમાં રોષ વ્યાપી રહ્યો છે ત્યારે બીજીતરફ ભાજપ દ્વારા પણ તેને સંવાદથી ઠારવાની કવાયત તેજ બનાવવામાં આવી છે.

આ મામે જાણવા મળતી વધુ વિગતો અનુસાર રાજયની ૧૪ જેટલી અલગ અલગ લોકસભા બેઠકો પર ભાજપના હર્ષ સંઘવી તથા રત્નાકરજી દ્વારા બેઠકોનો દોર હાથ ધરવામા આવ્યો હતો. ભાજપ દ્વારા પ્રયાસ થાય છે કે સંવાદથી આ મુદો ઉકેલી લેવામા આવ્યો છે. પાછલા કેટલાક દીવસથી ભાજપ સતત સંદેશ વ્યકત કરી રહ્યો છે કે, ભાજપને માટે આ મુદો રાજકીય નથી. પારિવારીક મુદો છે. ભાજપની સ્થાપનાથી ક્ષત્રીય સમાજ તેમની સાથે જ રહેલો છે. ભાજપ તેમના કાર્યકર્તાઓને પણ સતત સુચનો અને ગાઈડલાઈન આપી અને લોકસભા બેઠકોમાં જવુ અને ક્ષત્રીય આગેવાનોને ભાજપનો સંદેશ વહેતો કરવાની પણ તાકીદ કરી ચૂકયુ છે. ઉપરાંત ભાજપ એવો પણ પ્રયાસ કરે છે કે, જે નિવેદન છે તેનાથી ભાજપ ખુદ પણ વ્યથિત છે અને તેથી જ સી આર પાટીલ પણ આ બાબતે માફી માંગી ચૂકયા છે. હર્ષ સંઘવી અને રત્નાકરજી દ્વારા પણ આ રોષને ડામવાની દીશામાં પ્રયાસો કરાયા છે તેમાં અલગ અલગ ૧૪ જેટલા મુદ્દાઓ પણ ધ્યાને રાખવામાં આવ્યા છે. ત્યોર હવે જાણકારો કહી રહ્યા છે કે શું સંવાદથી ભાજપ અને ક્ષત્રીય સમુદાય વચ્ચેના આ વિવાદનો અંત આવશે ખરો?

કયા ૧૦ મુદા પર સંઘવી-રત્નાકરજીએ યોજી બેઠકો..!

ગાંધીનગર :**૧** રૂપાલાના નિવેદનનું ભાજપ નથી કરી રહ્યુ બચાવ. **૨.** નિવેદનથી ભાજપનું શીર્ષ નેતૃત્વ પણ વ્યથિત છે **૩.** રૂપાલાએ માફી માંગ્યા બાદ પ્રદેશ અધ્યક્ષે પણ માફી માંગી **૪.** વિવાદનો અંત સંવાદપૂર્ણ વાતાવરણથી લાવો **૫.** ભાજપ માટે ક્ષત્રીય સમાજ પરીવારનો અભિન્ન અંગે છે **૬.** પક્ષના ક્ષત્રીય આગેવાનો ભાજપની લાગણી સમુદાય સુધી પહોંચાડે **૭.** કાર્યકર્તાઓને સીધો આદેશ : ૧૦૦૦ વાર માફી માંગવી પડે તો માંગો **૮.** ક્ષત્રીય સમાજના કાર્યકમોને રોકવાનો પ્રયાસ કરવો નહી **૯.** સંકલન સમીતી સાથે સરકાર અને ભાજપ સતત સંપર્કમાં **૧૦.** આંદોલન જમીનથી નહી-દિલથી સમટાય તે પ્રકારે સંવાદનો પ્રયાસ

ગુજરાતમાં ચૂંટણી ભંડોળ અને ખર્ચમાં પણ કોંગ્રેસને મોટા માર્જીનથી પાછળ રાખી દેતું ભાજપ

૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે રાજયમાંથી જ રૂા. ૨૦૦ કરોડનું ભંડોળ મેળવ્યું : દેશભરમાં નંબર - ૧

ગાંધીનગર : લોકસભા ચૂંટણીમાં પ્રત્યેક ઉમેદવાર રૂા. ૯૫ લાખ સુધીનો ચૂંટણી ખર્ચ કરી શકે છે પરંતુ રાજકીય પક્ષો માટે કોઈ ખર્ચ મર્યાદા નહીં હોવાનું ભરપુર લાભ ગુજરાતમાં ભાજપને મળી રહ્યો છે અને હાલમાં એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ દ્વારા અપાયેલા આંકડા મુજબ છેલ્લી બે ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો ઉપર કોંગ્રેસને પરાજીત કરી છે તેટલું જ નહીં ખર્ચ કરવામાં પણ ભાજપે કોંગ્રેસને મોટા માર્જીનથી પાછળ રાખી દીધી છે.

ચૂંટણી પંચ સમક્ષ રજુ થયેલા આંકડા મુજબ રાજયની બંને ચૂંટણીઓમાં ભાજપે ભંડોળ મેળવવામાં અને ખર્ચ કરવામાં કોંગ્રેસ ઉપર સરસાઈ સ્થાપી દીધી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે એકંદરે રૂા.૬૫.૮૮ કરોડ અને રૂા.૫૪.૩૪ કરોડનો ખર્ચ કર્યો હતો. જયારે કોંગ્રેસ પક્ષે ૨૦૧૪માં ફકત રૂા. ૧.૩૬ કરોડ અને ૨૦૧૯માં રૂા.૧.૪૮ કરોડનો ખર્ચ કર્યો હતો. જોકે ભંડોળ મેળવવામાં પણ ભાજપે કોંગ્રેસને પાછળ રાખી દીધી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં ૧૭૯.૬૬ કરોડનો ભંડોળ મેળવ્યો હતો. જયારે કોંગ્રેસ પક્ષે ફકત રૂા. ૨૦.૫૦ કરોડનું ભંડોળ મેળવ્યું હતું.

દેશભરમાં લોકસભા ચૂંટણીમાં ખર્ચમાં ૨૦૧૯માં ગુજરાતનો ખર્ચ ત્રીજા ક્રમે રહ્યો હતો. જોકે સૌથી વધુ ખર્ચ મહારાષ્ટ્ર રૂા. ૧૨૪.૩ કરોડ, ઓડીસમાં રૂા. ૬૮.૫૬ કરોડનો ખર્ચ રાજકીય પક્ષોએ કર્યો છે અને ૨૦૧૯ની ચૂંટણીમાં ગુજરાતમાંથી જ ભાજપ અને કોંગ્રેસ બંનેએ અંદાજે રૂા. ૨૦૦ કરોડથી વધુનો ભંડોળ મેળવ્યું હતું.જયારે મહારાષ્ટ્રમાંથી ૧૪૨.૬

અનુસંધાન પાના નં.૪ પર

કમલમમાં આંતરીક મોટી હલચલ : પાટીલ-રત્નાકરજીની હાઈકમાન્ડ સાથે બંધબારણે બેઠક શરૂ

ગાંધીનગર : લોકસભાની ચૂંટણીઓનો માહોલ ગરમાઈ ચૂકયો છે. પ્રથમ તબક્કાનુ મતદાન થવા પામી ગયુ છે અને બીજા તબક્કાનું કાલે મતદાન યોજાવવા પામી રહ્યું છે. આવામાં ગુજરાતમાં રાજકોટ બેઠકના ઉમેદવાર રૂપાલાનો વિવાદ પણ ભારે વકરી જવા પામ્યો છે. ભાજપના અનેક પ્રયાસો છતા પણ આ રોષ ઠરતો ન હોય તેવી સ્થિતી બની જવા પામી છે. રૂપાલાના નિવદનથી ઉભો થયેલો વિવાદ ન માત્ર ગુજરાત બલ્કે અન્ય રાજયોમાં પણ પક્ષને નુકસાન પહોચાડી શકે તેમ મનાય છે. આવામાં હવે ફરીથી હાઈકમાન્ડ એકશનમાં આવ્યુ છે અને આજ રોજ બપોરે ૧૧:૩૦ વાગ્યાથી ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ તથા રાષ્ટ્રીય

અનુસંધાન પાના નં.૪ પર

IIT-JEE મેન્સના રિઝલ્ટમાં ગુજરાતીઓએ ડંકો વગાડયો

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : JEE મેઇન સેશન-૨ ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૨૪મી એપ્રિલની મોડી રાત્રે JEE મેઇન ૨૦૨૪નું પરિણામ જાહેર કર્યું હતું. આ પરીક્ષામાં ૫૬ ઉમેદવારોએ ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે, જેમાંથી મોટાભાગના ઉમેદવારો તેલંગાણા રાજયના છે. JEEમેઇનમાં હાજર રહેલા ઉમેદવારો સત્તાવાર વેબસાઇટ jeemain. nta.ac.in પર તેમના પરિણામો ચકાસી શકે છે. કુલ ૫૬ ઉમેદવારોએ

અનુસંધાન પાના નં.૪ પર

ભારતીય વાયુસેનાનું વિમાન ક્રેશ

યુએવી એરક્રાફ્ટ રાજસ્થાનના પિથલા વિસ્તામાં તુટયુ : જાનમાલના નુકસાનના સમાચાર નહી

નવી દિલ્હી : ભારતીય વાયુસેના (IAF) UAV વિમાન રાજસ્થાનના જેસલમેરમાં ક્રેશ થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ટેકનિકલ ખામીના કારણે થઈ છે. વિમાન તેની નિયમિત ઉડાન પર હતું. આ દુર્ઘટનામાં કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી.

આ અકસ્માત જેસલમેરના પિથલા વિસ્તારમાં થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ વિમાન સરહદી વિસ્તારો પર નજર રાખી રહ્યું હતું.પોલીસ અધિક્ષક સુધીર ચૌધરીએ

અનુસંધાન પાના નં.૪ પર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેલંગાણામાં ભાજપા ઉમેદવારોના ચુનાવ પ્રચાર કરશે

ભૂપેન્દ્ર પટેલ જનસભા સંબોધશે

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે આજે તેલંગણા રાજયના પ્રવાસે ગયા છે.મુખ્યમંત્રી તેલંગણાની કરીમનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સંજયકુમાર બંદીના નામાંકન પત્ર ભરવા સમયે ઉપસ્થિત રહ્યા હતાં. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોર બાદ પોણા ત્રણ કલાકે કુરનુલ લોકસભા મતક્ષેત્રના ભાજપા ઉમેદવાર ભરત પ્રસાદજીના સમર્થનમાં ચૂંટણી પ્રચાર સભાને સંબોધન કરશે અને સાંજે ગાંધીનગર પરત આવશે.

પીએમ ગુજરાતમાં છ સભાઓ ગજવશે

ગાંધીનગર : લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ પ્રચાર પ્રસાર પણ તેજ બની જવા પામ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આગામી ૧ મેથી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેઓના પ્રચાર-પ્રવાસનો તખ્તો ઘડાઈ જવા પામ્યો છે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં છ જેટલી સભાઓ ગજવવવાના છે. તેમના આગમનના પગલે રાજયમાં અનેરા ઉત્સાહનો સંચરા થવા પામ્ય છે.

ભારતે અમેરિકાની નકલ કરવાની જરૂર નથી : ઈન્દ્રેશકુમાર

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) ના વરિષ્ઠ પ્રચારક અને મુસ્લિમ રાષ્ટ્રીય મંચ(મુસ્લિમ ઓર્ગેનાઈઝેશન)ના માર્ગદર્શક ઈન્દ્રેશ કુમારે કહ્યું છે કે, "જે લોકો મુસ્લિમ સમુદાયને મુસ્લિમ, ભાડુઆત કે પછી બહારના લોકો હોય તેમ કહે છે તેઓ ઉશ્કેરવાનું કામ કરી રહ્યા છે. મુસ્લિમો ન તો ભાડૂઆત હતા કે ન તો બહારના, પણ આ દેશના હતા. આપણા બધાના ડીએનએ સમાન છે."

ઈન્દ્રેશ કુમારે કહ્યું કે આ દેશના ૯૯ ટકા મુસ્લિમો અહીંના છે, તેમના પૂર્વજો અહીંના છે, તેમણે ભલે પોતાનો ધર્મ બદલ્યો હોય, પરંતુ તેઓ તેમના પૂર્વજો અને પરંપરાઓ સાથે એક છે. આ સાથે સ્પષ્ટતા પણ કરી કે આ દેશની સંપત્તિ પર મુસ્લિમો પોતાનો પ્રથમ અધિકાર નથી માનતા. તેમનું માનવું છે કે દેશના સંસાધનો પર દરેક ભારતીયનો અધિકાર છે. તેઓ રાજઘાટ ખાતે આવેલા ગાંધી દર્શનના સત્યાગ્રહ મંડપ ખાતે મુસ્લિમ રાષ્ટ્રીય મંચ દ્વારા આયોજિત ઈદ મિલન

અનુસંધાન પાના નં.૪ પર

ક્ષત્રિયોના વિરોધને ઠંડો પાડી શકશે રૂપાલા? શું પીએમ મોદીની લોકપ્રિયતા તેમની વ્હારે આવશે?

નવી દિલ્હી : રાજકોટ લાંબા સમયથી આરએસએસનો ગઢ અને ભાજપનો ગઢ રહ્યો છે. જો કે, જે સીટ ભાજપને સીધી જીત જેવી લાગતી હતી, તે હવે રાજયવ્યાપી વિરોધનું કેન્દ્ર બની ગઈ છે. ભાજપ ના નેતાઓ હવે રૂપાલાની જીભ લપસી ગયા બાદ ફાટી નીકળેલા ક્ષત્રિય રોષને ઉકેલવા માટે પોતાની તાકાત ખર્ચી રહ્યા છે.છેલ્લી ત્રણ રાષ્ટ્રીય ચૂંટણીઓમાં - ૨૦૦૯, ૨૦૧૪, ૨૦૧૯, ભાજપે બે વખત સીટ જીતી હતી જયારે કોંગ્રેસ એક વખત જીતી હતી.જો કે, કુંવરજી બાવળિયા, જેમણે ૨૦૦૯ માં કોંગ્રેસ માટે બેઠક જીતી હતી, તેમણે પાછળથી નિષ્ઠા બદલી નાખી હતી.

ભાજપના રાજકોટના ઉમેદવાર, પુરષોત્તમ રૂપાલા, એક પાટીદાર છે, એવા જે સમુદાયના સભ્ય છે કે જે રાજયમાં લગભગ ૨૫% મતદારો ધરાવે છે. રૂપાલાના પ્રચારની શરૂઆત રાજકોટમાં વહેલી શરૂ થઈ હતી અને ભાજપે ૫ લાખ મતોના માર્જિનથી જીતનો દાવો કરતાં જોરદાર ઝડપે આગળ વધ્યું હતું.

જો કે, ૨૨મી માર્ચે, રૂપાલાની ક્ષત્રિયો પરની ટિપ્પણીએ વળાંક લીધો હતો. રૂપાલાને બદલવા માટે ક્ષત્રિયોએ ભાજપ હાઈકમાન્ડને વિનંતી કરી હતી. જો કે, રૂપાલાએ ૧૬મી એપ્રિલે ઉમેદવારી નોંધાવી હતી, જે ૧૯મીએ સ્વીકારવામાં આવી હતી.

રૂપાલાને ભાજપની ટિકિટ પરથી હટાવવાની કોઈ આશા ગુમાવી દેતા હવે ક્ષત્રિયોએ ચૂંટણીમાં તેમની સામે જવાનું નક્કી કર્યું છે.કોંગ્રેસે કડવા પાટીદાર એવા રૂપાલાને પડકારવા માટે લેઉવા પાટીદાર સમુદાયમાંથી પરેશ ધાનાણીને ઉમેદવારી આપીને કાઉન્ટર કર્યું. નોંધપાત્ર રીતે, લેઉવા પાટીદારો પ્રદેશમાં પાટીદાર વસ્તીના આશરે ૮૦% હિસ્સો ધરાવે છે અને તેઓ પરંપરાગત મતદારો છે. વર્તમાન રાજકીય લેન્ડસ્કેપ સૂચવે છે કે ભાજપને ૮% ક્ષત્રિય અને આશરે ૨.૫% મુસ્લિમ મતદારોના નોંધપાત્ર ભાગ દ્વારા ક્રોસ વોટિંગનો સામનો કરવો પડી શકે છે. જો લેઉવા આ પાળીમાં જોડાય, તો તે ચૂંટણીના પરિણામોમાં નોંધપાત્ર ફેરફાર કરી શકે છે.સ્થાનિક સૂત્રો એ પણ કહે છે કે લેઉવાના યુવાનો સમુદાયના આદેશને ધ્યાનમાં લીધા વિના મોટાભાગે મોદીને ટેકો આપે છે. રૂપાલા માટે સ્થાનિક સ્તરે સહાનુભૂતિ પણ છે, જેમણે તેમની ક્ષત્રિય ટિપ્પણી માટે જાહેરમાં ત્રણ વખત માફી માંગી છે.મતદારોના મૂડનું ચોક્કસ અનુમાન લગાવવું મુશ્કેલ છે, પરંતુ આગામી ચૂંટણીમાં રાજકોટમાં લેઉવા અને કોળી સમાજની પસંદગી નિર્ણાયક બનવાની ધારણા છે.

સુનીતા વિલિયમ્સ ત્રીજીવાર અવકાશયાત્રા માટે સજ્જ

નવી દિલ્હી : ગુજરાતી મૂળની અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ૬ મેના રોજ તેની ત્રીજી અવકાશ યાત્રા પર જશે. તે બોઈંગના સ્ટારલાઈનર કેલિપ્સો મિશનનો ભાગ બનશે. અમેરિકી સ્પેસ એજન્સી નાસાના જણાવ્યા અનુસાર આ મિશન માટે ૨ વરિષ્ઠ વૈજ્ઞાનિકો બુચ વિલ્મોર અને સુનીતા વિલિયમ્સની પસંદગી કરવામાં આવી છે.હાલમાં, સુનિતા બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં ફ્રૂ ફ્લાઈટ ટેસ્ટ મિશન પાઈલટ તરીકે તાલીમ લઈ રહી છે. બોઈંગનું સ્ટારલાઈનર અવકાશયાન ૬ મેના રોજ રાત્રે ૧૦:૩૪ કલાકે એલાયન્સ એટલાસ વી રોકેટ પર લોન્ચ કરવામાં આવશે. આ મિશન માટે નાસાની મદદ લેવામાં આવી છે.બંને યાત્રીઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં બે સપ્તાહ સુધી રહેશે. આ માટેની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. વાસ્તવમાં, અગાઉ આ અવકાશયાન જુલાઈ ૨૦૨૨માં રવાના થવાનું હતું, પરંતુ કોરોના રોગચાળાને કારણે, તે એક વર્ષ માટે મોકૂફ રાખવામાં આવ્યું હતું.

તિકડમ !
- દેવેન વ્યાસ

કરીશું આપણે સૌ મતદાન, વધારીશું લોકશાહીની શાન !

રાહુલ અમેઠીથી તો પ્રિયંકા રાયબરેલીથી લડશે ચૂંટણી!

નવી દિલ્હી : દેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ શુક્રવારે મતદાન થવાનું છે. આ તબક્કા હેઠળ કેરળના વાયનાડમાં પણ મતદાન થવાનું છે. આ બેઠક પરથી રાહુલ ગાંધી ફરી એકવાર ચૂંટણી મેદાનમાં છે. અહીં તેમનો મુકાબલો કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ)ના નેતા એની રાજા સાથે થશે. પરંતુ આ સમય દરમિયાન તમામની નજર ઉત્તર પ્રદેશની બે હાઈપ્રોફાઈલ સીટો રાયબરેલી અને અમેઠી પર રહેશે. વાસ્તવમાં આ બંને સીટો માટે નોમિનેશન ૨૬ એપ્રિલથી શરૂ થશે. સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી અમેઠી અનેરાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સીટો પર ઉમેદવારીની જાહેરાત પહેલા પ્રિયંકા અને રાહુલ અયોધ્યા જઈને રામ લલ્લાના દર્શન કરી શકે છે. ૧લી મેના રોજ રાહુલ અને પ્રિયંકા ફોર્મ ભરે એવી શક્યતા છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા આ બંને બેઠકો પરથી ચૂંટણી લડી શકે તેવી પૂરી સંભાવના છે. જોકે, સૂત્રોનું કહેવું છે કે આ બંને બેઠકો અંગે ઔપચારિક જાહેરાત ૩૦ એપ્રિલ પહેલા કરવામાં આવશે નહીં. કોંગ્રેસના નેતાઓએ પણ

અનુસંધાન પાના નં.૪ પર

મધરાતે છત્તીસગઢની ધરા ધ્રુજી : લોકો ગભરાઈને ઘરની બહાર દોડી ગયા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : છત્તીસગઢના બસ્તર જિલ્લાના જગદલપુર સહિત વિવિધ વિસ્તારોમાં બુધવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા. ભૂકંપથી ગભરાયેલા લોકો ઘર છોડીને બહાર આવી ગયા હતા. બુધવારે રાત્રે છત્તીસગઢના બસ્તર જિલ્લાના જગદલપુર સહિત વિવિધ વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જગદલપુર શહેરના ઘણા વિસ્તારોમાં સવારે ૭.૫૮ અને ૮.૦૨ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપથી ગભરાયેલા લોકો ઘર છોડીને બહાર આવી ગયા હતા. લોકોએ જણાવ્યું કે ભૂકંપના આ આંચકા થોડીક સેકન્ડ માટે અનુભવાયા હતા. હવામાનશાસ્ત્રી એચપી ચંદ્રાએ પણ આ વાતની પુષ્ટિ કરી છે

કુંભાણીના ઘરે ચુસ્ત બંદોબસ્ત તૈનાત

સુરત : લોકસભાની ચૂંટણી પહેલા સુરતમાં હાઈવોલ્ટેજ રાજકિય ડ્રામા સર્જાયેલો છે. અહીના ઉમેદવાર નીલીશ કુંભાણીની સામે વિરોધ થઈ રહ્યો છે ત્યારે ગઈકાલે કેટલાક આગેવાનો દ્વારા અપાયેલી ચીમકીના પગલે સુરતમાં આજે તેના નિવાસસ્થાને કડક ચુસ્ત બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો છે. ગઈકાલે કુંભાણીના ઘર પર પ્રદર્શન કરવાનુ કેટલાક લોકોએ ચીમકી આપી હતી.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર વદ - ૨, તા.૨૫ એપ્રિલ, ગુરૂવાર

સુરતમાં ખેલા હોબે : કોંગ્રેસ બેભાન સાબિત, ભાજપની આભા બગાડી

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં સુરતમાં ખેલ પડી જવા પામ્યો છે. સુરતની બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા થવા પામી ગયા છે.સુરતની લોકસભાની બેઠકમાં મતદાન પૂર્વે જ ભાજપ વિજેતા જાહેર થઈ ગયો છે. આ પ્રતિષ્ઠિત બેઠક પર ચાલેલા સમગ્ર ખેલમાં કોંગ્રેસ બેભાન સાબિત થયો છે. ભાજપ ચૂંટણી જીતવા માત્ર ઉત્સાહિત જ નથી. મરણિયો બન્યો છે. કોઈપણ ભોગે ઇતિહાસ રચવાનો નશો ચઢયો છે. બીજીતરફ કોંગ્રેસ સક્ષમ-સજાગ રહેવાને બદલે માત્ર મીટીંગ અને ભાષણો કરતી રહી અને સુરત બેઠક નંદવાઈ ગઈ. ઉમેદવારના ટેકેદારો જ ખરા સમયે અલોપ થઈ ગયા. આ ટેકેદારો ઉમેદવારના સ્વજનો અને પાર્ટનર હતાં. આ ઘટનામાં કોંગ્રેસના નેતાઓ ભાજપ પર ખેલ પાડયાના આક્ષેપો કરે છે. પણ સવાલ એ થાય કે કોંગ્રેસ તેના સ્વજનો અને ખૂબ નજીકના લોકોને પણ સાચવી શકતી નથી. તો લોકોને કેમ સાચવશે ? કોંગ્રેસ ત્રેવડ અને હથિયાર વગર લડવા નીકળી પડી હોય તેમ લાગે છે. સુરતમાં જે કંઇ બન્યું તે અંગે અનુમાનો અને આક્ષેપોની આંધી ચાલે છે. ભાજપ સામે ઘણાં શંકાની નજરથી જુએ છે.જો કે આ રહસ્ય ઉકેલવા રિસર્ચ કરવું પડે. સમગ્ર ઘટનામાં ભાજપ નો હાથ હોય કે ન હોય, પરંતુ બિનહરીફ વિજેતા બન્યાનો ઇતિહાસ રચ્યા બાદ ગુજરાત ભાજપની આભા જરૂરથી બગડી છે. કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ પક્ષની આંતરિક બધડાટીના કારણે કદાચ રદ થયું હોય, ભાજપનો હાથ ન પણ હોય, પરંતુ ચર્ચાતી વિગતો મુજબ અન્ય પક્ષો તથા અપક્ષોએ ઉમેદવારી પાછી ખેંચી એ ઘટના ભાજપના ખેલ વગર બનવી સંભવ દેખાતી નથી.

ગુજરાતમાં ભાજપ અતિ મજબૂત પક્ષ છે. વિપક્ષ વેન્ટીલેટર પર જીવે છે. ભાજપ પાસે મોદીજી જેવું અતિ સ્ટ્રોંગ નેતૃત્વ છે. રામ મંદિર જેવા તીવ્રત્તમ મુદ્દ છે. માઇક્રો પ્લાનિંગવાળી રણનીતિ છે. વકતાઓ અને કાર્યકરોની ફોજ છે.આ શ્રેષ્ઠતમ સ્થિતિમાં પણ ચૂંટણી જીતવા પડદા પાછળ ખેલ કરવામાં આવે છે, એ ગુજરાત ભાજપની નાલેશી ન ગણાય? ગુજરાતમાં ત્રણ દાયકાથી ભાજપની સત્તા છે. ગુજરાતી નેતાઓ મોદી-શાહ કેન્દ્રમાં સર્વેસર્વા છે. ગુજરાત માટે આ સુવર્ણકાળ જેવો સમય છે. આ સ્થિતિમાં પણ ગુજરાત ભાજપનું નેતુ લોક-પ્રશ્નો ઉકેલી શકયું નથી. લોકલ ભાજપીઓના કારણે મોદીજીની આભા બગડી છે. આ માહોલમાં રાજકીય ઇતિહાસ રચવા ભાજપી ઓ મેદાનને બદલે પડદા પાછળ સક્રિય બન્યા હોવાનું લાગે છે. રાજયને સકારાત્મક શાસન આપવાનો પ્રયોગ થયો હોત તો પડદા પાછળ ખેલ કરવાની જરૂર ન પડત. સુરતની ઘટનાથી ભાજપની આભા બગડી છે તે ચોકકસથી જોવાઈ રહ્યું છે.

કલેકટરના અધ્યક્ષસ્થાને જનરલ, ખર્ચ અને પોલીસ ઓબ્ઝર્વર સાથે બેઠક યોજાઈ

ભુજ : જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લામાં લોકસભા ચૂંટણીને લઈને જનરલ, ખર્ચ અને પોલીસ ઓબ્ઝર્વર સાથે બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરાએ ઓબ્ઝર્વર અધિકારીઓને પ્રેઝન્ટેશન દ્વારા કચ્છ મોરબી લોકસભા બેઠકની ચૂંટણી અંતર્ગત કરવામાં આવેલી તમામ તૈયારીઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી માટે નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસર જેવા કે મેનપાવર મેનેજમેન્ટ, ઈવીએમ - વીવીપેટ મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, ટ્રેનિંગ મેનેજમેન્ટ, મટીરીયલ મેનેજમેન્ટ, એમસીસી ઈમ્પ્લીમેન્ટેશન, એક્ષપેન્ડીચર મોનિટરિંગ, સ્વીપ, બેલેટ પેપર, મીડિયા મેનેજમેન્ટ, સોશિયલ મીડિયા, હેલ્પલાઈન અને ફરિયાદ, કોમ્યુનિકેશન, સ્ટાફ વેલફેર, માઈગ્રેટોરી વોટર્સ અને પીડબલ્યુડી અધિકારીઓની કામગીરીથી વાકેફ કરાવ્યા હતા.

મતદાર જાગૃતિ ઝુંબેશ અભિયાન વિશે પણ ઓબ્ઝર્વરોને માહિતીગાર કરવામાં આવ્યા હતા. જિલ્લાના પોલીસ અધિક્ષકોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ ચૂંટણી માટે વિવિધ બંદોબસ્ત, કાયદો વ્યવસ્થા જાળવવા લેવામાં આવેલા વિશેષ પગલાઓ વિશે માહિતી આપી હતી. આ ઉપ રાંત કચ્છ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ વિશે પણ જિલ્લા ચૂંટણી અધિકારીએ તમામ ઉપસ્થિત અધિકારીઓને અવગત કરાવ્યા હતા. ઓબ્ઝર્વર અધિકારીઓએ કચ્છ જિલ્લામાં ચૂંટણી માટે થઈ રહેલી તૈયારી અને વ્યવસ્થા, સુરક્ષા અંગેની વિગતવાર માહિતી મેળવી હતી, જેમાં ખાસ કરીને જિલ્લાની પ્રોફાઈલ, મતદારોની સંખ્યા, પોલિંગ સ્ટેશન, સ્ટ્રોંગ રૂમ, ક્રિટિકલ મતદાન મથકો, ચૂંટણીને લગતી સંબંધિત કામગીરીઓના દૈનિક રિપોર્ટની વિગતો વિશે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કચ્છમાં નિયુક્ત તમામ ઓબ્ઝર્વરનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જનરલ ઓબ્ઝર્વર અમર કુશવ્હા અને બચનેશ કુમાર અગ્રવાલ, પોલીસ ઓબ્ઝર્વર સુનીલ કુમાર મીના તેમજ ખર્ચ ઓબ્ઝર્વર કે. અશોકકુમાર અને પ્રસન્ના પ્રમોદ દાતાર, નોડલ ઓફિસર એક્સપેન્ડીચર મોનિટરીંગ અને જિલ્લા વિકાસ અધિકારી એસ. કે. પ્રજાપતિ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર, નોડલ ઓફિસર મેનપાવર મેનેજમેન્ટ અને નિવાસી અધિક કલેક્ટર મિતેશ પંડ્યા, તાલીમી મદદનીશ કલેક્ટર ઈ. સુસ્મિતા, આદર્શ આચાર સંહિતા અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી નિકુંજ પરીખ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈ, સર્વે મદદનીશ ચૂંટણી અધિકારીઓ સહિત વિવિધ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભુજના ખુલ્લા વંડાની ઝાડીમાં લાગી આગ

ભુજ : શહેરના ગીતા માર્કેટ પાસે આવેલા ખુલ્લા વંડામાં આગ લાગી હતી. આ અંગે મળતી વિગતો મુજબ ગઈકાલે સાંજે ૭:૫૧ કલાકે ફાયર ઓફિસર સચિન બી. પરમારને કોલ આવ્યો હતો કે, શહેરના ગીતા માર્કેટની બાજુમાં ખુલ્લા વંડામાં ઝાડી - ઝાખરામાં આગ લાગી છે. જેથી ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગનુ કાબૂમાં લેવા માટે ભુજ ફાયરના પ્રદીપ ચાવડા, સોમ ગોસ્વામી, કરણ જોશી જોડાયા હતા.

મતદાન કરનારને ડિસ્કાઉન્ટ આપવા જિલ્લાના વેપારીઓ-સંસ્થાઓ સાથે બેઠક યોજાઈ

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સમગ્ર રાજ્યમાં મતદાનની ટકાવારી ઊંચી આવે તેવા હેતુસર ૧૫ દિવસીય સઘન કાર્યક્રમને અમલમાં મૂકવામાં આવ્યો છે, જે અંતર્ગત ઇલેક્શનના આગળના દિવસ દ્ઇ મે સુધી દરરોજ અલગ-અલગ પ્રવૃત્તિઓ કરવાનું આયોજન છે, જેમાં ૨૩મી એપ્રિલે સમગ્ર જિલ્લામાં અવસર ડિસ્કાઉન્ટ બાબતે જિલ્લાના મોટા શહેરો અને તાલુકાઓમાં વેપારીઓ, સંસ્થાઓ, મોલ માલિકો સાથે બેઠકો યોજવામાં આવી હતી. ૧૫ દિવસીય સઘન કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં ટીઆઈપી અને સ્વીપ હેઠળ અવસર ડિસ્કાઉન્ટ બાબતે જિલ્લાના વેપારીઓ, સંસ્થાઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તા.૭મી મે ના મતદાનના દિવસે મતદાન કરનાર મતદાતાઓને આવા વેપારીઓ દ્વારા અવસર ડિસ્કાઉન્ટ હેઠળ ૭ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ખરીદી કે સર્વિસ ઉપર આપવા વેપારીઓને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગ્રહ કરવામાં આવ્યો હતો, જેમાં સમગ્ર જિલ્લામાંથી કુલ ૭૦ ઉપરાંત વેપારીઓ દ્વારા અવસર ડિસ્કાઉન્ટની ઝૂંબેશમાં સહભાગી થવાની અને લોકશાહીમાં પોતાનું યોગદાન આપવાની તત્પરતા બતાવી હતી. અવસર ડિસ્કાઉન્ટ બાબતે સમગ્ર જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ૧૦ જેટલી બેઠકોનું આયોજન કરાયું હતું, જેમાં કુલ ૨૩૯ કરતા પણ વધુ વેપારી મિત્રો જોડાયા હતા અને ૭૦ કરતાંય વધુ વેપારી મિત્રો દ્વારા લોકશાહીના યજ્ઞમાં મતરૂપી આહુતિ આપનાર ગ્રાહકોને ડિસ્કાઉન્ટ આપવા ખરીદી કે સેવા ઉપર સહમતી દર્શાવી હતી. જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી અમિત અરોરા, સ્વીપ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. પ્રજાપતિ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈ, તમામ તાલુકા વિકાસ અધિકારીઓ, ટીઆઈપી નોડલ અધિકારી બી.એમ. વાઘેલા અને તેમની સમગ્ર ટીમ દ્વારા આ કાર્યક્રમના આયોજન અને સંકલન બાબતે જહેમત ઉઠાવવામાં આવી હતી.



મતદાન એ મજબૂત, સમૃદ્ધ અને સમાન ભારત તરફનું એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

કચ્છ ઉદય પરિવાર દ્વારા અપીલ

બિબ્બર ખાતે મતદાન જાગૃતિ પ્રવૃત્તિ કરાઈ

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શનમાં કચ્છ જિલ્લામાં સ્વીપ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. કચ્છમા મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતુ કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકો તેમજ તેમના સ્ટાફ દ્વારા ડોર ટૂ ડોર જઈને મતદાન જાગૃતિ માટે પ્રયાસો થઈ રહ્યા છે. ઠેરઠેર ચુનાવી પાઠશાળાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે બિબ્બર ખાતે ચુનાવી પાઠશાળા અંતર્ગત વાલીઓ અને સ્ટાફને મતદાન જાગૃતિ માટે સમજણ આપવામાં આવી હતી. ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદારોને મતદાનનું મહત્વ સમજાવીને ચૂંટણી પંચ દ્વારા લોન્ચ કરવામાં આવેલી વિવિધ મોબાઈલ એપ્લિકેશન વિશે સૌ નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ચેક બાઉન્સના કેસમાં આરોપીને ૧૮ માસની કેદની સજા

ગાંધીધામ : ચેક બાઉન્સના કેસમાં આરોપીને ૧૮ માસની કેદની સજા ફરમાવાઈ હતી. આ કેસની હકીકતો એવી છે કે, આ કામના ફરીયારી ક્રિષ્ના પેટ્રોલીયમ, આદિપુર વાળા કે જે આદિપુર મધ્યે પેટ્રોલ પંપ ધરાવે છે તેઓ પાસેથી આરોપી કિશનગર અનુપગર ગુંસાઈ કે જેઓ એમ કે, લોજીસ્ટીકના પ્રોપરાઈટર છે તેઓ અવાર નવાર ફરીયાદી પાસેથી ડીઝલની ખરીદી કરતા હોઈ આરોપીને આર્થીક સંકડામણ ઉભી થતા ફરીયાદી પાસેથી રૂા. ૯,૫૦,૦૦૦/- હાથઉછીના લીધેલ હતા અને તે રકમની પુનઃ ચુકવણી માટે આરોપીએ ફરીયાદીને રૂા. ૯,૫૦,૦૦૦/- નો એમ. કે. લોજીસ્ટીક પેઢીના ખાતાનો ચેક પોતે પ્રોપ રાઈટર તરીકે સહી કરી અને ફરીયાદીને આપેલ હતો. જે ચેક ફરીયાદીએ ચુકવણા અર્થે બેકમાં રજુ કરતા સદરહુ ચિક "અપુરતા ભંડોળ"ના કારણસર પરત ફરતા ફરીયાદીએ પોતાના વકીલશ્રી દિનેશભાઈ જોબનપુત્રા મારફતે માંગણા નોટીસ ઈશ્યુ કરી ચેકની રકમની માંગણી કરેલ હોવા છંતા આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ ન હોઈ જેથી ફરીયાદીએ નામદાર કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - ૧૩૮ સાથે વાંચતા કલમ ૧૪૨ તળે ફરીયાદ દાખલ કરેલ જે કેસ નામદાર અધિક ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબ, ગાંધીધામની કોર્ટમાં ચાલેલ અને નામદાર અધિક ચીફ જયુડી. મેજી. શ્રી એમ. બી. પરમાર સાહેબે ફરીયાદીની ફરીયાદ અને મૌખીક તથા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ અને ફરીયાદીના વકીલશ્રી દિનેશભાઈ જોબનપુત્રાની દલીલો અને નામદાર સુપ્રીમ કોર્ટ અને વેવિધ હાઈકોર્ટના જજમેન્ટસને ધ્યાનમાં લઈ આરોપી સામેનો કેસ સાબીત માની આરોપી કિશનગર અનુપગર ગુંસાઈ, રહે. અંતરજાળ, તા.ગાંધીધામ વાળાને ૧૮ માસની સાદી કેદ તથા ચેકની ડબલ રકમ રૂા. ૧૯,૦૦,૦૦૦/- ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલ છે અને જ વળતરની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૩૦ દિવસની સાદી કેદની સજાનો ધાક બેસાળતો ચુકાદો આપેલ છે. આ કામે ફરીયાદી તરફે વકીલ શ્રી દિનેશ જોબનપુત્રા, સતીષ ચૌધરી, કલ્પેશ પુજારા તથા પ્રતીક વ્યાસ હાજર રહ્યા હતા.

આજે વિશ્વ મેલેરિયા દિવસ

વૈજ્ઞાનિકોને મેલેરિયાની રસી શોધવામાં મળી સફળતા

અદાણી મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસીન ક્ષેત્રના પ્રાધ્યાપકોએ આપી માહિતી

ભુજ : મેલેરિયા માનવ જાતિ સાથે જોડાયેલો પ્રાચીન રોગ છે. મેડિકલ સાયન્સના પ્રભાવ હેઠળ વૈજ્ઞાનિકોને મેલેરિયાની રસી શોધવામાં સફળતા મળી મળી છે અને તેના સકારાત્મક પરિણામો પણ મળ્યા છે. અદાણી મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસિન વિભાગના હેડ અને પ્રોફેસર ડો. શ્રેયસ મહેતા તેમજ એસો. પ્રોફેસર ડો. નિરવ નિમાવતે કહ્યું કે આર૨૧ મેટ્રિક્સ એમ વેક્સિન શોધાઈ છે જેને વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ માન્ય રાખી છે જેને સલામત માનવામાં આવે છે જે આગામી દિવસોમાં મેલેરીયા ચેન્જર સાબિત થાય તેવા પૂરા નિર્દેશો મળી રહ્યા છે. તેના પ્રયોગો દક્ષિણ આફ્રિકામાં સ્થાયી રૂપે કાર્યાન્વિત છે. રસીની શોધ પછી વર્ષ ૨૦૨૪ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ડબલ્યુએચઓ થીમ આપીને કહ્યું છે કે, મેલેરિયા સામેની લડત પૂરા જોશથી વધારાશે અને સમાજને સક્ષમ બનાવાશે. શરીર પૂરું ઢંકાય તેવા કપડાં પહેરવા તેમજ મચ્છરદાનીનો ઉપયોગ કરવામાં આવેતો તો મચ્છર કરડવાનો અવકાશ રહેતો નથી.ઘર અને આસપાસ પાણીનો ભરાવો ટાળવો કારણકે પાણીમાં જ મચ્છરનો વિકાસ થાય છે. સ્વચ્છતા પણ એટલીજ આવશ્યક છે. મેલેરિયા થાય તો ઠંડી સાથે તાવ આવે, માથું દુખે, ઉલ્ટી થાય તો તુરંત તપાસ કરાવી કારણકે મેલેરિયાના ઘાતક પ્રકાર પણ છે. સેરિબ્રલ મેલેરિયા ઘણી વખત મૃત્યુનું કારણ પણ બની શકે છે. ડબલ્યુએચઓના છેલ્લા અહેવાલ પ્રમાણે વિશ્વમાં ૨૪ કરોડથી વધુ લોકોને મેલેરિયા થયો અને ૬ લાખનું મૃત્યુ નિપજયું હતું. જોકે, ભારતમાં મેલેરિયાના કેસ મૃત્યુનું પ્રમાણ ઓછું થયુંછે. ભારતમાં મેલેરિયાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટયું છે અને ભારતે વર્ષ ૨૦૨૭ સુધીમાં મેલેરિયા દૂર કરવા એક રાષ્ટ્રીય પ્લાન પણ ઘડ્યો છે.

સુખપરમાં બુલેટ અને કારમાં આગ લગાડી સવા લાખનું નુકસાન

ભુજ : તાલુકાના સુખપર ગામે જુનાવાસમાં પટેલ સમાજવાડીની પાછળ લાલજીભાઈ દેવશીભાઈ ભુડિયાના મકાનમાં રાખેલી બુલેટ અને ઘર બહાર રહેલી ગાડીમાં આગ લગાવી નુકસાન કરવામાં આવતા ફરિયાદ થઈ છે. માનકૂવા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે કોઈ ઈસમે રાતના અઢી વાગ્યાના અરસામાં લાલજીભાઈના ઘરે ઘૂસી ડેલામાં પ્રવેશ કરી બુલેટ બાઈકમાં આગ લગાવી હતી. તેમજ ઘર બહાર બ્રેઝા ગાડીનો કાચ ધારિયાથી તોડી દિવાસળીથી આગ લગાડી કુલ ૧.૨૫ લાખનું નુકસાન કરવામાં આવ્યું હતું. રાતના સમયે કોઈ શખ્સ બનાવને અંજામ આપી ભાગી જતા સ્થાનિકોમાં પણ ચિંતા ફેલાઈ હતી.

વાંકી નજીક પગપાળા જતા ત્રણ મહિલાને બાઈકે ટક્કર મારતા ઈજા

ભુજ : આગામી સમયમાં અબડાસા તાલુકાના ગુડથર મતિયાદેવ ખાતે મેળો યોજવાનો હોઈ માર્ગો પર પગપાળા પદયાત્રીઓ જઈ રહ્યા છે ત્યારે વાંકી પાસે પગપાળા જતા પદયાત્રી મહિલાઓને બાઈક ચાલકે ટક્કર મારતા ઈજાઓ થવા પામી હતી. મુન્દ્રામાં રહેતા નિશાબેન અશોકભાઈ મહેશ્વરીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે મતિયાદેવના મેળામાં પગપાળા જવા માટે સાંજે નિકળ્યા બાદ રાતે વાંકીથી ટપ્પર વચ્ચેના માર્ગે પહોંચ્યા હતા. જ્યાં પૂરપાટ આવતી બાઈકના ચાલકે ટક્કર મારતા ફરિયાદી તેમજ સાહેદ રમીલાબેન અને ભાવનાબેનને ટક્કર મારતા બન્ને જણા પડી ગયા હતા. જેમાં માથાના ભાટે ટાંકા સહિત અસ્થિભંગની ઈજાઓ થવા પામી હતી. બાઈક ચાલક ટપ્પરના જયેન્દ્રસિંહ તફુભા જાડેજા સામે પ્રાગપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આદિપુર, દબડા અને માધાપરમાંથી સગીરાનું અપહરણ

ભુજ : જિલ્લામાં ત્રણ સ્થળોએ સગીરાના અપહરણની ઘટના સામે આવી છે. આદિપુરના વોર્ડ નં.૫/બી વિસ્તારમાં રહેતા પરપ્રાંતિય પરિવારની ૧૬ વર્ષિય દીકરીનું શકદાર પુષ્કર રાજન ઠાકુરી શાહી નામનો શખ્સ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી જતા આદિપુર પોલીસમાં ફરિયાદ થઈ છે, જ્યારે અંજારના દબડા વાડી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની બે સગી બહેનોનું અપહરણ થયું હતું. કોઈ અજાણ્યો શખ્સ ૧૬ અને ૧૪ વર્ષિય સગીરાને કાયદેસરના વાલીપણામાંથી ભગાડી જતા અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે ભુજના માધાપર નવાવાસમાં રહેતા પરપ્રાંતિય પરિવારની ૧૫ વર્ષિય સગીરાનું શકદાર સચિન ગોધકિયા નામના શખ્સે અપહરણ કરતા પોલીસે ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરી છે.

સાસુને મરવા મજબુર કરનાર વહુ અને તેના ભાઈઓને નિર્દોષ છોડી મુકતી અંજારની સેસન્સ અદાલત

ગાંધીધામ : સાસુને મરવા મજબુર કરવાના કેસમાં વહુ અને તેના ભાઈઓને અંજારની સેસન્સ અદાલતે નિર્દોષ છોડી મૂક્યા હતા.

આ બનાવની ટુંકમા હકીકત એવી છે કે,ફરીયાદી નામે નરેશ નારણભાઈ મહેશ્વરીએ ગઈ તા. ૧૧/૧૧/૨૦૧૨ ના રોજ અંજાર પોલીસ સ્ટેશનમા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર ૩૯૯/૧૨ થી આઈ.પી.સી.ની કલમ ૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબની ફરીયાદ નોધાવેલ જે ફરીયાદની ટુંકમા હકીકત એવી છે કે, ગઈ તા. ૨૩/૧૧/૨૦૧૨ ના સેજ રાત્રીના આશરે સાળા અગીયારેક વાગ્યાના અરસામા મારા ભાઈ રવિ ના સાળાઓ નામે ૧) વાલજી નારણ બારા ૨) જગદીશ નારાણ બારાઓ આવેલ હતા. અને મારા ભાઈની પત્નિએ તેમના ભાઈઓને બોલાવેલ અને પોતાને આ લોકો એટલે માયાબેનને મારકુટ કરીએ છીએ. તે રીતે ખોટી રીતે બોલાવી અને તેમના ભાઈઓને ચડામણી કરી જેથી આ ત્રણેય જણા મારી માંતાને એકદમ દબાવવા લાગેલ અને જેમ તેમ બોલતા હતા. અને તેઓએ કહેલ કે મારી બહેન માયાબેનને તમો ત્રાસ આપશો તો તમોને તથા તમારા છોકરાને જાનથી મારી નાખશું તે પછી આ બન્ને જણાઓ આશરે એકાદ વાગ્યાના અરસામા પરત પોતાના ગામ ઉમરગઢ નખત્રાણા મધ્યે ચાલ્યા ગયેલ. અને તે પછી મારી માતા સુમનબેન ને આ લોક ધમકી આપતા મારી માતાને લાગી આવતા મને તેમણે કહેલ કે, આ લોકો માથાભારે માણસો છે. તમને મારી નાખશે તે મે તથા મારા ભાઈએ સમજાવેલ કે એવુ કાંઈ નથી ચિંતા ન કરો તેમ કહીને અમો વહેલી સવારે બન્ને ભાઈઓ સવારના આઠેક વાગ્યાના અરસમા મજુરી કામ કરવા જતા રહેલ અને આશરે બપોરના બારેક વાગ્યાના અરસામા સમયે મારી પત્નિ ભગવતીબેને મને ફોનથી જાણ કરેલ કે આપણી માં એ ઝેરી દવા પી લીધેલ છે. અને હુ તથા દેવજી મહેશ્વરી તેમને સારવાર અર્થે સાંઈ હોસ્પીટલ અંજારમા લઈ જઈએ છીએ. અને તમો પણ ત્યા આવો જેથી હું મારા ભાઈ રવિને પણ જાણ કરવા અમો બન્ને સાઈ હોસ્પીટલ પહોચી ગયેલ ત્યા સારવાર દરમ્યાન મારીમાં અવશાન પામેલ. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદના કામે આરોપીઓનામે જગદનારણ બારા, વાલજી નારણ બારા, માયાબેન ઉર્ફે મમુબેન રવિભાઈ મહેશ્વરની ધરપકડ કરવામા આવેલ તપાસ દરમ્યાન આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુ ગદીશ આવતા નામદાર અધિક ચીફ જયુ.મેજી.ની કોર્ટ અંજારમા ચાર્જશીટ રજુ પુરાવા મળી કરવામા આવેલ અને આ કેશની ટ્રાયલ ચલાવવાની સતા નામદાર શ્રી સેસન્સ જજ સાહેબની કોર્ટ અંજારને સતા હોઈ જેથી સદરહુ કેશ નામદાર અધિક સેસન્સ સાહેબની કોર્ટ અંજારમા સે.કે.નં. ૩૮/૨૦૧૭ થી નોંધવામા આવેલ અને આરોપીએ ગુન્હો કબુલ ન હોતા આરોપીઓ વિરૂધ્ધ હોમતનામુ ઘડવામા આવેલ આરોપીઓએ પોતાને કેશમા બચાવ કરવા સારૂ ગાંધીધામના યુવા ધારાશાસ્ત્રી પ્રવિણકુમાર એ. રવાણીને રોકેલ સદર કેશની ટ્રાયલ નામદાર શ્રી અધિક સેસન્સ જજ સાહેબની કોર્ટ અંજારમા ચલાવવામા આવેલ અને સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેશ પુરવાર કરવા માટે સાક્ષીઓ તપાસવામા આવેલ જેમા ડો.સાહેબ, એકઝીકયેટીવ મામલતદાર સાહેબ તેમજ પોલીસ સાહેદ તેમજ તપાસ અધિકારી મળી કુલે ૧૯ શાહેદો તેમજ ૨૩ જેટલા દસ્તાવેજી આધારો રજુ કરવામા આવેલ અને શાહેદોની ઉલટ તપાસ એડવોકેટ શ્રી પ્રવિણકુમાર એ.રવાણી દ્વારા કરવામા આવેલ અને ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદી તેમજ પોલીસ શાહેદ તેમજ તપાસ કરનાર અધિકારી ટુટી પડેલ હતા તેમજ બચાવ પક્ષે એડવોકેટ પી.એ.રવાણી તરફથી કરવામા આવેલ ધારદાર દલીલોને માન્ય રાખીને નામદાર શ્રી અધિક સેસન્સ જજ સાહેબની કોર્ટે અંજારના તે કે.કે. શુકલા સાહબેનાઓએ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ હતો.

૨૧ વર્ષથી નીચેના યુવક અને ૧૮ વર્ષથી નીચેની યુવતીનાં લગ્ન કરવા ફોજદારી ગુનો

ભુજ : હિંદુ પરંપરા મુજબ તા.૧૦/૫ના અક્ષયતૃતિયાને લગ્ન માટે શુભ દિવસ માનવામાં આવે છે અને આ દિવસે ખૂબ મોટા પ્રમાણે લગ્નો થતા હોય છે તેમજ સમૂહલગ્નોનું પણ આયોજન થતું હોય છે. આ સમયમાં બાળલગ્નો થવાની સંભાવના રહેલી હોય છે, તેથી તેની જાણકારી જિલ્લા બાળ સુરક્ષા એકમ અથવા પોલીસને મળે તો આવાં બાળલગ્ન અટકાવવામાં આવે છે. જેથી લગ્ન નક્કી થાય તે પહેલાં જ વર-કન્યાની ઉમરની ચકાસણી કરી લેવામાં આવે તો બાળલગ્ન અંગેના કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેવો અનુરોધ તંત્ર દ્વારા કરવામાં આવે છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ ૨૧ વર્ષથી નીચેનો યુવક અને ૧૮ વર્ષથી નીચેની યુવતીનાં લગ્ન કરવાં, કરાવવાં કે આવાં લગ્ન કરવામાં મદદગારી કરવીએ ફોજદારી ગુનો બને છે. જો આવાં લગ્ન કરાવવામાં આવે તો વર-કન્યાનાં માતા પિતા, વર અનેકન્યામાંથી જે પુખ્ત વયનું હોય તે અને લગ્ન કરાવનાર ગોર મહારાજ તેમજ કેટરર્સ, મંડપ સર્વિસવાળા,ડી. જે.વાળા,બેન્ડવાળા, ફોટોગ્રાફર અને વિડિયોગ્રાફર વગેરે મદદગારી કરનાર તમામ ઈસમો સામે ફોજદારી ગુનો બને છે. આ કાયદા હેઠળ રૂ. એક લાખ સુધીનો દંડ અને વધુમાં વધુ બે વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ છે. જો કોઈ બાળલગ્નો થતા હોય તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશને અથવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી, સરકારી અંધશાળા, નાગરીક સોસાયટીની પાસે, ભુજ-કચ્છ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, ૪૦૧ બહુમાળી ભવન, ભુજ-કચ્છને તેમજ "અભયમ" મહીલા હેલ્પ લાઈન ૧૮૧, ચાઈલ્ડ લાઈન ૧૦૮૮ અને ૧૦૦ નંબર પણ જાણ કરવા જણાવાયું છે. આ અ

માંડવી ક્ષેત્રમાં ભાજપે ભ્રષ્ટાચાર સિવાય કંઈ જ કર્યું નથી : નિતેશભાઈ લાલણ

લોકસભાના કોંગ્રેસના ઉમેદવારે તલવાણા, ગઢશીશા જિલ્લા પંચાયતનો પ્રવાસ ખેડ્યો

ભુજ : કચ્છ જિલ્લામાં કોંગ્રેસ પક્ષના લોકસભાના ઉમેદવાર નિતેષ લાલણના પ્રચાર ઝુંબેશમાં માંડવીની પ્રજામાં ખૂબજ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માંડવી તાલુકા - શહેરની ગ્રામ્ય તથા શહેરી પ્રજા ભાજપના ભ્રષ્ટ અને અણઘડ વહિવટથી ત્રાહિમામ પોકારી ઉઠી છે. કોંગ્રેસે પણ આયોજનબદ્ધ રીતે પ્રજાની વચ્ચે જઈ ભાજપની પ્રજા વિરોધી નીતિનો પર્દાફાશ કરી રહી છે. કોંગ્રેસ પક્ષના જિલ્લા પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાની ટીમ કોંગ્રેસ દ્વારા લોકસભા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર નિતેશભાઈ લાલણના પ્રચારમાં માંડવી તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખેરાજ ગઢવી, માંડવી તા.પં. વિપક્ષી નેતા અરવિંદસિંહ જાડેજા, અકબરભાઈ મંધરા, હાજી સલીમભાઈ જત, હાજી ભોલુ શેઠ, દશરથસિંહ જાડેજા, આમ આદમી પાર્ટીના સંજય બાપટ, આંદોલનકારી નેતા લખન ધુવા, મયુર બડિયા વગેરે આગેવાનોએ તલવાણા, ગઢશીશા જિલ્લા પંચાયતના મોટા આસંબિયા, દરશડી, રામપર, વિરાણી નાની, શેરડી, ગઢશીશા, મઉ મોટી, બાયડ, બાડા ગામોનો પ્રવાસ ખેડ્યો હતો, જેમાં ઉમેદવારને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ પ્રવાસ દરમ્યાન આગેવાનોએ ભાજપની કેન્દ્ર તથા રાજ્યની પ્રજા વિરોધી નીતિ-રીતીથી પ્રજા ત્રાસી ગઈ છે. માંડવી ક્ષેત્રમાં ભાજપના નેતાઓએ બેફામ ભ્રષ્ટાચાર સિવાય કંઈ જ કર્યું નથી. પ્રજામાં ભારે આક્રોશ છે. પરિવર્તન લાવવાના મૂડમાં પ્રજા મતદાનની રાહ જોઈ બેઠી છે. ઉપરાંત આરોગ્ય - શિક્ષણના મુદ્દે સદંતર નિષ્ફળ ભાજપની નેતાગીરીને ઘેર બેસાડવાનો સમય પાકી ગયો છે અને ઉમેદવાર નિતેશ લાલણ સ્વચ્છ પ્રતિભા ધરાવતા યુવા - નિષ્ઠાવાન ઉમેદવાર છે અને ચૂંટાયા બાદ માંડવી પંથકના વિકાસ અને ગ્રાન્ટો આપવામાં ભાજપની જેમ ભેદભાવ નહીં કરે તેવી ખાતરી સૌ આગેવાનોએ એકસૂરમાં આપી હતી. આ પ્રવાસ દરમ્યાન ઉમેદવારનું ઢોલ-ફુલહાર અને શાલથી ઠેર-ઠેર સ્વાગત કરાયું હતું.

આ પ્રવાસ દરમ્યાન આગેવાનો કલ્પનાબેન જોષી, હાજી સલીમ જત, પન્નાભાઈ રબારી, રસીકબા જાડેજા, માવજીભાઈ મહેશ્વરી (માપર), શિવજીભાઈ મહેશ્વરી, જવેરબેન રૂપાણી, રૂકશાના કુરેશી, રઘુવીરસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, વનીતાબેન મહેશ્વરી, આસીફ સુમરા, અનવવરભાઈ ભટ્ટી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા એવું જિલ્લા મીડિયા કો-ઓર્ડિનેટર ગનીભાઈ કુંભાર અને ઘનશ્યામસિંહ ભાટીએ જણાવ્યું હતું.

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ પૂ. નમ્રમુનિ મ.સા.ની નિશ્રામાં

ઐતિહાસિક ૧૦૦૮ આયંબિલના પારણાંનો મહા તપોત્સવ એવમ્ દીક્ષા મહોત્સવ

સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં પરમ સૌમ્યાજી મહાસતીજીના ઐતિહાસિક તપનો સુવર્ણમય ઈતિહાસ આલેખાશે

માધાપર : મનુષ્ય ભવમાં ઈન્દ્રિયો પર કાબુ મેળવવો ખુબ કઠીન છે. ત્યારે જૈન શાસ્ત્રોમાં જીભ યાને કી રસાસ્વાદ પર કાબૂ મેળવી આ અણમોલ માનવ ભવને સાર્થક કરવા તપ ધર્મનું પાલન કરવા ફરમાવેલ છે. તેમાં પણ કેટલીક તપારાધનાઓ કોઈક વીરલ આત્માઓ જ સાર્થક કરવા સમર્થ બને છે અને ત્યારે સમગ્ર સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં સૌ પ્રથમવાર અને ઐતિહાસીક કહી શકાય એવી શિખરબંધી તપારાધના રાષ્ટ્ર સંત પૂ.શ્રી નમ્રમુનિ મ.સા.ના શિષ્યા મહાતપસ્વી પૂ. પરમ સૌમ્યાજી મહાસતીજીએ સાર્થક કરી છે.

પૂ.શ્રીએ આહારમાં તમામ વિગયોના ત્યાગ સાથે કરવામાં આવતા આયંબિલ તપની સળંગ ૯૯૯ દિવસના આયંબિલ તપના લક્ષ્ય સાથે આદરેલ તપની પુર્ણાહુતિના ઐતિહાસિક પારણા મહોત્સવ અંતર્ગત ૧૦૦૮ આયંબિલ પૂર્ણ કરતાં પૂ.શ્રીના પારણાનો મહા તપોત્સવ ઉપરાંત સાથે જ મુળ કચ્છ લાકડિયાના મુમુક્ષુ કું. યશ્વીદીદી મહેન્દ્રભાઈ નંદુ (ઉ.વ. ૨૧) નો દીક્ષા મહોત્સવ પૂ. પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની નિશ્રા એવમ્ દેશ-વિદેશ સ્થિત વિશાળ સંખ્યામાં ગુરૂ ભક્તોની ઉપસ્થિતિમાં મુંબઈના વિલેપાર્લે મધ્યે ઉજવાવા જઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે પૂર્વે તપસમ્રાટ પૂ. શ્રી રતિલાલજી મ.સા.એ મૌન સાતે નિરંતર ૯૯૯ આયંબિલ સાથે વરસો લગી વરસીતપની ઉગ્રાતિઉગ્ર તપ સાધના બાદ વર્તમાનમાં આ મહાતપસ્વી પૂ.શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીના નિરંતર ૧૦૦૮ આયંબિલ તપની આરાધનાથી જૈન સંપ્રદાયમાં એક અમીર સુવર્ણમય ઈતિહાસ આલેખાવા જઈરહ્યો છે. ત્યારે તા. ૨૪-૪ થી ૨૮-૪ સુધી વિધવિધ કાર્યક્રમોના આયોજનો સાથેના વિશાળ પાયે આ મહા તપોત્સવ અંતર્ગત તા. ૨૪-૪ના સવારે ડુંગર દરબારના ડુંગરના વિશાળ સમિયાણામાં સળંગ ૧૦૮ ગીતોની સાંજીના કાર્યક્રમ યોજાયો હતો. તા. ૨૫ના સવારે પરમ ગુરૂદેવશ્રી પૂ. નમ્રમુનિ મ.સા.ના શ્રીમુખેથી મહા તપસ્વીને ૧૦૦૮માં આયંબિલના મહા પચ્ચકખાણ કરાવવામાં આવ્યા હતા સાથે જ વિશેષ કાર્યક્રમ અંતર્ગત બાળકોની સાંજી સાંજે સુપ્રસિધ્ધ કલાકારો દવારા ભક્તિ સંખ્યા એવમ્ ચિંતા કે નિશ્ચિંતતા નામક હૃદયસ્પર્શી સંવાદનો સ્ટેજ કાર્યક્રમ યોજાયોહતો. તા. ૨૬-૪ના સવારે હે શ્રમણી તને વંદન હજાર અને સંવેદના પ્રભુ મિલનની નામક સ્ટેજ પ્રોગ્રામ સાંજે મે બેજુબાન હું-બે જાન નહિ નામે હૃદયસ્પર્શી પ્રસ્તુતિ, તા. ૨૭-૪ના સવારે મુમુક્ષુ કું. યશ્વી દીદીના દીક્ષા મહોત્સવ અંતર્ગત મંડપ મુહુર્ત માળારોપણ વિધિ બાદ ૯કલાકે મહાતપસ્વીને લાખો પ્રણામ કાર્યક્રમ એવમ્ કળશ પચ્ચકખાણ બાદ મુમુક્ષુનો સન્માન સમારોહ સહિત પારણા મહા તપોત્સવ એવમ્ દીક્ષા મહોત્સવની ઉજવણીની પરાકાષ્ઠારૂપ અંતિમ દિન તા. ૨૮-૪ ના સવારે સૌપ્રથમ મુમુક્ષુની વિશાળ ભાવિકોની ઉપસ્થિતિમાં મહા ભિનિષ્ક્રમણ શોભાયાત્રા અને ત્યારબાદ ૮.૩૦ કલાકે દીક્ષા મહોત્સવ અંતર્ગત પરમ ગુરૂદેવપૂ. નમ્રમુનિ મ.સા.ના શ્રીમુખેથી દીક્ષાર્થીને સંયમ ગ્રહણવિધિ સાથે જ પારણા મહાતપોત્સવના ઐતિહાસિક અવસરે મહા તપસ્વી પૂ.પરમ સૌમ્યાજી મ.સ.ના પારણાનો કાર્યક્રમ યોજાશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા સુચ્ચારૂ વ્યવસ્થા સાથે સમગ્ર મહોત્સવના અનુમોદક અને મહા તપોત્સવ ના સંઘરત્ન શ્રી અર્હમ મનન શાહ, શ્રી પરાગભાઈ કિશોર શાહ સમગ્ર પરિવાર દ્વારા જહેમત ઉઠાવાઈ રહી છે. આ અણમોલ અવસરને નિહાળવા સમગ્ર કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, કલકત્તા, દિલ્હી સહિત દેશ-વિદેશથી ભાવિકજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર હોવાનું રમેશભાઈ વોરા દ્વારા જણાવાયું હતું.

હાજીપીર ઉર્ષ નિમિત્તે પદયાત્રીઓનો પ્રવાહ શરૂ

પદયાત્રી કેમ્પો શરૂ થયા : ચા-પાણી, મેડિકલ સહિતની સવિધાઓ ઉપલબ્ધ

ભુજ : કોમી એકતાના અને ભાઈચારા માટે વિખ્યાત હાજીપીરની દરગાહે સલામ ભરવા કચ્છ, ગુજરાત-બૃહદ કચ્છથી યાત્રાળુઓ હજારોની સંખ્યામાં પગપાળા હાજીપીરના ઉર્ષ પ્રસંગે આવે છે.

રણકાંધીએ બિરાજમાન હાજીપીર બાબાનો ઉર્ષ તા. ૨૭થી ૨૯ એપ્રિલ માસમાં હોવાથી અત્યારથી પદયાત્રિકોનો પ્રવાહ ચાલુ થઈ ગયો છે. ભાઈચારો, કોમી એકતાના હામી હાજીપીરનો ઉર્ષ તેમના સ્થાને ચૈત્ર માસમાં આયોજન થતું હોય છે. તેમની સલામ ભરવા માટે હજારો શ્રદ્ધાળુઓ ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રથી વાહન મારફતે અથવા પગપાળા આવે છે. પદયાત્રીઓને રસ્તામાં કોઈ તકલીફ ઊભી ન થાય તે માટે ઠેર ઠેર રસ્તા પર કેમ્પ રખાયા છે. જેમાં ચા, પાણી, મેડિકલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ આયોજકો દ્વારા કરવામાં આવે છે. આ મેળાને માણવા આવતા શ્રદ્ધાળુઓ માટે સ્થાનિકે વહીવટી તંત્ર અને મેળા સમિતિ દ્વારા સુવિધા અપાય છે. સેવા કેમ્પમાં પદયાત્રી-વાહન યાત્રીકો માટે તેમનો ઉત્સાહ વધારવા માટે કવ્વાલી, લોકગીત, ફાકી નામાંકિત કલાકારો દ્વારા રજૂઆત થતી જોવા મે છે. આ ઉર્ષમાં બાબાની સલામ ભરવા નાના, વૃદ્ધો, વડીલો, અપંગ લોકો પદયાત્રામાં જોડાય છે અને ઘણા શ્રદ્ધાળુઓ બાબાની માનેલી માનતા પૂરી થતા શીશ ઝુકાવવા માટે આવે છે. અહીં ખાસ ઉલ્લેખ કરવા જેવી બાબત એ છે કે, પદયાત્રામાંજતા શ્રદ્ધાળુઓ ખાવડા માર્ગ પસંદ કરે છે ત્યારે આ માર્ગે મીઠુંભરેલા વાહનોની અવર-જવર ખુબ હોવાથી યાત્રિકોને સાવચેત રહેવું પડશે અને આ માર્ગોમાં પોન્ટર પર પોલીસ વ્યવસ્થા ન હોવાથી તે ઊભી કરાય તે જરૂરી છે તેવું યાત્રીકો કહી રહ્યા છે.

મતદાન એ આપણો અધિકાર જ નહીં, આપણી જવાબદારી પણ છે.

કચ્છ ઉદય પરિવાર દ્વારા અપીલ

નિરોણાના પ્રા.આ. કેન્દ્ર દ્વારા હાજીપીર પદયાત્રી કેમ્પોમાં મેડિકલ કીટ અપાઈ

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નિરોણા દ્વારા પાલનપુરથી કરીને બીબર, પુનરા તળાવ સુધી જેટલા પણ હાજીપીર પદયાત્રી સેવા કેમ્પો છે ત્યાં સ્ટાફ દ્વારા મેડિકલ કીટ, પાણીના શુદ્ધિકરણ માટેની દવા, મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વગેરે માટે આઈઈસી પ્રવૃત્તિ કરવા આવી હતી. આ કામગીરીમાં પીએચસીના મેડિકલ ઓફિસર ડો. રાહુલસિંહની આગેવાની હેઠળ મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઈઝર ઉમરભાઈ સુમરાનાં માર્ગદર્શન હેઠળ નિરાણા પીએચસીના એમપીડબલ્યુ પ્રકાશ આહિર વિજય આહીર તેમજ ધુલેશ આહિર અને ભાવેશભાઈએ સહયોગ આપ્યો હતો.

આહિરપટ્ટીના ગામમાં માધવનગર ગામ ઉમેરાયું

સાત ભાઈઓના પરિવારે ૨૦ મકાનમાં હનુમાન જયંતીના દિવસે ગૃહપ્રવેશ કર્યો

રાયધણપર : ભુકંપ પછી જિલ્લામાં અને ખાસ કરીને ભુજ તાલુકામોમાં કેટલાક નવા ગામોનું સર્જન થયા હતા. તો લાંબા સમય અહીર પટ્ટીમાં નવા ગામનું સર્જન થયો છે. ભુજ તાલુકાના રાયધણપર ગામે રહેતા સાતભાઈઓના પરિવારે ગામમાં પોતાનું અલગ નગર વસાવ્યું છે. મૂળ ઉમેદપર ગામના કેરાસિયા પરિવાર ધંધાર્થે રાયધણપર-મમુઆરા અને નાડાપા વિસ્તારમાં સ્થાયી થયા બાદ 'માધવનગર' ગામ વસાવી કચ્છના નકશામાં વધુ એક ગામનો ઉમેરો થયો છે.

સાત ભાઈઓની અથાગ મહેનતના ફળ સ્વરૂપે માધવનગર ગામનું તોરણ બંધાયું. હનુમાન જયંતીના પાવન અવસરે ગામમાં સાતેય ભાઈઓના પરિવારે ગૃહપ્રવેશ કર્યો ત્યારે આહિર સમાજના સામાજીક, રાજકીય, સંતો-મહંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કેરાસિયા પરિવારને એક સમયે એવો વિચાર આવ્યો કે, દાદા-પૌત્ર ભેગા રહે આ વિચારને અમલમાં મુકતા નાડાપા-મમુઆરા, ચપરેડીની સીમમાં ચાર એકર જમીન કેરાસિયા પરિવારે ખરીદી કરી હતી.

શૂન્યમાંથી સર્જન કરનાર આ પરિવારે પોતાના સંયુક્ત પરિવારનું એક ગામ વસાવવાના બીજ રોપાયા અને ૨૦ મકાનો તૈયાર કરી હનુમાન જયંતીના દિવસે સાતેય ભાઈના પરિવારો ગૃહપ્રવેશ કર્યો હતો. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ત્રણ દિવસના ધાર્મિક પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું, જેમાં આહિર સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નવનિર્મિત-માધવનગર ગામ ચપરેડી-અટલનગર જૂથ ગ્રામ પંચાયતમાં સમાવેશ થશે.

મથડા કેમ્પ હાજીપીર સેવા સમિતિ દ્વારા પદયાત્રીકોની થતી સેવા

ભુજ : ભુજ-ખાવડા માર્ગે મથડા કેમ્પ હાજીપીર સેવા સમિતિ દ્વારા હાજીપીર જતા પદયાત્રીકો માટે વિવિધ પ્રકારે સેવાઓ થઈ રહી છે. ઠંડુ-પાણી-ચા-નાસ્તો-જમવા-આરામ વિગેરે વ્યવસ્થા સાથે સંસ્થાનાં સેવાભાવી કાર્યકરો સેવા કરી રહ્યા છે. પ્રમુખ રુકીયાબેન મથડા, રમીજભાઈ મથડા, સુમૈયાબેન મથડા, જમીલાબેન આરબ, સલ્માબેન શેખ, ફાતમાબેન આરબ, ફાતમાબેન ગગડા, અમીનાબેન આરબ, અસ્લમ ચંગલ સેવાઓ આપી રહ્યા છે. મોરબીથી માથે દૂધ ભરેલી હેલ સાથે પગપાળા મોરબીથી નીકળેલા ભુજ ૭ દિવસે અને હાજીપીર ૧૦ દિવસે પહોંચેલા નસીમબેન બાબુભાઈ કટારીયાનું મથડા કેમ્પ મધ્યે કિરણ પટેલ, પ્રબોધ મુનવર, રફીક બાવા, કિશોરસિંહ જાડેજા, પ્રતાપ ઠક્કર, ઇરફાન લાખાએ સન્માન કર્યું હતું. મથડા કેમ્પ દ્વારા આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ભુજ રોટરી કલબની સેવાકીય પ્રવૃતિઓથી ગર્વનર થયા પ્રભાવિત

ભુજ : રોટરી સેવાકીય કાર્યોમાં હંમેશા અગ્રેસર રહી છે, જેથી હિલ ગાર્ડન, લાયબ્રેરી સહિતના સેવાકીય પ્રકલ્પો લોક માનસપટ પર છવાયેલા છે, તેવું અહીં ભુજ રોટરી કલબની સને ૨૦૨૩/૨૪ દરમ્યાન થયેલ સેવાકીય પ્રવૃત્તિ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રોટરી ડીસ્ટ્રીકટ ગવર્નર મેહુલ રાઠોડે જણાવ્યું હતુ. ક્લબ એકટીવીટીથી પ્રભાવિત થયેલ ગવર્નરે વિશેષમાં ઉલ્લેખ કરતા અને રોટરીના સામાજિક ડાહીત્વ પ્રત્યે ધ્યાન દોરતા ભાવિ કાર્યક્રમો ઘડી કાઢવા અને તેમાં પોતાની સમગ્ર ડીસ્ટ્રીકટ તેમજ રોટરી ઈન્ટરનેશનલનો સદૈવ સાથે રહેવાનો કોલ આપ્યો હતો. દર વર્ષે નવા જોડાયેલ સાત મેમ્બરોને રોટરી પીન એનાયત કરાઈ હતી.

વર્તમાન પ્રમુખ નરેન્દ્ર મીરાણીએ વર્ષ દરમ્યાન કરેલ અવિરત કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. દાતાઓના સહયોગથી મેડિકલ, શૈક્ષણીક, સાહિત્યિક, સાંસ્કૃતિક, વોકેસનલ અને ન્યુ જનરેશન સંબધી કાર્યકમો વર્ષ દરમ્યાન અવિરત ચાલુ રાખવાનો કોલ આપ્યો હતો.

ક્લબનાં કાયમી પ્રકલ્પો હીલ ગાર્ડન, રોટરી સ્કૂલ, રોટરી લાયબ્રેરીની મુલાકાત ક્લબનાં પીડીજી ભરત ધોળકીયા, જયેશ શાહ, અવનીશ ઠક્કર, ડો. નવઘણ આહીર, પ્રફુલ્લ ઠક્કર વિગેરેએ રોટરીની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. અહેવાલ ગોપીબેન રાઠોડ, શિલા ભટ્ટ દ્વારા અપાયો હતો. ભરત મહેશ્વરીએ ક્લબ મોવડીઓ પાસે ડિસ્ટ્રિક્ટની અપેક્ષાઓની વાત ઉચ્ચારી હતી. સંચાલન ડો. ઉર્મીલ હાથી અને આભારવિધિ ધવન શાહ અને વ્યવસ્થા ભાવેશ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા વગેરેએ સંભાળી હતી.

ઝિંકડી મા.શાળામાં બીકેટી દ્વારા કોમ્પ્યૂટર-પ્રિન્ટરની કિટ અપાઈ

ભુજ : બીકેટી તરફથી સામાજિક જવાબદારી વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત હિતેન ધોળકિયા વિદ્યાલય ખાતે રૂ. ૬૪,૯૦૦ના કામોનું લોકાર્પણ, સી.આઈ.એસ.એફ. એવિએશન વિભાગમાં રૂ. ૧,૯૮,૯૪૮ના કામોનું લોકાર્પણ તેમજ ઝીકડી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા ખાતે કુલ રૂ. ૫,૦૦,૩૩૭ના કામોના લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં.

હિતેન ધોળકિયા વિદ્યાલય ખાતે ૧૧ સ્ટીલ કબાટ રૂ. ૬૪,૯૦૦ના ખર્ચે આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય તુષારભાઈ જોષી, શિક્ષકો જયેશભાઈ પટેલ અને અશોકભાઈ પરમાર દ્વારા બી.કે.ટી.ના ઓફિસરોનું મોમેન્ટો વડે સન્માન કર્યું હતું. જ્યારે ઝીકડી ગામે ઝીકડી માધ્યમિક શાળા ખાતે તકતી અનાવરણ અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં, ઝીકડી માધ્યમિક શાળામાં કોમ્પ્યુટર-પ્રિન્ટર, બેન્ચ, ખુરશીઓ, ઓફિસ ટેબલ, લાયબ્રેરી કબાટ, ઓફિસ કબાટ અને ટ્રોલી સ્પીકર સાથે ટીચિંગ માઈકની સુવિધાઓ રૂ. ૪,૩૨,૪૮૭ના ખર્ચે પૂરી પાડવામાં આવી હતી, તેમજ ઝીકડી પ્રાથમિક શાળા ખાતે કોમ્પુટર સિસ્ટમ અને પ્રિન્ટર રૂ. ૬૭,૮૫૦ના ખર્ચે આપવામાં આવ્યા હતા. ઝીકડી ગામે આ લોકાર્પણ કાર્યક્રમમાં સરપંચ વાલજીભાઈ આહિર, એસ.એમ.સી. અધ્યક્ષ રમેશભાઈ આહિર સી.આર.સી. નગોર ગ્રુપ શાળા, ઝીકડી માધ્યમિક શાળાના આચાર્ય શૈલેન્દ્રસિંહ એ. જાડેજા તેમજ શિક્ષકો વિષ્ણુભાઈ ગાગલ, તૃપ્તિ પટેલ જ્યારે ઝીકડી પ્રાથમિક શાળાના આચાર્ય ગૌતમભાઈ ચૌધરી, શિક્ષકો દિનેશભાઈ મેવાડા અને અજય ગઢાદ્રા હાજર રહ્યા હતા અને બીકેટીના અધિકારીઓનું શાલ તેમજ મોમેન્ટો વડે સન્માન કર્યું હતું. સી.આઈ.એસ.એફ. એવિએશન વિભાગ જે ભુજ એરપોર્ટમાં આવેલ છે ત્યાંના કર્મચારીઓને ફિટનેશ તેમજ સ્ફૂર્તિ માટે કરીને એક નાનકડું જીમ ઊભું કરવા આવ્યું છે. જેમાં, રૂ. ૧,૯૮,૯૪૮ની કિંમતના ફિટનેશના સાધનો આપવામાં આવ્યા હતા. તેના લોકાર્પણ માટે એવિએશન તરફથી આસિસ્ટન્ટ કમાન્ડન્ટ (સી.એ.એસ.ઓ.), અખિલેશકુમાર પાંડે, ઈન્સ્પેકટર (એક્ઝિકયુટિવ) સમીરન પોલ, ઈન્સ્પેકટર અશોકસિંહ જાડેજા અને સબ ઈન્સ્પેકટર વિકાસ ચૌબે ઉપ સ્થિત રહ્યા હતા. બીકેટી તરફથી ડી,જી,એમ. સી.એસ.આર. અને લાયઝન કર્નલ શુભેન્દુ અંજારીઆએ રીબીન કાપીને જીમ ખૂલ્લું મૂકયું હતું. અન્ય અધિકારીઓમાં એ.જી.એમ. ડી. બી. ઝાલા, એચ એન્ડ એડમીન ડેપ્યુટી મેનેજર કુંજન જોષી, સિનિયર ઓફિસર ડી. ડી. રાણા, નટુભા પરમાર અને પ્રત્યંચ અંજારીઆ ઉપસ્થિત રહ્યા હતા. સી.આઈ.એસ.એફ. તરફથી મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. તેમજ કંપની વતી સન્માન સ્વીકાર કર્યો હતો.

મારી માટી, મારો કચ્છ પ્રદેશ ઇવેન્ટ સાથે જોડાયેલા નાગર જ્ઞાતિના કલાકારોનું સન્માન કરાયું

ભુજ : મારી માટી, મારો કચ્છ પ્રદેશ ઈવેન્ટ હેઠળ નિર્માણ પામનારી ડોક્યુમેન્ટ્રી ફિલ્મમાં જુદી જુદી રીતે સહયોગ આપનાર નાગર જ્ઞાતિના કલાકારોનું હાટકેશ જયંતિની પૂર્વ સંધ્યાએ સન્માન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગીતની રચના કરી કંપોઝ કરનાર બાળ કલાકાર ઉદીશ ઓજસ વોરાનું સન્માન કરી મારો કચ્છ પ્રદેશ ગીત જ્ઞાતિ પ્રમુખના હસ્તે લોન્ચ કરાયું હતું. માટી આધારીત કચ્છનો નકશો ડિઝાઈન કરનાર શીતલ સચિન ધોળકિયા અને ગીતમાં નૃત્ય પ્રસ્તુત કરનાર કુ. હોંશ છાયાનું જ્ઞાતિ પ્રમુખ અતુલભાઈ મહેતાના હસ્તે સન્માન કરાયું હતું.

કચ્છના દસેય તાલુકા ફરી ત્યાંની માટી એકત્ર કરી ભુજના યુવાન ધૈર્ય છાયાએ માટી આધારિત નકશો તૈયાર કર્યો હતો અને માટી એકત્ર કરતી વખતના તેમજ અન્ય દ્રશ્યો સાથેની માટી આધારિત ડોક્યુમેન્ટ્રી બનાવવા નિર્ધાર કર્યો હતો. જે અંતર્ગત સહયોગ આપનાર કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

અંજારની મારામારી બાબતે તપાસની માંગ

અંજાર : ૧૦ દિવસ અગાઉ અંજારમાં મારામારીનો બનાવ સામે આવ્યો હતો. જેમાં અંજાર પોલીસમાં મહિલા સહિત ચાર સામે ગુનો દાખલ થયો હતો. જે બનાવમાં આરોપી પક્ષ વતી એડવોકેટ રમજાન બાયડ દ્વારા પોલીસમાં રજૂઆત કરાઈ છે કે, ફરિયાદમાં જણાવ્યું તેવો કોઈ બનાવ બન્યો નથી. બનાવ સમયે અસલમ ઓસમાણ બાયડની હાજરી અંજારથી ૨૪ કિ.મી. દૂર પેટ્રોલપમ્પ પર હતી. ઘરના અન્ય સભ્યોની પણ હાજરી ન હતી. સીસીટીટી ફૂટેજ સહિતના આધારો અપાયા છે. કેસની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને ફરિયાદ ખોટી હોવાનો આક્ષેપ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ખાવડામાં હનુમાન જયંતિની ઉજવણી

ખાવડા ગામે હનુમાન જયતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હનુમાનજીની તેમજ શણગાર કરવામાં આવ્યો હતો. લોહાણા મહાજનના પ્રમુખ, પુજારી જગદીશપુરી, સંદીપ ચદે, યુવક મંડળના નીતિનભાઈ ગુંસાઈ, સુમનભાઈ વર્મા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

બજારભાવ

ભુજ માર્કેટ યાર્ડ	
૧૦૦ કિલોના ભાવ	
ગોવાર	૪૯૦૦-૫૭૨૫
વરિયાળી	૫૧૨૧-૫૧૮૬
ભુજ માર્કેટ યાર્ડ	
૪૦ કિલોના ભાવ	
એરંડા	૨૧૮૧-૨૨૧૬
રાયડો	૧૮૨૨-૧૮૬૯
ઈશબગુલ	૪૩૦૦-૪૮૮૧
અંજાર માર્કેટ યાર્ડ	
૧૦૦ કિલોના ભાવ	
વરિયાળી	૩૦૧૦-૫૮૧૦
અંજાર માર્કેટ યાર્ડ	
૪૦ કિલોના ભાવ	
એરંડા	૨૦૬૦-૨૨૬૨
કપાસ	૨૭૫૦-૩૦૩૧
જીરૂ	૬૫૦૦-૮૮૮૦
ઈશબગુલ	૩૪૦૦-૪૯૦૦
રાપર માર્કેટ યાર્ડ	
જીરૂ	૨૯૫૧-૪૩૧૧
એરંડા	૧૦૪૨-૧૧૦૫
વરિયાળી	૮૦૦-૧૨૧૫
ઈશબગુલ	૧૮૦૦
અજમો	૧૭૦૦-૨૩૦૦
ઘઉં	૬૭૧
બાજરી	૪૭૧
ગોવાર	૯૫૧
ભચાઉ માર્કેટ યાર્ડ	
એરંડા	૧૧૦૧-૧૧૧૯
ગોવાર	૧૦૦૦-૧૦૧૬
સાખજીરૂ	૪૦૦૦-૪૧૬૫

વરિયાળી	૮૫૦-૧૧૬૯
મઠ	૧૦૦૦-૧૧૫૧
ઈશબગુલ	૨૩૦૦-૨૩૨૦
રાયડો	૯૦૦-૯૧૬
અજમો	૧૯૦૦-૨૪૫૨
મગ	૧૩૫૧-૧૬૫૧
રાયડો	૯૦૦-૯૧૬
ભુજ માર્કેટ યાર્ડ	
(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)	
ડુંગળી	૧૮-૨૨
બટેટા	૨૦-૨૬
ટમેટા	૪-૧૨
લીલી ડુંગળી	૫-૨૦
મરચા	૧૦-૩૫
મરચી	૩૦-૭૦
રીંગણા કાળા	૫-૧૮
રીંગણા બાજરીયા	૫-૨૫
કોબી દેશી	૪-૧૫
કોબી	૫-૧૨
ફુલાવર	૧૦-૨૦
ફુલાવર દેશી	૭-૨૦
વટાણા	૭૦-૯૦
ઘાણા	૨૦-૩૦
ભીંડા	૧૫-૩૫
કાકડી કાળી	૫-૧૫
કાકડી સફેદ	૫-૧૫
કાકડી ખીરા	૧૫-૨૮
પાલક	૧૫-૨૫
લસણ સુકું	૧૩૦-૧૫૦
લીંબુ	૨૦-૯૦
પીત્તાઈ ગાજર કેશરી	૧૫-૨૫

દુધી	૩-૧૨
આદુ	૧૦૦-૧૫૦
કારેલા	૧૫-૩૦
શક્કરિયા	૨૦-૩૫
ચોળા ડોલર	૩૫-૬૦
ચોળી	૩૫-૮૦
ગીલોડા	૨૫-૩૫
મરચા સીમલા	૨૦-૬૦
ગોવાર દેશી	૧૫-૫૦
ગોવાર	૧૫-૪૦
ગીસોડા	૫-૨૦
પરવળ	૭૦-૮૦
સરગવો	૧૦-૩૦
ગેલકા	૧૦-૨૦
કોળુ	૭-૧૫
બીટ	૧૫-૨૫
મેથી	૧

કોંગ્રેસની મેલી મથરોટી લોકો સમક્ષ ફરી ખુલ્લી પડી

વિરાસત ટેક્ષથી કોંગ્રેસની લુંટારૂ માનસીકતા છત્તી થઈઃ પાટીલ : પ્રદેશ ભાજપ અધ્યક્ષે પ્રેસ યોજી અને કોંગ્રેસ પર વરસાવ્યા શાબ્દીક ચાબખાં

ગાંધીનગર : રાહુલ ગાંધી અને સામ પિત્રોડા દ્વારા વિરાસત ટેક્ષ મામલે આપેલા નિવેદનને વખોડવાની દીશામાં આજ રોજ પ્રદેશ અધ્યક્ષ ભાજપ સી આર પાટીલ દ્વારા પ્રેસનું આયોજન કરવમા આવ્યુ હતુ અને પાટીલે કહ્યુ હતુ કે, મનમોહનસિહ પહેલા પાંચ વર્ષ પહેલા કહ્યુ હતુ કે, અમે આ દેશમાં સંપત્તી પર સૌથી પહેલા હકકદાર લઘુમતીનો છે. કોંગ્રેસે હમેશા જનતાને લુટી છે અને તેઓને બધામાં ભાગ જોઈએ છે. આપણે જોયુ છે કે, રાહુલ ગાંધીએ પણ આ વાતને સમર્થન આપતુ નિવેદન આપયુ. રાહુલે કહ્યુ કે અમે સંપત્તીનો સર્વે કરાવીશુ અને તેને વહેચી દઈશુ. આવા નિવેદનોથી આજે કોંગ્રેસની માનસીકતા પર સવાલ ઉઠવા પામી રહ્યા છે. કાગ્રેસ જનતાને હમેશા લુંટતી રહી છે. મોદીજીએ કોંગ્રેસની લુંટ પ્રથાઓ બંધ કરાવી અને ડાયરેકટ બેનીફીટ ટેક્ષ ચાલુ કરાવ્યા છે. ભાજપ કોંગ્રેસની આવી નીતીઓ તથા દેશની પ્રજા પણ આવા નિવેદનોને જરા સહેજ પણ સાંખી નહી લે તેમ શ્રી પાટીલે આ તબક્કે કહ્યુ હતુ. કોંગ્રેસના મુખ્ય સલાહકાર દ્વારા વિરાસતટેક્ષની વાત રજુ કરી અને પક્ષની મેલી મથરોટી પણ પાધરી કરી દીધી છે.

તો રૂપાલા બિનહરીફ થઈ ગયા હોત...! કુંભાણી જેવો કાંડ થતાં રહી ગયો, કોંગ્રેસના નેતાનો ઘટસ્ફોટ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : સુરતમાં જે રીતે કોંગ્રેસ સાથે દાંવ થયો એનાથી સૌ કોઈ વાકેફ છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવા પાછળ કોઈને કોઈ ગેમ રમાઈ હોવાની ચર્ચા ચારેકોર થઈ રહી છે. ફોર્મ રદ થયા બાદથી કુંભાણી પણ ગુમ છે. એવામાં ગુજરાતની જ વધુ એક બેઠક એવી હતી કે જ્યાંના ભાજપના ઉમેદવાર રૂપાલાને બિનહરિફ જીતાડવાનો કારસો રચાઈ ગયો હતો. જોકે આ ઉમેદવાર સામે તો ખુદ ક્ષત્રિયોએ બાંયો ચઢાવી છે.માહિતી અનુસાર કોંગ્રેસ નેતા ડૉ. વસાવડાએ કહ્યું હતું કે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીમાં જઈને પરત કોંગ્રેસમાં આવેલા ઈન્દ્રનીલ રાજ્યગુરૂ (Indranil Rajyaguru) તથા વશરામ સાગઠીયા અને પૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય લલિત કગથરા (Lalit Kagathara)એ વિક્રમ સોરાણીને ઉમેદવાર બનાવવાની માંગણી કરી હતી અને અમે તે કોંગ્રેસના કમિટેડ નેતા નથી તેમ કહીને વિરોધ કર્યો ત્યારે અમારી સામે શિસ્તભંગના પગલા લેવાની ચીમકી પણ અપાઈ હતી. હવે તા. ૨૭ના સોરાણી ભાજપમાં ભળી રહ્યાની વાત બહાર આવી છે ત્યારે જો તેમને રાજકોટની ટિકિટ મળી હોત તો સુરતના કુંભાણી જેવો જ કાંડ રાજકોટમાં થઈ ચૂક્યો હોત તેવું સ્પષ્ટ જણાય છે. શહેર કોંગ્રેસ પ્રમુખનો આ અંગે સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે સોરાણી ભાજપ માં ભળી રહ્યાના અહેવાલો આવ્યા છે. દાયકાઓથી કોંગ્રેસમાં રહેલા નેતાઓએ સુરતના નીલેશ કુંભાણી સામે હજુ કોંગ્રેસે કોઈ પગલા નથી લીધા તે અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે અને એવી માંગણી કરી છે કે સુરતમાં આ વિશ્વાસઘાત કરનારને ટિકિટ કોંગ્રેસના જે મોટા નેતાઓએ અપાવી છે તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવા જોઈએ. આવા નેતાઓને કારણે જ કોંગ્રેસમાં આવી ઘટનાઓ વારંવાર બને છે.

કોંગ્રેસે આંધ્રપ્રદેશમાં વધુ ત્રણ બેઠકો માટે ઉમેદવાર જાહેર કર્યાઃ જાણો ક્યાં નેતાને ક્યાંથી મળી ટિકિટ ?

નવી દિલ્હી :કોંગ્રેસ પાર્ટીએ આંધ્રપ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે વધુ ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી છે. પાર્ટીએ કોરાલાપતિ બ્રહ્માનંદ રાવને નરસાપુરમ લોકસભા બેઠક પરથી, એસકે બશીદને રાજમેટથી અને એમ જગપતિને ચિત્તૂરથી ઉમેદવાર જાહેર કર્યા છે. આ સાથે વિધાનસભાની ચૂંટણી માટે વધુ ૧૧ બેઠકો માટે ઉમેદવારો પણ જાહેર કરવામાં આવ્યા છે.

આંધ્રપ્રદેશની તમામ ૨૫ લોકસભા સીટો માટે એક જ તબક્કામાં ૧૩ મેના રોજ મતદાન થશે.આંધ્રપ્રદેશમાં કોંગ્રેસ ભારત ગઠબંધન હેઠળ ચૂંટણી લડી રહી છે. ભાજપ તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) અને જનસેના પાર્ટી સાથે ચૂંટણી લડી રહી છે.અગાઉ ૯ એપ્રિલે પણ કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની યાદી બહાર પાડવામાં આવી હતી. આ યાદીમાં લોકસભાની ૬ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી. છ બેઠકોમાંથી જ્યાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી, તેમાં વિશાખાપટ્ટનમથી પુલુસુ સત્યનારાયણ રેડ્ડી, અનાકાપલ્લેથી વી વેંકટેશ, એલુરુથી લાવણ્યા કુમારી, નરસારોપેટથી એલેક્ઝાન્ડર સુધાકર, નેલ્લોરથી કોપ્પુલા રાજુ અને તિરુપતિથી ચિંતા મોહનને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતાલોકસભા ચૂંટણીની સાથે આંધ્રપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ રહી છે. રાજ્યની ૧૭૫ વિધાનસભા બેઠકો માટે પણ એક જ તબક્કામાં ૧૩ મેના રોજ લોકસભા ચૂંટણી સાથે મતદાન થશે.

કુંભાણી અને કોંગ્રેસનું કમઠાણ : સાક્ષીઓનો સૌથી મોટો દાવો

ટેકેદારોની સહીઓ સાચી છે, અમારી હાજરીમાં જ સહી કરાઈ છે

ગાંધીનગર : સુરત લોકસભા બેઠક પર રાજકીય ડ્રામા ખેલાયા બાદ હવે નવા ખુલાસાઓ થવા પામી રહ્યા છે. અહી સાક્ષીએ મોટો દાવો કર્યો છે અને કહ્યુ છે કે, ટેકેદારોની સહી સાચી જ છે. અમારી હાજરીમાં જ ટેકેદારોએ સહી કરી હતી. ચારેય ટેકેદારોની સહી સાચી છે. ટેકેદારોમાં કુંભાણીના બનેવી, ભાણ્યો અને ભાગીદાર જ હતા. અમે કલેકટરશ્રીને એફીડેવીટ આપ્યુ છે, કલેકટર કેમ અમારી રજુઆત નથી સાંભળતા? કેમ તેમની ઓફીસના સીસીટીવી ચેક કરવામા આવતા નથી?

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ૮૫ વર્ષથી ઉપરની વય ધરાવતા મતદારો અંજાર ખાતે પણ અંદાજીત ૧૦૯ જેટલા નોંધાયા છે. આ નોંધણી એવીએસસીથી થયેલી છે. જેમાં અંજારના પુષ્પાબેન ખટાઉ(ઠકકર) ઉપરોકત તસવીરમાં હોમ વોટીંગ કરતા દ્રશ્યમાન થાય છે.

જેપી મોર્ગન સીઈઓએ વડાપ્રધાનની પ્રશંસા કરી

નવી દિલ્હી : વિશ્વ પ્રસિદ્ધ અને વિશ્વની સૌથી મોટી નાણાકીય સંસ્થાઓમાંની એક જેપી મોર્ગન ચેઝના સીઈઓ જેમી ડિમોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે. ડિમોને કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં સુધારાને આગળ ધપાવીને અને ૪૦૦ મિલિયન લોકોને સમાવિષ્ટ નાણાકીય કાર્યક્રમો દ્વારા ગરીબીમાંથી બહાર કાઢીને "અતુલ્ય કામ" કર્યુ છે.ઈકોનોમિક ક્લબ ઓફ ન્યુયોર્ક દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ડિમોને પીએમ મોદીની પ્રશંસા કરી અને કહ્યું કે તેમણે ભારતમાં અવિશ્વસનીય કામ કર્યુ છે. તેણે કહ્યું, 'તેમની પાસે અદ્ભુત શિક્ષણ પ્રણાલી છે, અદ્ભુત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, તે આખા દેશને ઉપર તરફ લઈ જઈ રહ્યો છે, તે એટલા માટે થઈ રહ્યું છે કારણ કે આ એક માણસ તેટલો અઘરો છે... મને લાગે છે કે પરિવર્તન લાવવા માટે તમારે સખત બનવું પડશે. તમે જાણો છો કે તે નોકરશાહીના કેટલાક ભાગોમાં પરિવર્તન લાવી રહ્યા છે.તેમણે તાજેતરના સમયમાં મોદી દ્વારા કરવામાં આવેલા સુધારાની પણ પ્રશંસા કરી હતી.

માર્ચ માસમાં ક્રેડીટ કાર્ડના ખર્ચનો નવો રેકોર્ડ સર્જાયો

નવી દિલ્હી : દેશમાં સતત વધી રહેલા ક્રેડીટ કલ્ચરમાં હવે દર મહિને નવા નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે અને માર્ચ મહિનામાં ઓનલાઈન ક્રેડીટ કાર્ડ મારફત રૂપિયા ૧,૦૪,૦૮૧ કરોડનું પેમેન્ટ ક્રેડીટ કાર્ડ મારફત થતા પ્રથમ વખત કોઈ પણ એક માસમાં ઓનલાઈન ક્રેડીટ કાર્ડ મારફત ખર્ચ રૂા. એક લાખ કરોડની વટાવી ગયો છે. ૨૦૨૩ના માર્ચમાં આ રકમ રૂા. ૮૬૩૯૦ કરોડ હતી અને આ વર્ષે ફેબ્રુઆરીમાં રૂા.૯૪૭૭૪ કરોડ નોંધાયો હતો. પોઈન્ટ ઓફ સેલ મારફત ઓફલાઈન માર્ચ માસમાં રૂા. ૬૦૩૭૮ કરોડના પેમેન્ટ ક્રેડીટ કાર્ડ મારફત થયા જે એક વર્ષની સરખામણીમાં ૧૯ ટકા વધુ હતા. આમ ઓનલાઈન અને ઓફલાઈન બંનેની ગણતરી કરો તો ક્રેડીટ કાર્ડ મારફત કુલ ખર્ચ રૂા.૧૬૪૫૮૬ કરોડ નોંધાયો છે.જે ગત વર્ષે આ સમયગાળામાં એટલે કે માર્ચ માસમાં રૂા.૧૩૭૩૧૦ કરોડ દેશમાં ક્રેડીટ કાર્ડધારકોની સંખ્યા પણ વધી રહી છે અને ફેબ્રુઆરી માસમાં ૧૦ કરોડ ક્રેડીટ કાર્ડ ઈસ્યુ થયા હતા જે માર્ચ માસમાં ૧૦.૨ કરોડ નોંધાયા છે. જેમાં એચડીએફસી બેંક મોખરે રહી છે. જેનો ફાળો ૨૦.૨ ટકા બાદમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ૧૮.૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૧૬.૬ ટકા, એકસીસ બેંક ૧૪ ટકા અને કોટક મહિન્દ્રા બેંક ૫.૮ ટકા ક્રેડીટ કાર્ડ યુઝર્સ ધરાવે છે અને દેશમાં કાર્ડ ઈસ્યુ કરનારા ટોચની ૧૦ બેંકો પાસે ૯૦ ટકા બિઝનેસ છે. ક્રેડીટ કાર્ડનો ઉપયોગ વધતા તેનું વોલ્યુમ પણ વધ્યુ છે અને તે વાર્ષિક ધોરણે ૧૮ ટકા જેટલું નોંધાયુ છે. ઓનલાઈન પેમેન્ટ ૩૩ ટકા વધીને ૧૬.૪ કરોડ નોંધાયું છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર વડી કચેરી ખાતે ડાયરેક્ટર જનરલશ્રી આર.એસ. નિનામાના અધ્યક્ષ સ્થાને અને સચિવ શ્રી આઈ આર વાળા તેમજ મુખ્ય કોચ શ્રી એલ.પી.બારીયાની ઉપસ્થિતમાં આગામી યોજનાર લોકસભા ચૂંટણીને લઈને મતદાન જાગૃતિ માટે "રન ફોર વોટ" કેમ્પેઇન અંગે રાજ્યના જિલ્લા વહીવટી તંત્રો અને જિલ્લા રમત વિકાસ અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજી હતી.

પ્રચારમાં રામ મંદિર અને કરતારપુર કોરીડોર અંગેના વિધાનોમાં મોદીને ક્લીનચીટ

નવી દિલ્હી : લોકસભા ચૂંટણીના પ્રચારમાં અયોધ્યામાં રામ મંદિરથી લઈને મહિલાઓના મંગલસુત્રનો મુદ્દો ચગી રહ્યો છે તે સમયે ચૂંટણી પંચે એક મહત્વના ચુકાદામાં ભાજપ માટેના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે રામ મંદિરના નામે લોકોને મત આપવા ઉપરાંત કરતારપુર સાહેબ કોરીડોરના મુદ્દે શીખોને મતદાનની અપીલ કરી તેને ચૂંટણી પંચે આચારસંહિતાનો ભંગ ગણાવ્યો નથી.પરંતુ મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા સામે પ્રશ્ન ઉઠાવીને તેને મુસ્લિમ લીગનો ચૂંટણી ઢંઢેરો અને જે રીતે કોંગ્રેસ પક્ષ અનામતથી લઈ મિલ્કતોમાં મુસ્લિમોને વહેંચી દેશે તે જે વિધાનો કર્યા હતા તે મુદે ચૂંટણી પંચ હવે તપાસ કરશે. વડાપ્રધાને છેલ્લા બે દિવસમાં તેમના ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને નિશાન બનાવ્યું છેરવિવારે કહ્યું હતું કે, કોંગ્રેસ જો સતામાં આવશે તો તે તમારી સંપતિ મુસ્લિમોને વહેંચી દેશે તેમને આ માટે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘના એક સમયના વિધાનોનો હવાલો આપ્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, દેશના સંશાધનો પર પહેલો હક અલ્પસંખ્યકોનો છે અને હાલમાં જે રીતે કોંગ્રેસ પક્ષે સંપ તિના રીડિસ્ટ્રીબ્યુશનનો મુદો છેડયો છે તેમાં પણ વડાપ્રધાને સભાઓને સંબોધતા કોઈ પાસે બે મકાન હશે.તો એક છીનવાઈ જશે અને મહિલાઓએ સોનાના દાગીનાનો હિસાબ આપવો પડશે અને કોંગ્રેસ પક્ષ મુસ્લિમનો વહેંચી દેશે તેવા કરેલા વિધાનો મુદે હજુ ચૂંટણી પંચમાં ફરિયાદ થઈ રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષે રાજસ્થાનમાં મોદીએ કરેલા વિધાનોને સાંપ્રદાયિક ભાવના ભડકાવાના તથા પ્રચારમાં ધર્મનો ઉપયોગ કરવાની કરેલી અરજી પર ચૂંટણી પંચ નિર્ણય લેશે તથા ખાસ એક ધાર્મિક સમુદાયને ટાર્ગેટ કરવાનો વડાપ્રધાને પ્રયત્ન કર્યો છે તે અંગે પણ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાઈ છે.

પાકિસ્તાન અને ઈરાનના સંયુક્ત નિવેદનમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો

લાહોર : ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીની પાકિસ્તાનની ત્રણ દિવસીય મુલાકાત સમાચારોમાં હતી. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના તણાવ વચ્ચે આ પ્રવાસને ખુબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો હતો. આ પ્રવાસના છેલ્લા દિવસે પાકિસ્તાન અને ઈરાને સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીના પાકિસ્તાન પ્રવાસના છેલ્લા દિવસે બંને દેશો દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન અને ઈરાન એ વાત પર સહમત થયા છે કે કાશ્મીર મુદ્દાને વિસ્તારના લોકોની ઈચ્છા મુજબ શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ વાતચીત અને રાજદ્વારી દ્વારા કાશ્મીર વિવાદના શાંતિપૂર્ણ ઉકેલના મહત્વ પર ભાર મૂક્યો છે. કાશ્મીર મુદ્દાને વિસ્તારના લોકોની ઈચ્છા અને આંતરરાષ્ટ્રીય કાયદાના આધારે વાતચીત દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલવાની જરૂર છે.તેના પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હંમેશાથી ભારતનો અભિન્ન અંગ રહ્યા છે. આ અંગે કોઈ અન્ય દેશની ટિપ્પણી કરવાનો કોઈ આધાર નથી. ભારત અગાઉ પણ કાશ્મીર મુદ્દે આવા નિવેદનોને નકારી રહ્યું છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ સોમવારે ઈરાનના રાષ્ટ્રપતિ સાથેની વાતચીત બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કાશ્મીર મુદ્દે ઈરાનના વલણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

EDએ પત્રા ચાલ કેસમાં પ્રવીણ રાઉતની ૭૩ કરોડ રૂપિયાની પ્રોપર્ટી જપ્ત કરી

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટએ ગોરેગામની પત્રા ચાલના રીડેવલપમેન્ટના બહુચર્ચિત કેસમાં શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) જૂથના સંજય રાઉતના નજીકના સગા અને મેસર્સ ગુરુઆશિષ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડના પ્રવીણ રાઉતની પાલઘર, થાણે, રાયગડ અને દાપોલી જિલ્લામાં આવેલી ૭૩.૬૨ કરોડ રૂપિયાની પ્રોપર્ટી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ જપ્ત કરી છે.

ઈકોનોમિક ઑફેન્સિસ વિન્ગે નોંધાવેલા ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટની તપાસ કરી રહેલી EDની તપાસમાં જણાઈ આવ્યું હતું કે મેસર્સ ગુરુઆશિષ કન્સ્ટ્રક્શન દ્વારા પત્રા ચાલ રીડેવલપમેન્ટનો પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો હતો. એ અંતર્ગત તેમણે ત્યાંના ૬૭૨ ભાડૂતોનું પુનર્વસન કરવાનું હતું, મ્હાડાને ફ્લેટ તૈયાર કરી આપવાના હતા અને ત્યાર બાદ જે જમીન બચે એનું વેચાણ કરવાનું હતું. જોકે એમ ન કરતાં મેસર્સ ગુરુઆશિષ કન્સ્ટ્રક્શનના ?ડિરેક્ટરોએ મ્હાડાને ગેરમાર્ગે દોરીને ભાડૂતો માટેનું પુનર્વસનનું મકાન ન બનાવ્યું, મ્હાડાના ફ્લેટ્સ પણ ન બનાવ્યા અને ૯ ડેવલપર્સને ત્યાંની ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ ૯૦૧.૭૯ કરોડ રૂપિયામાં વેચી નાખી હતી.

અવસાન નોંધ

અંજાર : પ્રજાપતિ ગંગાબહેન ઉ.વ.80 તે સ્વ. રાણાભાઇ હમીરભાઇ રાઠોડના ધર્મપત્ની અંજારનો સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. ખીમજીભાઇ બેચરભઇ ઝંઝાવાડીયા(દાળીયાવાળા)ની પુત્રી સ્વ. અમરસીભાઇ સ્વ. વાલજીભાઇ સ્વ. રામજીભાઇ નાનાલાલભાઇ સ્વ. તારાબેનના બહેન સ્વ. કિશોરભાઇ સ્વ. દેવકન્યબેન વિનોદભાઇ તથા રસીકભાઇના માતૃશ્રી તા .23-4-24 મંગળવારના રામશરણ પામેલ છે સદગતની પ્રાર્થનાસભા તા.26-4-24 શુક્રવારે સાંજે 5.30 થી 6.30 કલાકે શ્રી કચ્છ પ્રજાપતિ છાત્રાલય નયા અંજાર મધ્યે રાખેલ છે લૌકીક વ્યવહાર બંધ છે.

પટનાના પુનપુનમાં જેડીયુ નેતાની હત્યા

ઘટનાની માહિતી મળતા જ પાટલીપુત્રથી આરજેડી ઉમેદવાર અને લાલુ પ્રસાદની પુત્રી મીસા ભારતી પુનપુન પહોંચી અને સૌરભ કુમારના પરિવારજનોને મળ્યા

(એજન્સી દ્વારા)પટના : બિહારની રાજધાની પટનાના પુનપુનમાં જેડીયુ યુવા નેતા સૌરભ કુમારની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ ગુસ્સે ભરાયેલા લોકોએ પટના-ગયા રોડ બ્લોક કરી દીધો હતો.તમને જણાવી દઈએ કે મોડી રાત્રે પુનપુનમાં લગ્ન સમારોહમાંથી પરત ફરતી વખતે જેડીયુ નેતાની હત્યા કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ પાટલીપુત્રથી આરજેડી ઉમેદવાર અને લાલુ પ્રસાદની પુત્રી મીસા ભારતી પુનપુન પહોંચી અને સૌરભ કુમારના પરિવારજનોને મળ્યા. પટના પોલીસની વિશેષ ટીમ તપાસ માટે ઘટના સ્થળે પહોંચી છે.ઘટનાસ્થળે પહોંચેલા એસપી ભરત સોનીએ જણાવ્યું કે, સૌરભ મોડી રાત્રે કારપેન્ટર્સ કોર્નર પાસેથી તેના એક મિત્ર સાથે લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યો હતો. દરમિયાન પુનપુન પાસે બાઈક સવાર ચાર બદમાશોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો, જેમાં સૌરભને માથામાં બે ગોળી વાગી હતી અને તેની સાથી મુનમુનને ત્રણ ગોળી વાગી હતી. એસપીએ જણાવ્યું કે, સૌરભ કુમારનું મોત ગળામાં બે ગોળી વાગવાને કારણે થયું છે. તે જ સમયે, તેની સાથી મુનમુન ઘાયલ છે અને પટનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જ્ઞાનવાપી મસ્જિદ પર ફેંસલો આપનાર જજને ધમકી

બરેલી : વારાણસીની જ્ઞાનવાપી મસ્જીદને લઈને ઐતિહાસિક નિર્ણય આપનાર સિવિલ જજ રવિ દિવાકરને ધમકીનો દોર સતત ચાલુ છે. કેટલાક દિવસો પહેલા જજનુ સુરક્ષા કવર ઘટાડીને એકસ કેટેગરીનુ કરાયુ હતુ. હાલ સતત મળતી ધમકીને પગલે સુરક્ષા કવર વધારીને વાય કેટેગરીનુ કરવાની માંગ કરાઈ છે.

જજે આરોપ લગાવ્યો છે કે, તેમને ઈન્ટરનેશનલ નંબરોથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી રહી છે.

અલાહાબાદ હાઈકોર્ટે તેમને અને તેમના પરિવારને વાય શ્રેણીની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો આદેશ કર્યો હતો, જેને બાદમાં ઘટાડીને એકસ શ્રેણીની કરવામાં આવી હતી. જજ રવિ દિવાકરની હાલમાં જ બરેલીમાં બદલી થઈ છે.ઉલ્લેખનીય છે કે, જજ દિવાકરની સુરક્ષામાં હાલ બે સુરક્ષાકર્મી તેનાત છે. જજના એક સહયોગીએ જણાવ્યુ હતુ કે. આટલી સુરક્ષા પર્યાપ્ત નથી. કારણ કે આ બંને સુરક્ષાકર્મીઓ આટોમેટીક બંદુક અને આધુનિક હથિયારો ધરાવતા આતંકવાદીઓનો મુકાબલો કરવા માટે જરૂરી હથિયારોથી સજ્જ નથી.

કેસર કેરી કરતાં સસ્તામાં વેચાતો રસ, આરોગ્ય વિભાગે દરોડા પાડી લીધાં સેમ્પલ

(પ્રતિનિધિ દ્વારા)

સુરત : ગુજરાતીમાં કહેવત છે કે, ચિભડાં કરતાં બીજ મોટું.. આ ઉક્તિ ચરિતાર્થ થતી જોવા મળી રહી છે. હજુ બજારમાં જોઈએ એટલી કેરી આવી નથી, જ્યાં મળે છે. ત્યાં ભાવ આસમાને છે. ત્યારે ઉનાળો શરૂ થતાં શહેરમાં કેરીના રસનું ઠેર-ઠેર વેચાણ શરૂ થઈ ગયું છે. જો કે, નવાઈની વાત એ છે કે હાલમાં બજારમાં કેસર કેરીનો ભાવ ૨૦૦થી ૨૫૦ રૂપિયે કિલો છે ત્યારે અનેક દુકાનોમાં રસ માત્ર ૧૪૦થી ૧૮૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યો છે.મોંઘી કેરી કરતાં સસ્તામાં રસ વેચાઈ રહ્યો હોવાથી ભેળસેળ થતી હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. જેથી પાલિકાના ફૂડ વિભાગે સક્રિય થઈને ૧૨ દુકાનોમાં ચેકિંગ કર્યું હતુ. જેમાં મેંગો મિલ્ક શેકનાં ૧૭ નમૂનાં લઈ લેબમાં મોકલાયાં છે. કેટલાક દુકાનદારો રસમાં ખાંડ અને દૂધ ઉમેરતા હોય છે. સાથે તેમાં કેટલાક એસેન્સ અને કલર પણ મેળવતા હોવાની ફરિયાદ છે.

દિલ્હીની તિહાર જેલમાં ગેંગવોર : ચાર કેદીઓ ઘાયલ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : દિલ્હીની તિહાર જેલની જેલ નંબર-૩ની અંદર ચાર કેદીઓ એકબીજા સાથે અથડાયા બાદ ઘાયલ થયા છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. તેણે કહ્યું કે બે અલગ-અલગ ગેંગના કેદીઓએ તીક્ષ્ણ હથિયારોથી એકબીજા પર હુમલો કર્યો. એક પોલીસ અધિકારીએ કહ્યું કે એવી શંકા છે કે કેદીઓએ જેલમાં વર્ચસ્વ સ્થાપિત કરવા માટે એકબીજા પર હુમલો કર્યો હતો.

ભારતીય પાસપોર્ટ દુનિયામાં બીજા નંબરનો સૌથી સસ્તો પાસપોર્ટ, યુએઈ બીજા ક્રમે

નવીદિલ્હી : તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ભારતીય પાસપોર્ટ વિશ્વભરમાં મેળવવા માટે બીજા સૌથી સસ્તા પાસપોર્ટ તરીકે સ્થાન ધરાવે છે.તે માન્યતાના "વર્ષ દીઠ ખર્ચ" સંદર્ભમાં સૌથી વધુ ખર્ચ-અસરકારક હોવાની ગૌરવ ધરાવે છે.ઉલ્લેખનીય છે કે, ભારતીય પાસપોર્ટ ધારક ૬૨ દેશોમાં વિઝા વિના મુસાફરી કરી શકે છે.UAE પાસપોર્ટ વૈશ્વિકસ્તરે સૌથી વધુ સસ્તો પાસપોર્ટ તરીકે ટોચનું સ્થાન મેળવે છે. સંપાદન ખર્ચ અને વિઝા-મુકત એકસેસ ઓફર કરતા દેશોની સંખ્યા બંનેની દ્રષ્ટિએ અન્ય તમામને પાછળ છોડી દે છે.ઓસ્ટ્રેલિયના ફર્મના અખબારી નિવેદન અનુસાર, ભારતીય પાસપોર્ટની ૧૦ વર્ષની માન્યતા અવધિ માટે ૧૮.૭ નો ખર્ચ થાય છે. જ્યારે UAE પાસપોર્ટ માટે ૫-વર્ષની માન્યતા અવધિ માટે ૧૭.૭૦ ની ફીની જરૂર પડે છે.જ્યારે ભારતીય પાસપોર્ટ ઓછી કિંમત ધરાવે છે, ત્યારે તેની વિઝા મુકત એકસેસ તુલનાત્મક રીતે મર્યાદિત છે.આ ઓસ્ટ્રેલિયા, યુએસએ અને કેનેડા જેવા દેશોથી વિપરીત છે, જ્યાં પાસપોર્ટ વધુ ખર્ચે આવે છે. પરંતુ વ્યાપક વિઝા-મુકત એકસેસ સાથે વધુ પાસપોર્ટ પાવર ઓફર કરે છે. મુસાફરી વીમા સરખામણી નિષ્ણાંતોએ પાસપોર્ટ ફીની યાદી તૈયાર કરી, તેનું મૂલ્યાંકન કિંમત, માન્યતા અવધિ અને પાસપોર્ટ પાવરના આધારે કર્યું.

કેન્યામાં પૂરને લીધે ચારેબાજુ વિનાશ, ૩૮ લોકોનાં મોત,લાખો અસરગ્રસ્ત

નવીદિલ્હી : આફ્રિકન દેશ કેન્યામાં મૂશળધાર વરસાદે વિનાશ વેર્યો છે. ભારે વરસાદને લીધે દેશના ઘણા વિસ્તારો જળમગ્ન થયા છે. પૂરના પાણીથી સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. અત્યાર સુધી ૨૮ લોકોનાં મોત થઈ ચુક્યા છે. અડધું કેન્યા આ સમયે પૂરના પાણીમાં ગરકાવ થયું છે. પૂરથી લાખો લોકોને અસર થઈ છે. માર્ગો, શેરીઓ અને લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓમાં વાહનો પાણીમાં ડૂબી ગયા છે. વરસાદથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. લોકો સુધી રાહત પહોંચી નથી રહી.

'હવે મામા દિલ્હી જશે', મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણનું ભાષણ ચર્ચામાં

(એજન્સી દ્વારા)

ભોપાલ : મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને વિદિશાના ભાજપના ઉમેદવાર શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે હવે મામા દિલ્હી જશે અને દિલ્હીમાં પણ ખાલી નહીં જાય. શિવરાજ સિંહના ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

શિવરાજ સિંહ વીડિયોમાં કહે છે, "દેશમાં મોદીજી અને અહીં મોહન યાદવજી કામ કરશે અને હવે મામા દિલ્હી જશે અને દિલ્હી પણ ખાલી-પીલી નહીં જાય. દૂબળો-પાતળો જરૂર છું પરંતુ કામ કરાવીને છોડીશ, ચિંતા ના કરતા. અહીંના વિકાસ અને સારા માટે જઈશ."આ વચ્ચે એક કાર્યકર્તાએ માંગ કરતા કહ્યું કે, તમાર

વિકસિત ભારતના સંકલ્પ સાથે દેશ આગળ વધે છે : વિનોદ ચાવડા

ભુજ : છેલ્લા દશ વર્ષોની અવિસ્મરણીય ઉપલબ્ધિઓ જેનાથી આજે આંતરરાષ્ટ્રીય વિશેષજ્ઞ અને એજન્સીઓ ચમત્કૃત છે, વિકસિત ભારતનો સંકલ્પ ફેજાઈલ ફાઈવથી ફેબુલશ ફાઈવની યાત્રા રીફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મની યાત્રા રહી છે. નવી નવી ઉંચાઈઓ સર કરે છે તેવું કચ્છ લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

કચ્છ લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ અંજાર શહેર મધ્યે જાહેરસભાને સંબોધન કર્યું. ત્યાર બાદ ભચાઉ તાલુકાના નાની ચીરઈ, લુણવા, આમરડી, બંધડી, ચોબારી, લાખાવટ, આધોઈ, જુના કટારિયા, શિકારપુર અને જંગી ગામે ચુંટણી પ્રવાસ યોજી ગ્રામજનોને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા ભારતને સ્વનિર્ભર બનાવવા માટે શરૂ કરવામાં આવેલ વિવિધ યોજનાઓ થકી આર્થિક વિકાસ અને રોજગાર સૃજન માટેની દિશામાં કરેલ કાર્ય અંગેની રૂપરેખા આપી સાથે અચૂકથી મતદાન કરવા એવમ જનસમર્થન આપવા અપીલ કરી હતી. વિનોદભાઈ ચાવડાએ ભુજ ખાતે શ્રી મામૈ મહેશ્વરી સમાજ દ્વારા પરમ પૂજ્ય મતિયાદેવ દાદા મંદિર, ગુડથર, અબડાસા તિર્થધામ મધ્યે જતા પદયાત્રીઓ માટે શરૂ કરવામાં આવેલ સેવા કેમ્પ મધ્યે હાજરી આપી, માધાપર ગામે પરમ પૂજ્ય શ્રી મતિયાદેવ દાદાના મંદિરે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા સાથે માધાપર યુવક મંડળ દ્વારા પરમ પૂજ્ય શ્રી મતિયાદેવ દાદા મંદિર, ગુડથર, અબડાસા તિર્થધામ મધ્યે જતા પદયાત્રીઓ માટે મેડિકલ સેવા પૂરી પાડવા શરૂ કરવામાં આવેલ એમ્બુલન્સના પ્રસ્થાન પ્રસંગે હાજરી આપી, ધાણેટી ગામ મધ્યે પ.પૂ. શ્રી સિદ્ધાર્થ મહારાજજીના વ્યાસપીઠે આયોજિત 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ' પ્રસંગે હાજરી આપી એવમ કથાનું શ્રવણ કર્યું, ભચાઉ તાલુકાના નાની ચીરઈ ગામ મધ્યે સદગુરુ સંત કબીર આશ્રમમાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા સાથે આશ્રમના સાધ્વી પ.પૂ. સારથીદાસ માતાજીના શુભાશિષ પ્રાપ્ત કર્યા તેમજ મનફરા ગામે લીમડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભાવચંદ્રજી સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ચુંટણી પ્રવાસ દરમ્યાન જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતિબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, પાર્ટી આગેવાનો, વિવિધ મંડલના હોદ્દેદાર સાથે કાર્યકર્તાઓ જોડાયા હતા.

આહિર સમાજના શૈક્ષણિક વિકાસ માટે સક્રિય

યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના નવા હોદ્દેદારોની વરણી

સંસ્થાના પ્રમુખ તરીકે દાતા પરિવારના રણછોડભાઈ ગોપાલભાઈ ડાંગર (નાડાપા) વરાયા : ઉપપ્રમુખ તરીકે દેવકરણભાઈ આહિર અને મંત્રી પદે એચ.એસ. આહિરની વરણી : નવ નિયુક્ત હોદ્દેદારોએ સમાજના શૈક્ષણિક વિકાસને વધુ વેગવાન બનાવવા સક્રિય રહેવાની ખાતરી આપી

ભુજ : કચ્છના આહિર સમાજના શૈક્ષણિક વિકાસ માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ તરીકે આહીર સમાજના દાતા પરિવારના રણછોડભાઈ ગોપાલભાઈ ડાંગર (નાડાપા)ની વરણી કરવામાં આવી હતી.

આ અંગેની વિગતો મુજબ માધાપર ખાતે યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની સામાન્ય સભામાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આહિર સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં હોદ્દેદારો વરાયા હતા. નવ નિયુક્ત પ્રમુખ રણછોડભાઈ ડાંગરે સમાજના શૈક્ષણિક વિકાસને વધુ વેગવાન બનાવવા સક્રિય રહેવાની ખાતરી આપી હતી. તો ઉપસ્થિત આહિર સમાજના મોભીઓએ શિક્ષણ ક્ષેત્રે પૂરક બળ મળશે તેવી આશા વ્યકત કરી હતી. નિવૃત્ત થતા પ્રમુખ શામજીભાઈ ડાંગરે નવા પ્રમુખને સન્માન સાથે આવકાર આપ્યો હતો, જ્યારે આ સંસ્થાના ઉપપ્રમુખ પદે દેવકરણભાઈ આહિર અને મંત્રી પદે ઝીકડીના અગ્રણી એચ.એસ. આહીરની વરણી થઇ હતી. તેઓ પણ વિવિધ ક્ષેત્રે સક્રિય ભૂમિકા ભજવે છે. માધાપર હાઈવે નજીક સંકુલમાં આવેલી આહીર બોર્ડિંગનું યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. આ સંસ્થાના વર્તમાન પ્રમુખ શામજીભાઇ ભુરાભાઇ ડાંગર અને તેમની ટીમે સ્વૈચ્છિક નિવૃત્તિ લેતાં આહીર સમાજના અગ્રણીઓ રાણાભાઇ રવાભાઇ ડાંગર, પૂર્વ ધારાસભ્ય શિવજીભાઇ આહીર, લોડાઇ વિભાગ આહીર સમાજના પ્રમુખ સતીશભાઇ છાંગા વગેરેએ નાડાપાના રણછોડભાઇને પ્રમુખપદ સોંપ વાની દરખાસ્ત સમાજ સમક્ષ મૂકી હતી. રણછોડભાઇના પિતા સ્વ. ગોપાલભાઇ ડાંગર આહીર સમાજના અગ્રણી હતા અને લોડાઇ વિભાગ આહીર સમાજના પ્રમુખ રહી ચુક્યા હતા અને ભુજોડી આહીર કન્યા વિદ્યામંદિરના પણ ટ્રસ્ટી પદે હતા. નવનિયુક્ત પ્રમુખ રણછોડભાઇ ભુજોડી કન્યા વિદ્યામંદિરના ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે અને પિતાના પગલે સામાજિક કાર્યો માટે યોગદાન આપતા રહે છે. માધાપર હાઇવે સ્થિત આહીર બોર્ડિંગમાં મળેલી આ બેઠકમાં જિલ્લા પંચાયત સદસ્ય દામજીભાઇ ચાડ, તાલુકા પંચાયત સદસ્ય ભુરાભાઇ બતા, અગ્રણી હરિભાઇ પાંચા ગાગલ, વાલાભાઇ ચાડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભૂલથી આવેલી રકમ મૂળ માલિકને પરત અપાઈ

ગાંધીધામ : પ્રમાણિકતા કળયુગમાં હજુ જીવંત છે. આજના જમનામાં પણ તેના પ્રમાણ જોવા મળે છે. તાજેતરમાં જ ગાંધીધામની યુવતીના ખાતામાં ભૂલથી ૫૫,૫૦૦ની રકમ જમા થઈ હતી, તે મૂળ માલિકની ખરાઈ કર્યા બાદ પરત આપવામાં આવી હતી. ગાંધીધામની યુવતી નિધિ આશિષ પંડ્યાના ખાતામાં રૂા. ૫૫,૫૦૦ જમાઈ થયા હતા, તે માલૂમ પડતાં તેણીના પિતા ભુજમાં સહાયક ફોજદાર તરીકે ફરજ બજાવતા પિતા ભરતભાઈ દવેને નિધિએ જાણ કરી હતી. તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, આ પૈસા કાંકરેજના શિક્ષક જોધાભાઈ માધાભાઈ પ્રજાપતિના પૈસા ભૂલથી નિધિના ખાતામાં આવી ગયા હતા. આ મામલે ખાતરી કર્યા બાદ પિતાની સલાયને માન આપીને જમા થયેલી રકમ શિક્ષકને પરત અપાઈ હતી.

નખત્રાણા બસ સ્ટેશન ખાતે એસટીના ડ્રાઈવર, કંડકટરની આંખોની તપાસ કરાઈ

નખત્રાણા : ભુજ કેસીઆરસી અંધજન મંડળ દ્વારા નખત્રાણા બસ સ્ટેશન ખાતે એસટીના ડ્રાઈવર, કંડકટર, સ્ટાફના તેમજ પ્રવાસીઓની આંખના નંબર ચેક કરીને નોર્મલ ચાર્જથી ચશ્મા આપવામાં આવ્યા તેમજ આંખને લગતા રોગોની તપાસ કરીને, દવા ટીપા સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા.

ઓપરેશન લાયક દર્દીઓને ભુજ ખાતે શનિ - રવિ મફત ઓપરેશન થાય છે તો દર્દીઓને ભુજ આવવા જણાવ્યું હતું. સાથે વિરાણી પીએચસી દ્વારા બ્લડ સુગર, બ્લડ પ્રેશર, નોર્મલ ચેકઅપ કરીને દવાઓ આપી હતી. એસટી ડેપોના મેનેજર એન.પી. ગુંસાઈ, વાલજીભાઈ મારવાડા, શામજીભાઈ મહેશ્વરી, ગૌતમભાઈ, વેલજીભાઈ પાયણ તેમજ કંડકટર, કર્મચારી મંડળ સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા. આયોજન માટે સહયોગ હરેશભાઈ જોશી, નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજેશ પલણએ જણાવ્યું હતું કે, બસમાં સેવા આપતા ડ્રાઈવર, કંડકટર તેમજ કર્મચારીની શારીરિક તંદુરસ્તી સારી રહેએ જરૂરી છે. હજારો પ્રવાસીઓ બસમાં પ્રવાસ કરતા હોય છે, એ માટે તેમની તંદુરસ્તી બરોબર હોય એ આપણા માટે જરૂરી છે.

મેનેજર એન.પી. ગુસાઈએ કેમ્પના આયોજન બદલ આભાર માન્યો હતો. ડો. ઉજવળ બહુગુણાએ આંખની તપાસ કરી હતી. સીતાબેન રબારી સહાયોગી રહ્યા હતા. પીએચસી વિરાણીવતી ગોસ્વામી શિવાંગીબેન, મકવાણા મોહિનીબેન, જયદીપ રાઠોડ, સુલેમાનભાઈ પિંજારા, તાલુકા બ્લોક હેલ્થ ઓફિસ સુપરવાઈઝર દ્વારા તપાસી દવા આપવામાં આવી હતી. સંચાલન નીતિનભાઈ એલ. ઠક્કરે કર્યું હતું.

ભુજમાં ભાજપ દ્વારા રાસ ગરબાથી ચૂંટણી પ્રચાર

ભુજ : ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અને કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીની સુચનાથી આજે ભુજ શહેર ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર - પ્રસાર માટે નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.

આજે ભુજ શહેરના વિવિધ વિસ્તારમાં શહેર ભાજપ દ્વારા ગરબાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાસ ગરબાના માધ્યમથી ચૂંટણી પ્રચાર સાથે મતદારોને આગામી ૭મી મેના અચુક મતદાન કરવા માટેનો સંદેશો વહેતો કરવામાં આવ્યો હતો.

ભુજ શહેર ભાજપના નરોત્તમભાઈ પોકાર અને ધીરેનભાઈ લાલને વિગતો આપતા જણાવ્યું હતું કે, પાર્ટીના પ્રચાર - પ્રસાર હેતુ ભુજ શહેરના વીએચ પટેલ સર્કલ, વાણીયાવાડ વગેરે વિસ્તારમાં પાર્ટી કાર્યકર્તાઓ દ્વારા ગરબા કરવામાં આવ્યા હતા. યુવા અને મહિલા કાર્યકરો પરંપરાગત વસ્ત્રો ધારણ કરી અને હાથમાં ભાજપાનો ધ્વજ લઈ કાર્યક્રમમાં જોડાયા હતા.

ભુજ શહેરના જાહેર માર્ગો પર ભાજપના ગરબાએ આકર્ષણ જમાવ્યું હતું. આજે સાંજે ભુજ સ્વામિનારાયણ મંદિરની સામે, મંગલમ ચાર રસ્તા, રઘુવંશી નગર ચોકડી, જયુબીલી સર્કલ, આરટીઓ સર્કલ, પ્રમુખ સ્વામીનગર વગેરે વિસ્તારમાં પણ ગરબાના કાર્યક્રમોનું આયોજન કરાયું હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં રસિલાબેન પંડયા, અનિલભાઈ છત્રાળા ઉપરાંત શહેર અને તાલુકા ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

હિટવેવને ધ્યાને રાખી શાળાનો સમય સવારે ૭થી ૧૧ કરાયો

ભુજ : હિટવેવને ધ્યાને રાખી રાજ્યની પ્રાથમિક શાળાઓના સમયમાં ફરી એક વખત ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કરાયેલા પરિપત્ર પ્રમાણે શાળાનો સમય હવેથી ૭થી ૧૧નો રહેશે. ઉનાળા દરમિયાન ઓપનએર વર્ગો યોજી શકાશે નહીં. તેમજ તમામ શાળાઓમાં હિટવેવથી બચવાના ઉપાયો અને અસરો વિશે માહિતી આપવાની રહેશે. દરમિયાન પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા આ માટે અગાઉ રજૂઆત કરાઈ હતી, જેને સાનુકુળ પ્રતિસાદ મળ્યો છે.

અપહરણના ગુનામાં આરોપી ઝડપાયો

ગાંધીધામ : મધ્યપ્રદેશ રાજ્યના ખાચરોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુના કામે સંડોવાયેલો આરોપી જુની સુંદરપુરીમાં હોવાની બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસે આરોપી ગોપાલ ચંદ્રવંશી દેવીપુજકને ઝડપી ૧૭ વર્ષિય સગીરાને શોધી બન્નેનો કબજો મધ્યપ્રદેશ પોલીસને આપ્યો છે.

હટડી પાટિયા પાસે વાહન હડફેટે બાઈક સવાર બે યુવાનના મોત

પરપ્રાંતિય યુવાનો લેબર કોલોનીથી હટડી જતા હતા, ત્યારે નડ્યો અકસ્માત

મુંદરા : તાલુકાના હટડી ગામના પાટિયા પાસે વાહન હડફેટે આવી જવાના કારણે બાઈક સવાર બે યુવાનોના મોત થવા પામ્યા છે.

પરપ્રાંતિય યુવાનો લેબર કોલોનીથી નિકળ્યા હતા અને ગામમાં જતા હતા, ત્યારે અકસ્માત નડ્યો હતો. લેબર કોન્ટ્રાકટર મહેન્દ્રસિંહ હેમુભા જાડેજાએ નોધાવેલી ફરિયાદ પ્રમાણે ઝારખંડના અમીત પ્રકાશ દિલીપકુમાર દ્વિવેદી અને બિપિનકુમાર આત્મજ વિજયકુમાર ચંદ્રવંશી પોર્ટ બ્રિજ કંપની સામે આવેલ લેબર કોલોનીથી હટડી ગામ બાજુ જતા હતા, ત્યારે સામેથી કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા અકસ્માત થયો હતો. જેમાં માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત થયું હતું.

બંનેના ઘટના સ્થળે મોત થતાં લેબર કોલોની અને પરપ્રાંતિય શ્રમિકોમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું હતું. મુંદરા મરીન પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

કિડાણામાં કરંટ લાગતા સગીરાનું મોત

ગાંધીધામ : કિડાણા ગામની સીમમાં કરંટ લાગતા સગીરાનું મોત થયું હતું. બી ડિવિઝન પોલીસમાંથી મળેલી વિગતો મુજબ ૧૨ વર્ષિય આરાધના હરિલાલ ધોળકિયા જમીનમાં ગાળેલા અર્થિંગની ખીલ્લી ઉપાડવા ગઈ ત્યારે કરંટ લાગતા ગંભીર ઈજાઓના કારણે તેનું મોત થયું હતું. ઉત્તમ સોલ્ટ પ્લોટ નં. ૭, સર્વે નં. ૧૫૫માં આ બનાવ બન્યો હતો. જેના કારણે અરેરાટી ફેલાઈ હતી.

સુરતમાં વર્લ્ડ ટેબલ ટેનિસ ડેની ઉજવણી કરાઈ

ગાંધીધામ : સુરતમાં વર્લ્ડ ટેબલ ટેનિસ ડેની ઉજવણીના ભાગરૂપે ગુજરાતનાં ટોચનાં ૩ ખેલાડી હરમિત દેસાઈ, માનવ ઠક્કર અને માનુષ શાહને સુરતનાં અવધ ઉટોપિયામાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (જીએસટીટીએ) દ્વારા સન્માનિત કરાયા હતા.ભારતનાં નંબર-૧ હરમિતને શ્રેષ્ઠ પુરુષ ખેલાડીનો રોકડ પુરસ્કાર ૧ લાખ રૂપિયા, ભારતનાં નંબર-૨ માનવ ઠક્કરને ઓવરઓલ શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ આપવાની સાથે ૭૫ હજારનો રોકડ પુરસ્કાર અને નંબર-૩ માનુષ શાહને ૫૦ હજારનો રોકડ પુરસ્કાર એનાયત કરાયો હતો.

આ સમયે ચીફ ગેસ્ટ ડૉ. કિશોર ચાવડા (વાઈસ ચાન્સલર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), અતિથિ વિશેષ રમેશ વઘાસિયા (પ્રમુખ, ધ સાઉથર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી), જીએસટીટીએ પ્રમુખપ્રમોદ ચૌધરી અને જીએસટીટીએ સેક્રેટરી કુશલ સંગતાણી હાજર રહ્યાં હતા. જીએસટીટીએ દ્વારા આવનારા સમયમાં આંતરરાષ્ટ્રીય ટૂર્નામન્ટનું આયોજન કરાશે. આ ઉપરાંત અમે ટેબલ ટેનિસની લીગ- જીએસએલનું પણ આયોજન કરીશું.

આ સિવાય ખેલાડીઓ જીત પંડ્યા, શાઈની ગોમ્સ, સોનલ પટેલ, ભાવિના પટેલ, શિતલ દરજી, ભાવિકા કુકડિયા, યઝદી ભમગરા, નરેશ પવાર, વિન્સી તન્ના, અંશ ખમાર, દાનિયા ગોડિલ, જેનિલ પટેલ, જીયા ત્રિવેદી, માલવ પંચાલ, દેવેશ કારિયા, મોઉબોની ચેટર્જી, જન્મેજય પટેલ, ઓઈસિકી જોઆરદાર, અરમાન શેખ, જીગ્નેશ જયસ્વાલ, પ્રસુન્ના પરીખ, વિરલ પટેલ, રાધાપ્રિયા ગોએલ, વાહિદ માલુભાઈવાલા, નિધિ પ્રજાપતિ, રિયા જયસ્વાલ, ઓઈસિકી જોઆરદાર, ફેનાઝ છીપિયા, ફિલઝાહ ફાતેમા કાદરી સહિતનાઓને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા હતા.

ખાવડા પંથકમાં આવેલા નારણપીર દાદાના મંદિરે આરાધીવાણી યોજાઈ

ભુજ : કચ્છની સરહદે આવેલા મારવાડા સમાજના ધર્મગુરૂ પીર નારણપીર દાદા મંદિરે ભરાતા ચૈત્ર સુદ પૂનમના મેળામાં પાટકોરી નિમિત્તે દર્શન કરી આરાધીવાણીનો લાભ લીધો હતો. સવારના સંતોના સામૈયા, ધ્વજારોહણ અને રાત્રે પાટકોરી ત્યારબાદ આરાધીવાણીના સુપ્રસિદ્ધ કલાકારો મુરાલાલા મારવાડા, કનૈયાલાલ સીજુ (વિરાણી મોટી), શુક્રિયા ભગત (કુરન), ખમો ભગત (કૂરન), જયંત મારવાડા (મોટી વિરાણી), હરિલાલભાઈ (મૂધાન), માલસી ભગત (કુરન), નારાયણભાઈ સિજુ (મોટી વિરાણી), વાલજીભાઈ સીજૂ (ખોંભડી મોટી), રાજાભાઈ જેપારે આરાધીવાણી રજૂ કરી હતી.

આ પ્રસંગે અનેક સંતો મહંતોએ હાજરી આપી હતી. આરાધીવાણીમાં લઠેડી મળદપ ીર દાદાધામના સેવક દિનેશ દાદાએ હાજરી આપી હતી. મેળામાં સેવા શ્રી નારાયણ પીર દાદા સેવા સમિતિના સમિતિના ભાઈઓ આપી હતી. સંચાલન વીરાભાઇ આલા મારવાડાએ કરી હતી.

ડ્રગ્સના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

અંજાર : અંજાર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧ મા નોંધાયેલા એનડીપીએસના ગુના કામે છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપી મૂળ ભચાઉના કંથકોટના અને હાલે વરસામેડી અંબાજીનગર-૬ મા રહેતા રતનભાઈ પંચાણભાઈ રબારીને અંજાર પોલીસે અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીધામમાં મોબાઈલની દુકાનમાં ચોરી કરનારા બે યુવક ઝડપાયા

ગાંધીધામ : શહેરમાં ભારત નગર ખાતે મેઈન બજારમાં રાધા જવેલર્સની બાજુમાં આવેલી જલારામ મોબાઈલ નામની દુકાનમાંથી ચોરી થઈ હતી. જેમાં બે શખ્સોની એ-ડિવિઝન પોલીસે ધરપકડ કરી છે. ફરિયાદી અમીતભાઈ ચમનલાલ સાયતા (ઠક્કર)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે રાતના સમયે તેમની દુકાનની છતમાં લગાવેલા સિમેન્ટના પતરા તોડી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા હતા અને રીપેરીંગમાં આવેલા અલગ અલગ કંપનીના ૨૩ હજારના પાંચ મોબાઈલ અને ૨ હજારની બે પાવર બેન્ક મળી ૨૫ હજારની મત્તા ચોરી ગયા હતા. જે બનાવમાં એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે રિશિપિંગ પાસેથી બે શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં મહેશ્વરીનગરમાં રહેતા મનીષ મીઠુભાઈ રતડ અને નિખિલ રતનશીભાઈ મહેશ્વરીની અટક કરવામાં આવી હતી તેઓ પાસેથી ૨૫ હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે.

માંડવીમાં લોનના નામે ૮૩ હજારની ઠગાઈ કરાઈ

માંડવી : શહેરમાં પીજીવીસીએલ કચેરી પાસે લોનના નામે ૮૩ હજારની ઠગાઈ કરાતા પોલસી ફરિયાદ નોંધાઈ હતી.

આ બાબતે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ ૫ જુલાઈ ૨૦૨૩થી ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ દરમિયાન આ બનાવ બન્યો હતો.

સલાયાની રજાક કોલોનીમાં રહેતા હનાન યુનુસ જુણેજાએ જણાવ્યું હતું કે, આરોપી કાંઠાનાકામાં રહેતા મોસીનખાન ઈકબાલખાન પઠાણે લોન અપાવાના બહાને ગુગલ પે તેમજ પેટીએમ દ્વારા ટુકડે ટુકડે ૮૩,૪૦૦ મેળવી લીધા હતા. પોતાના અંગત ફાયદા માટે રૂપિયા પડાવી ફરિયાદીને લોન કે, રૂપિયા પરત ન આપી ઠગાઈ કરવામાં આવતા ગુનો દાખલ કરાયો છે.

માધાપર બાપા સિતારામ મઢુલી ખાતે કાલે પાટોત્સવ ઉજવાશે

ભુજ : તાલુકાના માધાપર ખાતે મોમાય કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ અને બાપા સિતારામ મઢુલી ગ્રૂપ દ્વારા મોમાય માતાજી મંદિર તેમજ બાપા સિતારામ મઢુલી અને મહાકાલ ભૈરવદાદાનો ૧૭ મો અને મોજે મસ્તરામ બાપુનો ૧૪ મો પાટોત્સવ તા.૨૬/૪ ના યોજાશે. સવારે ૯ વાગ્યે ગણેશ પૂજન, ૧૦ વાગ્યે સ્થાપિત દેવોનું પૂજન, ૧૨ વાગ્યે હોમ-હવયજ્ઞ, મહાપ્રસાદ, સંગીતમય મહાઆરતી સાથે ૭:૩૦ કલાકે, રાત્રે ૧૦ વાગ્યે નિજાનંદ સંતવાણી યોજાશે. પાટોત્સવના કાયમી દાતા લીલાવંતીબેન ચુનિલાલ ઠક્કર હસ્તે દિનેશ ચુનીલાલ ઠક્કર માધાપર રહેશે.

મેઘપર બોરીચીમાં આઈપીએલની મેચ પર સટ્ટો રમતા બે ઝડપાયા

અંજાર : તાલુકાના મેઘપર બોરીચીમાં શિવધારા સોસાયટીમાં આઈપીએલની મેચ પર સટ્ટો રમતા બે યુવકને ઝડપી લેવામાં આવ્યા હતા. રોહિત પ્રોવિઝન સ્ટોરમાં રોહિત કાનજીભાઈ ભાનુશાલી અને પૃથ્વીરાજ લાલચંદ શુકલા આઈપીએલની દિલ્હી અને ગુજરાત વચ્ચેની મેચ પર સટ્ટો રમતા હતા. રાજદેવ વાઘેલા પાસેથી આઈડી મંગાવી ઓનલાઈન સાઈટ મારફતે રૂપિયાની હારજીતનો જુગાર રમતા હતા. બંનેને ઝડપી રોકડા રૂપિયા ૧૩૦૦ અને ૧૦ હજારના બે મોબાઈલ કબ્જે કરવામાં આવ્યા છે. ત્રણેય સામે અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બુટારમોરામાં ટ્રકમાંથી ૩૪૦ લીટર ડીઝલ ચોરાયું

અંજાર : તાલુકાના બુઢારમોરા નજીક તુલસી હોટલના પાર્કિંગમાં રાખેલી ટ્રકમાં ડીઝલ ચોરાયું હતું. વાઘેશ્વરી કેરિયર ટ્રાન્સપોર્ટની ગાડી નં.જીજે૩૯-આઈ-૮૫૪૫ માંથી ૩૪૦ લિટર ડીઝલ કિંમત રૂા.૩૦,૬૯૫નું ડીઝલ ચોરાયું હતું. રાતના સમયે ગાડી પાર્કિંગ કરીને ડ્રાઈવર સૂઈ ગયો ત્યારે કોઈ શખ્સોએ ટાંકીમાંથી ડીઝલ ચોરી લીધું હતું જે અંગે કુનરિયાના મનજીભાઈ ભીમજીભાઈ ડાંગરે દુધઈ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે.

નજીકના ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ આપણા જીવનનો ભાગ બનશે

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અત્યાધુનિક લેબ ધરાવતી સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ શિણાય

બાળકોના સર્વાંગી વિકાસ માટે સ્માર્ટ ક્લાસરૂમ, વિશાળ મેદાન સહિતની અનેક સુવિધાઓ

ગાંધીધામ : ICSE બોર્ડે વર્તમાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી તેના અભ્યાસક્રમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સનો સમાવેશ કર્યો છે, તે બાબતને ધ્યાનમાં લઈ સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ વર્તમાન શૈક્ષણિક વર્ષમાં જ વિદ્યાર્થીઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ વિષય ઉપલબ્ધ કર્યા છે. દક્ષિણ કોરિયાની કંપની luxroboના સહયોગથી આ વિષયના શિક્ષણનો વ્યાપ વધારવા માટે સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ શિણાઈમાં અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ લેબનું ઉદ્ઘાટન કરાયું છે. અત્રે મહત્ત્વનું છે કે, આ અત્યાધુનિક લેબ સમગ્ર ભારતમાં આ પ્રકારની પ્રથમ લેબ છે. દક્ષિણ કોરિયાની Luxrobo કંપનીએ શાળાના અભ્યાસક્રમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દાખલ કરવા માટેની અગણી કંપની છે. તા. ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ લક્સરોબોના ગ્લોબલ સેલ્સ મેનેજર Huge Kimની હાજરીમાં એન. મોહન ક્રિષ્ના (ડિપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ, મુન્દ્રા પોર્ટ) દ્વારા A.I. લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે ફાધર બિનેશ (શાળાના મેનેજર), ડૉ. સેંથિલ કુમાર (CEO of the Learners Confluence Bangalore), કેરળની નેનો સ્કૂલના રાજેશ ફુલંગારા, માઉન્ટ લિટેરા ઝી સ્કૂલ જમશેદપુરના પ્રિન્સિપાલ કબીતા અગ્રવાલ, વાલી પ્રતિનિધિ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરેક્ટિવ સેશન યોજાયું હતું. સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ શિણાય કચ્છમાં સૌથી પહેલી ICSE અભ્યાસક્રમ ધરાવતી શાળા છે. આ શાળા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં ચેમ્પિયન છે. આ શાળા ICSE અભ્યાસક્રમ સાથે કચ્છમાં આ પ્રકારની પ્રથમ શાળા બની છે. શાળામાં બધા જ ક્લાસરૂમ સ્માર્ટ ક્લાસરૂમ હોવાની સાથે શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે વિશાળ રમતનું મેદાન છે, શાળામાં આંતરિક રમત માટે ચેસ, કેરમ વગેરે પણ ઉપલબ્ધ છે. સાથે બાળકોને કરાટે, સ્કેટિંગ, આર્ટ અને ક્રાફ્ટ, ડાન્સનું પણ પ્રશિક્ષણ અપાય છે. શાળા દ્વારા બાળકોને ગાંધીધામ, આદિપુર, મેઘપર, વરસામેડી સુધીના તમામ વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પૂરી પડાય છે. શાળામાં બાળકોના જ્ઞાન કૌશલ્ય માટે ૬૦૦૦થી પણ વધારે પુસ્તકો ધરાવતી લાઈબ્રેરી છે. શાળામાં છાત્રો માટે કોમ્પ્યૂટર લેબ, બાયોલોજી લેબ, કેમેસ્ટ્રી લેબ અને ફિઝિક્સ લેબની સવલતો છે. શાળામાં બાળકોને ભણવા સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ પણ કરાવાય છે, જેના ભાગરૂપે સમયાંતરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી બાળકોના અંદર રહેલી પ્રતિભાઓ ઉજાગર કરવાના પ્રયોત્નો કરાતા હોય છે.

લાકડિયા-અમદાવાદ ટ્રાન્સમિસન લાઈન મુદ્દે ખેડૂતોને યોગ્ય વળતર આપો

રાપરના પૂર્વ ધારાસભ્ય દ્વારા કરાઈ રજૂઆત

રાપર : હાલના સમયમાં ખાવડા ૨-બી ટ્રાન્સમિશન લી. દ્વારા ભારત સરકારની યોજના હેઠળના નારણસરી-ચાંદ્રોડામાં ૭૬૫ કેવી ડીસી લાકડિયા-અમદાવાદ ટ્રાન્સમિશન લાઈન નાખવામાં આવી રહી છે તે ખેડૂતોના ખેતરમાંથી જાય છે. આ અંગે યોગ્ય વળતર આપવા અંગે રાપર પૂર્વ ધારાસભ્ય સંતોકબેન આરેઠીયાએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર દ્વારા રજૂઆત કરી છે. સંતોકબેને પત્રમાં જણાવ્યું કે, ટ્રાન્સમિશન લાઈન નાખવામાં આવી રહી હોવાથી ખેડૂતોને હેરાન કરવામાં આવે છે અને પૂરતા પ્રમાણમાં વળતર આપવામાં આવતું નથી તે અંગેની વાંધા અરજી કંપનીમાં ખેડૂતોએ કરતા કંપની દ્વારા પોલીસ પ્રોટેકશન સાથે લઈ લાઈનો પસાર કરવામાં આવે છે પૂરતા પ્રમાણમાં વળતર આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.

વિશ્વ ટીટી દિવસની ગુજરાત સ્ટેટ ટીટી એસોસિઅશન દ્વારા ઉત્સાહ સાથે ઉજવણી

ગાંધીધામ : આજે વિશ્વ ટેબલ ટેનિસ દિવસના ઉપલક્ષમાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (જીએસટીટીએ)એ તેના સુરતની તામી વેલી સ્કૂલ ખાતેના એસએજી-તામી વેલી હાઇ પર્ફોર્મન્સ ટેબલ ટેનિસ સેન્ટર ખાતે ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

આજના દિવસે વિશ્વ નં. ૬૪ અને સ્થાનિક ખેલાડી હરમીત દેસાઈએ તેના ચુસ્ત તાલીમ કાર્યક્રમ માંથી સમય કાઢીને તામી વેલી સ્કૂલના ૫૦ જેટલા બાળકોને બેઝિક ટેબલ ટેનિસ શીખડાવ્યું હતું.

તેને કંપની આપતાં ભારત નં. ૩ વડોદરાના માનુષ શાહ જેણે ખેલાડીઓ સાથે ક્વોલિટી ટાઈમ વિતાવ્યો. બંને ખેલાડીઓએ બાળકો અને અન્ય રમતપ્રેમીઓ માટે ટેબલ ટેનિસ બોલ પર હસ્તાક્ષર કર્યા હતા.વર્લ્ડ નંબર ૬૧ માનવ ઠક્કર, જે પણ સુરતનો છે, તે ફ્રાન્સમાં તેના તાલીમ કાર્યક્રમને કારણે આવી શક્યો ન હતો. આ પ્રસંગે જીએસટીટીએના પ્રમુખ પ્રમોદ ચૌધરીએ જણાવ્યું હતું કે "જીએસટીટીએ ટેબલ ટેનિસ રમતના વિસ્તારને વધારવા માટે પ્રતિબદ્ધ છે. ટેબલ ટેનિસ એક અદ્ભુત રમત છે. ઉપરાંત, તે હવે ભારતમાં વ્યાપક લોકપ્રિયતા ધરાવે છે અને આપણું રાષ્ટ્ર વિશ્વ સ્તરે ઘણું સારું પ્રદર્શન કરી રહ્યું છે. વિશ્વ ટેબલ ટેનિસ દિવસ પર, અમે ઈચ્છીએ છીએ અને આશા રાખીએ છીએ કે વધુને વધુ બાળકો આ રમતમાં જોડાય."ભારતના નંબર ૧ ખેલાડી હરમીત તેના બાળપણના દિવસોને યાદ કર્યા હતાં અને કેવી રીતે બાળકોએ વહેલી શરૂઆત કરવી જોઈએ તેના પર ભાર મૂક્યો. "સખત મહેનતનું વળતર મળે છે અને મેં એ મેળવ્યું છે. હું આશા રાખું છું કે યુવા પેઢીના બાળકો પોતાની જાતને આગળ ધપાવે અને મહાન ઊંચાઈએ પહોંચે." ડાબોડી ખેલાડી માનુષ, જે એક સમાહ માટે એસએજી-તામી વેલી હાઈ પર્ફોર્મન્સ ટેબલ ટેનિસ સેન્ટરમાં તાલીમ લેશે તે ઘણા બાળકોને ટેબલ ટેનિસમાં રસ ધરાવતા જોઈને આનંદિત થયો હતો અને જણાવ્યું હતું કે " મેં મારા જીવનમાં ટેબલ ટેનિસના કારણે બધું જ હાંસલ કર્યું છે. જીએસટીટીએ જમીની સ્તર પર રમતને પ્રોત્સાહન આપવા માટે ખુબ સારું કાર્ય કરી રહ્યું છે".

સુડોકુ

	4			7	2	5		8
	6		4	9		2		
								1
	7	9				1	8	5
5	2	1				6	9	
2								
		7		3	4		5	
3		8	7	5			1	

અહીં એક યોકહું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

ગઈકાલનો ઉકેલ

1	4	2	8	7	5	9	3	6
7	6	8	9	4	3	2	5	1
9	3	5	2	6	1	4	7	8
3	9	1	6	8	2	7	4	5
5	2	7	3	1	4	6	8	9
4	8	6	5	9	7	1	2	3
2	7	9	1	3	8	5	6	4
8	1	4	7	5	6	3	9	2
6	5	3	4	2	9	8	1	7

અવસાન નોંધ

ભચાઉ : દિલીપભાઈ (ઉ.વ. ૩૫) (નમકીન ડ્રાઈવર) તે સ્વ. ઠા. ડાહ્યાલાલ સ્વરૂપચંદ કોટક (દાત્રાણા)ના પુત્ર, સ્વ. મનસુખલાલ (ભચાઉ), ભવાનજીભાઈ (ભચાઉ), કાન્તિલાલ સ્વરૂપચંદ (પાલનપર), કમળાબેન ત્રિભુવનદાસ રૈયા (ભચાઉ), દક્ષાબેન વસંતલાલ આચાર્ય (હારિજ), સ્વ. પ્રભાબેન ખોડીલાલ રતાણી (સાંતલપુર)ના ભત્રીજા, ઠા. ચમનલાલ, સ્વ. ભગવાનજી, રમેશ રતિલાલ રતાણીના ભાણેજ, ભાવનાબેન શશિકાંત માણેક (ભચાઉ), નીતાબેન સંજયભાઈ ચંદે (ભુજ), જ્યોત્સનાબેન વિજયકુમાર પૂજારા (મુંબઈ), હિતેષ (સુરત), ભાવેશ, રોહિત (સુરત)ના ભાઈ, ચેતનાબેન, સ્વ. સીમાબેન, વૈશાલીબેનના દિયર, વૈકુંઠભાઈ (લોહાણા મ.વાડી), કિરીટભાઈ મનસુખલાલ, રાજેશભાઈ, કમલેશભાઈ, ભવાનજીભાઈ, હરેશભાઈ, વિજયભાઈ કાન્તિલાલ (પાલનપુર), નર્મદાબેન રસિકલાલ (ખાંડેક), શારદાબેન સાયતા, હંસાબેન અશોકભાઈ મજીઠિયા (ખાંડેક), કૌશિકાબેન દિલીપભાઈ પૂજારા (ભચાઉ), લખમીબેન મહેન્દ્રભાઈ સાયતા (ભચાઉ), સંગીતાબેન બળવંતભાઈ મિરાણી (ભીમાસર હા. ગાંધીધામ), શીતલબેન કીર્તિકુમાર પૂજારા (ભચાઉ)ના પિતરાઈ ભાઈ તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા (ઉઠમણું) તા. ૨૫-૪ના સાંજે ૪.૩૦થી ૫.૩૦ માતાજી ચાગબાઈ સુંદરજી સત્સંગ હોલ, બિલેશ્વર મહાદેવ મંદિર, ભુજ ખાતે.

ભુજ / કુકમા : ક.ગુ.ક્ષ. સવિતાબેન (ઉ.વ. ૮૫) તે સ્વ. ધનજી ભવાનજી પરમારના પત્ની, સ્વ. લખીબેન ભવાનજીના પુત્રવધૂ, સ્વ. રતનજીભાઈ યાદવના પુત્રી, જેરામભાઈ, જેઠાલાલભાઈના ભાભી, હરિકુંવરબેન, સ્વ. શારદાબેનના જેઠાણી, ભાવનાબેન, વાસુદેવભાઈ, કમલેશ (વર્ષા)બેન, મનીષાબેન, દિનેશભાઈના મોટીમા, રેખાબેન, ચેતનાબેન, પ્રવીણભાઈ, બિપીનભાઈના મોટા સાસુ, મનન, રાઘવ, હેમાલીના મોટા દાદી, વિનય, જયશ્રી, વિજય, ભવ્ય, રાજ, ભૂમિના નાની તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના સાંજે પથી ૬ નિવાસસ્થાન ૩૨/૩૩-ડી, સ્વામિનારાયણ નગર, ભક્તિ પાર્ક સોસાયટીની પાછળ, શનિ મંદિર સામે, મુંદરા રોડ, ભુજ ખાતે.

ભુજ : રાજગોર અમૃતબેન મણિશંકર નાકર (ઉ.વ. ૮૫) તે સ્વ. મણિશંકર ખીમજીના પત્ની, સ્વ. મોંઘીબાઈ ખીમજી વેલજીના પુત્રવધૂ, સ્વ. વેલબાઈ કાનજી ઉગાણીના પુત્રી, સરોજબેન રવિલાલ અજાણી, સ્વ. સતિષભાઈ, જગદીશભાઈ, બિપિનભાઈ, નીતિનભાઈના માતા, સ્વ. રાધાબેન માવજી માકાણી, ગંગારામભાઈ, સ્વ. હરિશંકરભાઈના ભાભી, કાંતાબેન, જયાબેનના જેઠાણી, સ્વ. હેમેનભાઈ અંતાણી, ધનલક્ષ્મીબેન જગદીશભાઈ મકવાણા, સરોજબેન મહેશભાઈ મકવાણા, સીમાબેન હિતેશભાઈ મકવાણાના ભત્રીજા, ટીના સંદીપ પરમારના ભાણેજ, દીપવિજય, ઉત્સવ, સયાની વરૂણ મહેતા, માહિર, પ્રિષા, હાર્દિ, શૌર્ય, દિપ્સા, મેહાના ભાઈ તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા બહેનો તથા ભાઈઓની તા. ૨૫-૪ના સાંજે ૫:૩૦થી ૬:૩૦ રાજપૂત સમાજવાડી, રાવલવાડી રિલોકેશન સાઈટ, ભુજ ખાતે.

ભુજ : મણિબેન ડાયાભાઈ બોખાણી (ઉ.વ. ૬૭) તે સ્વ. ડાયાભાઈ આત્મારામના પત્ની, ગં.સ્વ અજબેન આત્મારામના પુત્રવધૂ, કમીબેન હમીર મણોઢિયાના પુત્રી, વસંતીબેન, નાનુબેન, દિનેશ, જયોતિબેન, ભાણજીના માતા, હરિભાઈના નાના ભાઈના પત્ની, સ્વ. દેવજીભાઈ, મેઘજીભાઈ, જીવીબેનના ભાભી, શંકરભાઈ ડાયાલાલ સિજુ, જખુભાઈ શંકરભાઈ સિજુ, હરજીભાઈ લાખાભાઈ રોલા, નાનુબેનના સાસુ, કિશોર, વાલભાઈ, ભરત, વનિતાબેન, પરેશ, કમલેશના મોટી મા, સ્વ. ખેતશીભાઈ, મોહનભાઈ, ગં.સ્વ. દેવલબેન, હિમાબેનના બહેન, મોહિત, જયના દાદી, કમલેશ, જિયા, પૂજા, કેતન, વિજય, ઈશા, શ્રુતિ, ભૂમિ, આનંદીના નાની તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૨૫-૪ના ગુરૂવારે રાત્રે આગરી અને ઘડાઢોળ (પાણી) તા. ૨૬-૪ના શુક્રવારે પરોઢે નિવાસસ્થાને અંજલિનગર ખાતે.

ભુજ: ઘાંચી અલીજા આરીફ (ઉ. ૯ માસ) તે આરીફ ઈબ્રાહિમના પુત્રી, ઈબ્રાહિમ, દાઉદ આમદના પૌત્રી તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. તાજિયત બે દિવસ તા. ૨૬-૪ સુધી સવારે ૯થી ૧૧, સાંજે પથી ૭ નિવાસસ્થાને ઘાંચી ફળિયા, ડાંડા બજાર પાસે, ભુજ ખાતે.

માધાપર (તા.ભુજ) : મૂળ શિરવાના મોહનલાલ ધનજી શેઠીયા (ભાનુશાલી) (ઉ.વ. ૮૦) તે સ્વ. ભાનુબેનના પતિ, સ્વ. પરસોત્તમભાઈના નાનાભાઈ, સ્વ. માનબાઈ લાલજી ગોરીના ભાઈ, કૌશલ્યા, રેખા, સવિતા, ક્રિષ્ના અને ખેતશીના પિતા, ભાણજીભાઈ, દિનેશભાઈ, પ્રવિણભાઈ, નારાણભાઈ, પ્રતાપભાઈના કાકા, જશોદાબેન ખેતશીના સસરા, સ્વ. દેવકીબેન શિવજી કટારમલ (ધુણઈ) ના જમાઈ, હિતા, જયના દાદા તા. ૨૪/૪ના અવસાન પામ્યા છે. તેમની સાદડી તા.૨૬/૪ના સવારે ૧૦થી ૫ દરમિયાન તેમના નિવાસસ્થાન સનરાઈઝ સોસાયટી,જુનાવાસ માધાપર મધ્યે રાખેલ છે.

માધાપર (તા. ભુજ) : ઔદિચ્ય બ્રાહ્મણ ઝાલાવાડી રાધાબેન જનકરાય પંડયા (ઉ.વ. ૭૧) તે વિઠ્ઠલજીભાઈ ભોગાયતા (લંડન - યુકે)ના પુત્રી, વિશ્રામભાઈ ભોગાયતા, નરશીભાઈ, કાન્તિલાલ (લંડન - યુકે), ચંપાબેન, નર્મદાબેનના બહેન, જનકરાય પ્રાણજીવનભાઈના પત્ની, અંજના શુકલા, નિમેષના માતા, નરેન્દ્ર શુકલા (મદ્રાસ)ના સાસુ તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના સાંજે પથી ૬ નિવાસસ્થાન ક્રિષ્ના પાર્ક સોસાયટી, જૂનાવાસ, માધાપર ખાતે.

મોટી ખાખર (તા. મુંદરા) : દેવશ્રીબેન ખીમરાજ ગઢવી (બાનાયત) (ઉ.વ. ૮૭) તે સ્વ. પુનશીભાઈ, રાજિયાભાઈ, માંકબાઈબેન, સભાઈબેન જખુભાઈ ભૈયા (મોટા ભાડિયા), જેતબાઈ દેવરાજ ભૈયા (મૂળ મોટા ભાડિયા હાલે મોટી ખાખર)ના માતા, માણેક, પુનશી, ભાવના, ખીમશ્રી, કમશ્રી, માલશ્રી, સામત, શિવરાજના દાદી તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન એસવી નગર ખાતે. ઉત્તરક્રિયા (પાણી) તા. ૩-૫ના બુધવારે.

સમાધોઘા (તા. મુંદરા) : જાડેજા વિશ્વરાજસિંહ અનિરૂદ્ધસિંહ (ઉ.વ. ૨૨) તે વેલુબા, સ્વ. મમુભા, સ્વ. પવુભા, જશુભા, દિલુભા સુલતાનજીના પૌત્ર, અનિરૂદ્ધસિંહના પુત્ર, કિરીટસિંહ, નિરૂભા, સ્વ. અશોકસિંહ, વિક્રમસિંહ, મયુરસિંહ, ઘનશ્યામસિંહ, વીરેન્દ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ, નરેન્દ્રસિંહના ભત્રીજા, યુવરાજસિંહ, કલ્પેશસિંહ, વિજયસિંહ, દિવ્યરાજસિંહ, વિશાલસિંહના ભાઈ તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૩થી ૨૬-૪ શુક્રવાર સુધી ક્ષત્રિય સમાજની રેલીએ, સમાધોઘા ખાતે.

ડોણ (તા. માંડવી) : લખમીબાઈ અરજણ ભાનુશાલી (ઉ.વ. ૯૫) તે સ્વ. બાબુભાઈ, ચત્રભુજભાઈ, વસંતભાઈ, શરદભાઈ, કસ્તૂરબેનના માતા, સ્વ. જેઠાલાલ, સ્વ. દયાળજી, લક્ષ્મીદાસ (ડોક્ટર)ના કાકી, હિતેષ, રિકિન, અંકિત, મિથિલ, પ્રીતિબેન, અવનિબેન, શીતલબેન, તન્વીબેનના દાદી, સ્વ. સોનબાઈ હીરજી તેજા મેંગર (મોટા રતાડિયા)ના પુત્રી, સ્વ. મમીબાઈ મીઠુભાઈ ગજરા (શિરવા)ના બહેન, નરેન્દ્ર લક્ષ્મીદાસ ગોરી (મોટી ભાડઈ)ના સાસુ તા. ૨૩-૪ના મુલુંડ (મુંબઈ) ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના સાંજે ૪થી ૫ ભાનુશાલી સમાજવાડી, ડોણ ખાતે.

શિરવા (તા. માંડવી) : હાલે હૈદરાબાદ ભાનુશાલી હરેશભાઈ નારાણભાઈ વીરજીભાઈ ભદ્રા (કમાણી) (ઉ.વ. ૬૨) તે ગં.સ્વ. કાંતાબેનના પતિ, કમળાબેન નારાણભાઈના પુત્ર, સ્વ. વીરજીભાઈના પૌત્ર, મીતાબેન મનીષભાઈ, કવિતાબેન પ્રવીણભાઈ કટારમલ (તેરા)ના મોટાભાઈ, ભાવેશભાઈ, પૂજાબેન પરેશભાઈ ચાંદ્રા (ધુણઈ)ના પિતા, તૃપ્તિબેન, પરેશભાઈના સસરા, હિમાનીબેન આનંદભાઈ દામા (ધમતરી)ના મોટાબાપા, શનાયા, ગ્રીવા, ફલક, ઈરાના નાના, સ્વ. જશોદાબેન, સ્વ. સામજીભાઈ, નીલાબેન મોહનભાઈના ભત્રીજા, સ્વ. રેખાબેન વિઠ્ઠલદાસ, મીનાબેન મહેન્દ્રભાઈ, ડિમ્પલબેન જયભાઈના કાકાઈ ભાઈ, ગં.સ્વ. કલાવતીબેન નારાણજી કટારમલ (ધુણઈ)ના જમાઈ, ભગવતીબેન રમેશભાઈના બનેવી, સ્વ. બબીબેન, સ્વ. ઈશ્વરભાઈ વેલજીભાઈ મંગે (ગોધરા)ના દોહિત્ર, સ્વ. રૂક્ષ્મણીબેન, સ્વ. અમૃતલાલ, સ્વાતીબેન સુરેશભાઈ (હૈદરાબાદ), મિનાક્ષીબેન ધનપતિભાઈ (હૈદરાબાદ)ના ભાણેજ તા. ૧૯-૪ના બેંગકોક અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના ગુરૂવારે સાંજે પથી ૬ ઓધવનગર, જસોદા નિવાસ, શિરવા ખાતે.

નિરોણા (તા. નખત્રાણા) : આહીર લખીબેન રામજીભાઈ ગાગલ (ઉ.વ. ૯૨) તે સ્વ. રામજીભાઈ વેલજીભાઈના પત્ની, દાનાભાઈ, નારણભાઈ, હમીરભાઈ, ઉમરશીભાઈના માતા, શિવજી રવજી (થરાવડા), કાનજી કરશન, વેરશી રવજીના સાસુ, શિવજી, હીરજી, ઉમેશ, ગોપાલ, કિશોરના દાદી, વિજય, અરવિંદ, સામજી, રમેશ, નીતિનના માતા તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે સાદડી નિવાસસ્થાન આહીરવાસ મધ્યે.

વડવા કાંયા (તા. નખત્રાણા) : ગંગાબેન (ઉર્ફે શારદાબેન) મહેન્દ્રભાઈ બુચિયા (ઉ.વ. ૨૮) તે મહેન્દ્રભાઈ પ્રેમજીભાઈના પત્ની, શિવાનિયા, અખિલના માતા, પ્રેમજીભાઈ વાલજીભાઈ બુચિયા, રવજીભાઈ, દામજીભાઈના પુત્રવધૂ, સુરેશ, મેહુલના ભાભી, પેથાભાઈ, લધાભાઈ, દેવજીભાઈ, બાબુલાલ, નાનજી રામજી, બાબુલાલ દામજી, ભોજાભાઈ થાવર, નારણભાઈ આચાર, દેવશીભાઈ ગાભાભાઈના પૌત્રવધૂ, ખેતબાઈ મેઘજી સિજુ (ભુજ), રવજી રાજા સિજુ (મખણા)ના ભત્રીજાવહુ, દેવજીભાઈ ગગુભાઈ ઓઢાણા (ઝુરો)ના પુત્રી, કાનજી દેવજી (ઝુરો), નાનબાઈ ધનજી ભદર (મથલ), કાનબાઈ મૂરજી સિજુ (ઉખેડા), દક્ષાબેન કાનજીભાઈ હિંગણા (પાયરકા)ના બહેન, તેજાભાઈ ગગુભાઈ ઓઢાણા (ઝુરા હાલ અંજાર)ના ભત્રીજી, ઝુરાના રવજીભાઈ, કાનજીભાઈ, નરેશભાઈ, શંકરભાઈના કાકાઈ બહેન, કાનજીભાઈ મંગાભાઈ પરમાર (ભુજ)ના દોહિત્રી તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૨૫-૪ના રાત્રે આગરી, તા. ૨૬-૪ના સવારે ઘડાઢોળ વડવા કાંયા ખાતે.

નલિયા (તા. અબડાસા) : ખલીફા હફુબાઈ ઈસ્માઈલ (ઉ.વ. ૬૦) તે ઈસ્માઈલ આધમ (મંત્રી અ.તા. ખલીફા સમાજ)ના પત્ની, મ. આમદ ઈબ્રાહિમ, મ. હુશેન ઈબ્રાહિમ (કોઠારા)ના બહેન, અલ્તાફહુશેન, જાવેદહુશેન, શબ્બીરહુશેન, સલમાબેન અનવર (ડુમરા), નજમાબેન મામદ (સાંયરા), અસમાંબેન આબિદઅલી (નલિયા), આબેદાબાનુના માતા, અયાઝહુશેન, મહંમદઅફઝલ, મહંમદઝાહિદ, શમીનાબાનુ, ઝાહિરાબાનુના દાદી, સુલેમાન, અલીમામદ, અબ્દુલગની આધમના ભાભી તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૬-૪ના શુક્રવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ ન્યાલશાપીર દરગાહ, નલિયા ખાતે.

સાંધાણ (તા. અબડાસા) : બાયડ માણસંગભાઈ (ઉ.વ. ૭૧) તે ગં.સ્વ. કસ્તૂરબેન રામજીભાઈના પુત્ર, જયાબેનના પતિ, સ્વ. ખીમજી ડોસાભાઈ રાઠોડ (મુરૂ)ના જમાઈ, રૂક્ષ્મણિબેન, સાવિત્રીબેન, મમુભા, રવજીભાઈ, દિનેશભાઈના બનેવી, ચંપાબેન, શાન્તાબેન, કમળાબેન, રતનબેન, વિજયાબેન, બકુલાબેન, નીતુબેન, વિજયભાઈ, સ્વ. કલ્પેશભાઈ (ભાવનગર), સ્વ. રતનસિંહ, ખમાબેનના મોટા ભાઈ, પંકજ, અશ્વિન, બીનાના પિતા, હેન્સી, નાયરાના દાદા તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૫-૪ના બપોરે ૩થી ૫ નિવાસસ્થાને સાંધાણ ખાતે.

કચ્છ ઉદય

કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ

બુથ વિજય અભિયાન તળે વડાલા ખાતે કચ્છ લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના ચુંટણી પ્રચાર અર્થે રમેશભાઈ મહેશ્વરીની અધ્યક્ષતામાં શકિત કેન્દ્રોની બેઠક યોજવામા આવી હતી. આ પ્રસંગે શામજીભાઈ મહેશ્વરી, લધાભાઈ રબારી, નવીનભાઈ રબારી તથા બુથ પ્રમુખશ્રીઓ, બીએલઓ, સરપંચશ્રી, હોદેદારો, કાર્યકર્તાઓ ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

રાપરના વેપારીએ મોબાઇલ મુળ માલિકને પરત કર્યો

રાપર : એસટીડેપો પાસે જલારામ હાર્ડવેર નામની દુકાન ધરાવતા લોહાણા સમાજના યુવા વેપારી કલ્પેશ પ્રભુલાલ રાજદેના શોપ પર ગ્રાહક એક લાખ ચૌદ હજારની કિંમતનો આઈફોન ૧૪ પ્રો. ભુલી ગયેલા ત્યારે વેપારી દ્વારા આસપાસના ગ્રામ્ય વિસ્તાર વહોટસઅપ ગ્રુપમાં જાણ કરતાં જે કોઈનો મોબાઈલ હોય તે ખાતરી આપી પરત લઈ જવા માટે જાણ કરી હતી. ત્યારે રાપરમા કચ્છ પોલીમર્સના રાઘુભાઈ પટેલનો હોય તેઓ વેપારી પાસે આવી ખાતરી આપી મોબાઈલ પરત મેળવ્યો હતો.

કચ્છ કચ્છનોંધ

ભુજ સમર્થ ભારત કેન્દ્ર

● વિદ્યાભારતી પ્રેરિત અને કચ્છ કલ્યાણ સંઘ, ભુજ દ્વારા સંચાલિત સમર્થ ભારત પ્રવૃત્તિ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા નિયમિત આવતી તથા નવી જોડાવા ઈચ્છતી સગર્ભા માતાઓ માટે તા.૨૫-૪ને ગુરુવારે સાંજે ૫ થી ૬.૩૦ પ્રવૃત્તિ વર્ગ રહેશે. આ ગુરૂવારે યોગાચાર્ય નારણજી ચુડાસમાનું વિશેષ માર્ગદર્શન રહેશે. સ્થાન : એંકરવાલા સરસ્વતી શિશુવાટિકા, સંતોષી માતાના મંદિર પાસે, ભુજ. વધુ માહિતી માટે માધવીબેન તથા પ્રજ્ઞાબેનનો સંપર્ક કરવો.

વૃક્ષ મિત્ર સંગીત સભા

● તા.૨૭/૪ શનિવારે સમય સાંજે ૬ થી ૧૦ સંગીત રસિકજનો માટે સંગીત સભા ડોક્ટરશ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખ સ્વામી સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રિલોકેશન, ભુજ ખાતે.

રત્નકણિકા

અજ્ઞાન એ સર્વ પાપો અને દુઃખોનું મૂળ છે.- સ્વામી રામતીર્થ

પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા. આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧, તા.૨૫ એપ્રિલ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૫, વિશાખા નક્ષત્ર, વ્યતિપાત યોગ, તૈતિલ કરણ, સૂ

ભીમાસરમાં આયોજીત આહિર પ્રિમિયર લીગમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરાયા

અંજાર : ભીમાસરમાં શ્રીરામ ગ્રુપ તથા ભીમાસર યુથ ક્લબ દ્વારા આહિર પ્રિમિયર લીગનું ધમાકેદાર આયોજન કરવામાં આવ્યું હતું. ફાઈનલ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદ, શ્રીરામ ગ્રુપના મોવડી બાબુભાઈ હુંબલ, જખાભાઈ હુંબલ, અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિર, પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર, પૂર્વ ધારાસભ્ય શિવજીભાઈ આહિર, આહિર સમાજના સામાજિક આગેવાન રાણાભાઈ ડાંગર, લોકસાહિત્યકાર બ્રિજદાનભાઈ ગઢવી, ક.વી. ઓ.જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડા તથા અન્ય રાજકીય તથા સામાજિક આગેવાનો, રમત પ્રેમીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સરહદ ડેરીના માધ્યમથી ભુજ બીએસએફ ખાતે જવાનોએ લીધી મધ ઉછેર માટેની તાલીમ

ભુજ : રાષ્ટ્રીય મધમાખી ઉછેર અને મધ મિશનના નેજા હેઠળ, વૈજ્ઞાનિક મધમાખી ઉછેરની ૨ દિવસીય તાલીમ હેડક્વાર્ટર ૫૯ બટાલિયન બીએસએફ ભુજ ખાતે યોજાઈ હતી. ઉદઘાટન કાર્યક્રમ દિનેશ રજોરા (કમાન્ડન્ટ), ગુનાનંદ(સેકન્ડ ઇન કમાન્ડ) તથા સંજય ભટ્ટ (ડિપ્યુટી કમાન્ડન્ટ)ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સમગ્ર આયોજનમાં ટેકનિકલ સહયોગ સરહદ ડેરીના મધ વિભાગના ટ્રેનર અનિલ મેહતા અને ભુજ બીએસએફના અધિકારીઓ અને અન્ય સ્ટાફ દ્વારા ૨૨-૨૩ એપ્રિલ દરમિયાન આયોજિત આ વિશિષ્ટ સત્રનો હેતુ કુલ ૨૫૫ બીએસએફ અને સીએપીએફએસ કર્મચારીઓને મધમાખી ઉછેર માટે તૈયાર કરવાનો ઉદ્દેશ્ય હતો. વૈજ્ઞાનિક મધમાખી ઉછેરના વ્યાપક જ્ઞાન સાથે અન્ય સીએપીએફએસ કર્મચારીઓને નિષ્ણાતો પાસેથી તાલીમ પ્રાપ્ત થઈ હતી જેમાં મધપૂડો વ્યવસ્થાપન, મધમાખી આરોગ્ય, મધ ઉત્પાદન અને મધમાખીઓનું પર્યાવરણીય મહત્વ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા.

આ તાલીમ વર્ગમાં મધ ઉછેરકોને મુખ્યત્વે ગુજરાતમા મધમાખીના ઉછેર માટેની તાલીમ સુવિધાનો અભાવ, અપ્રાપ્ય બી લોકોની તાલીમાર્થીઓને ટેકો આપવાની પદ્ધતિ જાળવવામાં પડતી મુશ્કેલીઓ, મધમાખી વિષેની ખોટી પૂર્વધારણા, ભાષાકીય અવરોધ અને મુડીરોકાણની અછત જેવા અનેક પડકારો સામે કઇ રીતે લડી અને આ સમસ્યાઓ સામે ટકી અને મધ પાલન વિશેની સમજણ આપ વામાં આવી છે.

આ તાલીમ કાર્યક્રમમાં સરહદ ડેરીમાંથી મધ વિભાગના વડા અનિલ મહેતાએ જણાવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા મધ બાબતની સમજણ આપવામાં આવી છે. રાષ્ટ્રીય મધમાખી બોર્ડ, કૃષિ મંત્રાલય, ભારત સરકારના નિષ્ણાતો દ્વારા મધમાખી ઉછેરના સર્વગ્રાહી પાસાઓમાં તાલીમ પામેલા આ કર્મચારીઓ સરહદી વિસ્તારો સહિત તેમના સ્થાનો, કેમ્પસની આસપાસના સમુદાયો સુધી તેમની કુશળતાને આગળ વધારશે. આ પહેલનો ઉદ્દેશ્ય અસંખ્ય વ્યક્તિઓને ટકાઉ મધમાખી ઉછેરની પદ્ધતિઓ અપનાવવા માટે સશક્તિકરણ કરવાનો છે, જેનાથી રોજગારીની તકો ઊભી થસે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે.

ગ્લોબલ કચ્છ ફેડરેશન દ્વારા ભુજ ખાતે એરપોર્ટ ઓથોરીટીના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ

ભુજ : ગ્લોબલ કચ્છ ફેડરેશનની ટીમ દ્વારા ભુજ એરપોર્ટ ખાતે એરપોર્ટ ડાયરેક્ટર નવીનકુમાર સાગર તથા એરપોર્ટ ઓથોરીટી અને એર ઈન્ડિયાના અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

એરપોર્ટ ઓથોરીટીના ડાયરેક્ટર નવીનકુમાર સાગર, એર ઇન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ એસ. બી. સિંઘ, ચૈતન્ય દવે, અનિલભાઈ ગોર, ચંદ્રકાંત ચોથાણી, કાનજીભાઈ રાબડિયા, કુંવરજીભાઈ કેરાઈ, જગદીશભાઈ ઝવેરી, ગોપ ાલભાઈ વેકરીયા, સચિનભાઈ નાકર તથા અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. ગ્લોબલ કચ્છ ફેડરેશનના ચેરમેન અનિલભાઈ ગોરે રજૂઆત કરી હતી કે, ભુજથી મુંબઈની સાથે સાથે હવે ભુજથી દિલ્હીની ફ્લાઈટ પણ તાત્કાલિક ચાલુ થવી જોઈએ. ગ્લોબલ કચ્છ ફેડરેશન દ્વારા ભુજ થી મુંબઈ અને ભુજથી દિલ્હી ફ્લાઈટ શરુ કરવા ઈન્ડીગો એરલાઈન્સના ચેરમેનને પણ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે તેમજ એર-ઇન્ડિયા પણ આ ફ્લાઈટો ચાલુ કરે તેવી રજૂઆત કરી હતી. એર ઈન્ડિયાના એસ. બી. સિંઘ દ્વારા જણાવાયું કે, ભુજથી દિલ્હીની ફ્લાઈટ માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી રહી છે. આ ફ્લાઈટમાં અગર ૩ ટનની ક્ષમતા છે તો ભુજથી ખાસ એર કાર્ગો સેવા શરૂ કરવામાં આવે બ્તે બાબતે એરપોર્ટ ઓથોરીટી દ્વારા જે વ્યવસ્થા જરૂરી છે તે ગોઠવવા માટે એરપોર્ટ ડાયરેક્ટર નવીનકુમાર સાગર દ્વારા ખાતરી અપાઈ હતી. મહેન્દ્રભાઈ જોશીએ ભુજમાં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક કાર્ગો સેવા તાત્કાલિક શરૂ કરવા રજૂઆત કરી હતી. કાનજીભાઈ રાબડીયાએ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક કાર્ગો સેવા મારફતે કચ્છની કેસર કેરી દેશ-વિદેશમાં પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવા રજૂઆત કરી હતી.

ભુજ એરપોર્ટ પર નાઈટ લેંડીંગ થઈ શકે તેવી વ્યવસ્થા હોવાથી યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કરાયો હતો. આ બેઠકમાં ગ્લોબલ કચ્છ ફેડરેશનના મહેન્દ્રભાઈ જોશી, અફઘાનિસ્તાન સ્થિત ફેડરેશનના એક્ઝીક્યુટીવ મેમ્બર ઘનશ્યામભાઈ જેઠવા, કેન્યા સ્થિત દેવજીભાઈ કે. દબાસિયા, કેન્યા-ઈસ્ટ આફ્રિકા સ્થિત કશ્યપ ભોજક, ભુજના હરિભાઈ ગોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગઢશીશા બાલાજી હનુમાન સેવા સમિતિ દ્વારા

હનુમાન જયંતીના મંદિરનો રજત મહોત્સવ ઉજવાયો

ધ્વજારોહણ, પૂજન, ધર્મસભા, મહાઆરતી અને સંતવાણી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા : દેવી ચંદુમાએ ભક્તિધર્મની સાથે રાષ્ટ્રધર્મ નિભાવવા શ્રોતાઓને આપી શીખ : શાસ્ત્રી અશ્વિનભાઈએ હનુમાનજી મહારાજની વર્ણવી દાસ ભક્તિ

ગઢશીશા : કચ્છભરમાં હનુમાન જયંતીની ઉત્સાહભેર ઉજવણી થવાની સાથે ગઢશીશા બાલાજી હનુમાન મંદિર સેવા સમિતિ દ્વારા હનુમાન જયંતી ઉજવણીની સાથે મંદિરની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતા સમિતિના પ્રમુખ ભગવાનગર જેઠીગર ગોસ્વામીની અધ્યક્ષતામાં રજત જયંતી મહોત્સ્વ ઉજવાયો હતો. જેમાં સવારે ૯ કલાકે પૂજન, ધ્વજારોહણ તેમજ બપોરે ૩:૩૦ કલાકે મહિલા મંડળ દ્વારા અન્નકૂટ દર્શન અને ધર્મસભા યોજાઈ હતી. જેમાં દેવી ચંદુમા દ્વારા અને ભાગવતકાર શાસ્ત્રી અશ્વિનભાઈ દ્વારા દિપપ્રાગટ્ય કરી ધર્મસભા યોજાઈ હતી. દેવી ચંદુમાએ જીવનમાં અનેક દાનના મહિમાને વર્ણવતા શ્રોતાજનો રાષ્ટ્રધર્મ નિભાવવા શીખ આપતા ૭ મેના મતદાન કરવા શીખ આપી હતી. શાસ્ત્રી અશ્વિનભાઈ રામાયણના વૃતાંતોને ટોકતા ભગવાન રામ પ્રત્યેની નિષ્ઠાને વર્ણવી દાસભક્તિ પર પ્રકાશ પાડ્યો હતો. રાત્રે મહેશદાન ગઢવી, ધારાબેન ગોસ્વામી, પિયૂષ મારાજ સહિતના કલાકારોએ સંતવાણીની રંગત જમાવી હતી. સંતવાણીમાં ગઢશીશા, દનણા, મઉં, રાજપર, શેરડી સહિતના ભાવિકભક્તોએ હાજરી આપી હતી. સમિતિ દ્વારા કલાકારો અને મહેમાનોનું સન્માન કરાયું હતું. પાટીદાર સમાજના અગ્રણી લખમશી કરશન સેંઘાણી, રાજેન્દ્રસિંહ ઝાલા, પ્રકાશભાઈ ઠક્કર, નાનજીભાઈ આહુ, ખીમજીભાઈ આહુ, કનુભા જાડેજા, વિનેશગર ગોસ્વામી સહિતના અગ્રણીઓએ હાજરી આપી સહયોગ આપ્યો હતો. આયોજનને સફળ બનાવવા સમિતિના ગોવિંદભાઈ લીંબાણી, સંજયગીરી ગોસ્વામી, પ્રવિણભાઈ લીંબાણી, રાજુ રંગાણી, પ્રવિણ દેવજી રંગાણી, જિજ્ઞેશભાઈ પિત્રોડા, કપીલભાઈ લાલજી પોકાર, પ્રવિણભાઈ ધોળુ સહિતના સાથે મહિલા મંડળના શુશીલાબેન પ્રવિણ રંગાણી, મંજુલાબેન જગદીશ પિત્રોડા, ભગવતીબેન ગોસ્વામી, મંજુલાબેન વિરજી માકાણી, કસ્તૂરબેન લીંબાણી સહિતની બહેનોએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના સંચાલન સાથે આભારવિધિ મહેશસિંહ જાડેજાએ કરી હતી.

ઝરપરાના ચકચારી હુમલાના કેસમાં ભુજ કોર્ટનો ધાક બેસાડતો ચુકાદો

મુંદરા : તાલુકાના ઝરપરા ગામે ગઢવી સમાજવાડીમાં ૧૪ વર્ષ પહેલાં થયેલા જીવલેણ હુમલાના કેસમાં અદાલતે ધાક બેસાડતો ચુકાદો આપ્યો છે. આરોપીઓને તક્સીરવાન ઠરાવી સેશન્સ અદાલતે સજા ફટકારી છે. આ કેસની વિગતો મુજબ ફરિયાદી રામભાઈ ઓજાભાઈ કાનાણી ઉપર જૂન ૨૦૧૦મા હુમલો થયો હતો. તેઓ ઝરપરાની સમાજવાડીમાં અન્ય સાથે ઝાડ નીચે ઉભા હતા ત્યારે આરોપીઓ ધનરાજ જખુ શેડા અને તેના પુત્ર શામરા જખુ શેડા તથા ધનરાજના ડ્રાઈવર વિશ્રામ જખુ સેંઘાણી પજેરો ગાડીમાંથી ઉતરી ફરિયાદી ઉપર તલવારોથી જીવલેણ હુમલો કર્યો હતો. આરોપીઓએ ધમકી પણ આપી હતી કે, અગાઉના કેસમાં સાક્ષી છો અને અમે કહીએ તેમ નહીં કરે તો જાનથી મારી નાખશું. ફરિયાદી રામ અગાઉ ધનરાજ વિગેરે સામે થયેલા જીવલેણ હુમલાના કેસના સાક્ષી હોઈ તેને લઈને તેના પર આ જીવલેણ હુમલો થયાની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં ત્રણ આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયા બાદ ચાર્જશીટ થયા બાદ ભુજની એડિશનલ સેશન્સ કોર્ટમાં વર્ષ ટ્રાયલ શરૂ થઈ હતી. અદાલતે ૧૯ સાહેદ તપાસી તેમની જુબાનીઓમાં મહત્વના આધાર રજૂ કરવામાં આવ્યા હતા. આ ટ્રાયલ દરમ્યાન આરોપી ધનરાજ જખુ શેડા મૃત્યુ પામતાં તેમની સામે ટ્રાયલ એબેટ થઈ હતી. આ કેસમાં તમામ પક્ષકારોને સાંભળી આરોપીઓને તક્સીરવાન ઠેરવી આરોપી વિશ્રામને અઢી વર્ષની સખત કેદની સજા તથા આરોપી શામરાને એક વર્ષની સખત કેદની સજા તેમજ બંનેને એક હજારનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સખત કેદ આ ઉપ રાંત જાનથી મારી નાખવાની ધમકી સબબ છ માસની કેદ તથા રૂ. ૫૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા ફરમાવતો હુકમ છઠ્ઠા અધિક સેશન્સના જજે આપ્યો હતો. આ કેસમાં જિલ્લાના મુખ્ય સરકારી વકીલ કે. સી. ગોસ્વામી તેમજ મૂળ ફરિયાદી તરફે સિનિયર એડવોકેટ દેવરાજભાઈ વી. ગઢવી, વાય. વી. વોરા, એ. એન. મહેતા, એચ. કે. ગઢવી તથા એસ. એસ. ગઢવીએ હાજર રહી દલીલો કરી હતી.

લાકડિયામાં બાઈક ચોરાઈ

ભચાઉ : લાકડિયામાં એસબીઆઈ બેન્કની સામે કસ્ટમર બેન્ક સર્વિસ પોઈન્ટ આગળ રાખેલી બાઈક ચોરાઈ ગઈ હતી. જંગી રોડ પર રહેતા રફીક ગનીભાઈ માંજોઠીએ લાકડિયા પોલીસમાં જણાવ્યું કે, બાઈક નં.જીજે૧૨-ઈપી-૧૨૪૧ વાળી બાઈક તેઓએ રાખી હતી. જે ૫૦ હજારની સ્પ્લેન્ડર પ્લસ બાઈક કોઈ શખ્સ ચોરી જતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સીમરીવાંઢની નદીમાં ડૂબી જતા સગીરનું મોત

ભુજ : તાલુકાના ખાવડા વિસ્તારમાં રતડિયા નજકી આવેલી સીમરીવાંઢની નદીમાં ડૂબી જવાના કારણે સગીરનું મોત થયું હતું.

ખાવડા પોલીસે જણાવ્યું કે, ૧૫ વર્ષિય સિધિક ગની સમા સીમરીવાંઢ વિસ્તારમાં લાકડા કાપવા માટે ગયો હતો ત્યારે નદીમાં આવેલા ખાડામાં હાથ-પગ ધોવા ગયો એ દરમિયાન ચક્કર આવીને પડી જતા ખાડામાં ડુબી જવાના કારણે તેનું મોત થવા પામ્યું હતું. બનાવને પગલે સ્થાનિકે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

ગુનેરીવાસીઓ ચૂંટણીમાં ભાજપને મત નહીં આપે

ભુજ : રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે દેશભરમાં ક્ષત્રિય સમાજનો આક્રોશ છે. ભાજપે ટીકીટ ન ખેંચતા આંદોલન પાર્ટ -૨ શરૂ થયું છે. વિવાદની આગ કચ્છમાં પણ પહોંચી છે. લખપત તાલુકાના ગુનેરી ગામના ક્ષત્રિય સમાજે આ લોકસભાની ચૂંટણીમાં ભાજપને મત નહીં આપવાનું નક્કી કર્યું છે. ગુનેરી ગામમાં મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં ભાજપને મત ન આપવાનું નક્કી કરાયું છે. તેમજ સાથે અપીલ કરાઈ કે, લખપત તાલુકાના બધા રાજપૂત સમાજના ગામોમાં મીટીંગ કરી ચૂંટણીમાં ભાજપને મત ન આપવાનું નક્કી કરી રાજપૂત સમાજ સાથે સ્વાભિમાન અને બહેન દિકરીઓના સ્વમાનની આ લડાઈમાં તમામ સમાજો સહકાર આપે તેવી અપીલ કરાઈ હતી.

ભુજના કથાકાર દ્વારા તળાજામાં ભાગવત કથા યોજાશે

ભુજ : ભાવનગર તળાજા ગામ મધ્યે તા. ૨૬/૪/૨૪ થી ૨/૫/૨૪ સુધી ભાગવત કથા હિંગળાજ માતાજી મંદિર પ્રાંગણમાં, વ્યાસાસને યુવા કથાકાર ધ્રૂવકુમાર ભટ્ટ સંગીતમય શૈલીમાં કથામૃતાનુ રસપાન કરાવશે. શોભાયાત્રા યજમાન પદે દિનેશભાઈ છગનભાઈ પરમારના ઘરેથી નીકળશે. મહેશભાઈ ભટ્ટ (ઓમ સંસ્કારધામ મંદિર, ભુજ) અર્ચિવચન આપશે કથા સમય સવારે ૯ થી ૧૨ બપોરે ૩થી ૬ હિંગળાજ માતાજીના સેવક સમિતિ તરફથી કથા વિરામ પછી મહાપ્રસાદ કથાનું આયોજન કરાયું છે.

નખત્રાણા મહાવીરનગરમાં પીવાના પાણીનો કકળાટ

ફરિયાદો લઈને ગૃહિણીઓ પહોંચી નગર પાલિકામાં : સમિતિ દ્વારા ઓરમાયુ વર્તન કરાતું હોવાનો કરાયો આક્ષેપ

નખત્રાણા : અહીંના નવાવાસ વિસ્તારમાં આવેલ મહાવીર નગરમાં છેલ્લા દોઢ મહિનાથી પીવાના પાણીની ભારે બુમરાડ ઉઠી છે. અત્યંત ધીમી ગતિએ તેમજ અનિયમિત પાણી આવતું હોવાથી નગરજનોએ નારાજગી વ્યક્ત કરી નગરપ ાલિકામાં ગૃહિણીઓ પહોંચી હતી અને પાણીના કકડાટનો હૈયા વરાળ ઠાલવ્યો હતો.

અહીંના રહેવાસી ભક્તિબેન જોશીના જણાવ્યા મુજબ મહિલા મંડળનો સમૂહ એકત્ર થઈ પીવાના પાણીની સમસ્યાને લઈને નગરપાલિકાના જવાબદાર અધિકારી સમક્ષ આ સમસ્યા ઉકેલવા માટે રજૂઆત કરી હતી. સમિતિ દ્વારા નિયમિત પાણી ન અપાતું હોવાની રહેવાસીઓએ ફરિયાદો કરી હતી. નખત્રણામાં આ મહાવીર નગરમાં છેલ્લા દોઢ મહિનાથી ઈરાદાપૂર્વક ઓરમાયું વર્તન કરી સમિતિ દ્વારા અનિયમિત પાણી અપાય છે તેમજ પાણીની લાઈન સાથે પણ છેડછાડ કરાય છે. જ્યારે નવાવાસમાં નિયમિત પાણી અપ ાય છે તો મહાવીર નગર પ્રત્યે ઓરમાયુ વર્તન કેમ કરાઈ રહ્યું છે ? વગેરે આક્ષેપો મહિલા મંડળે કર્યા હતા. કાળજાળ ગરમીમાં પીવાના પાણીની જરૂરિયાત વધુ રહે છે તેમ છતાં પણ ઈરાદા પૂર્વક વાલ ઓછો ખોલી આ વિસ્તારને અન્યાય કરાઈ રહ્યો છે. જો ટૂંક સમયમાં આ સમસ્યા નહીં ઉકેલાય તો મહિલાઓ એકત્ર થઈ નગરપાલિકા પાસે જ મટકાફોડ જેવા કાર્યક્રમો તેમજ ગાંધી ચીંધેલો માર્ગ અપનાવશે એવું પણ જણાવાયું હતું.

ઉગેડીની પવનચક્કીમાં ચોરી કરવા માટે ગેટમાં તોડફોડ કરાઈ

ગત રોજ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન રાજસ્થાનના ત્રણ શખ્સોને શંકાસ્પદ રીતે ઝડપી પાડ્યા હતા

નખત્રાણા : તાલુકાના ઉગેડી ગામની સીમમાં નાઈટ પેટ્રોલિંગમાં રહેલી નખત્રાણા પોલીસે ત્રણ પરપ્રાંતિય શખ્સોને શંકાસ્પદ રીતે ઝડપી પાડ્યા હતા. જે બાદ ઉગેડીની સીમમાં પવનચક્કીમાં ચોરીનો પ્રયાસ હોવાની ઘટના અંગે ફરિયાદ નોંધાઈ છે. તા.૨૪ના રાત્રે ઉગેડીની સીમમાં નખત્રાણા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાવળની ઝાડીમાં શંકાસ્પદ રીતે બોલેરો ગાડી ઊભેલી જોવા મળી હતી. પોલીસ પહોંચતા આરોપીએ ગાડી ભગાડવાનો પ્રયાસ કર્યો જેથી તેને ઝડપી લેવાયો. ગાડીમાં ત્રણ શખ્સો હતા. જેની ઓળખ રાજસ્થાનના બાડમેરના શંભુસિંહ અનોપસિંહ રાઠોડ, મોતીસિંહ સાંગસિંહ સોઢા અને રમેશગીરી ઈશ્વરગીરી ગોસ્વામી તરીકે થઈ હતી. પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. ગાડીમાંથી વાયર કાપવાની નાની-મોટી કટરો, લોખંડની કોસ, અલગ અલગ સાઈઝના પાના, ટાંકણા-હથોડી સહિતના સાધનો મળી આવ્યા હતા. કોગ્નિઝેબલ ગુનો કરવાને ઈરાદે આરોપી ફરતા હોઈ તેઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન નખત્રાણા પોલીસમાં ફરિયાદ દાખલ થઈ છે કે, ઉગેડી ગામની ઉત્તરે આવેલી પવનચક્કીમાં ચોરીનો પ્રયાસ થયો છે. મૂળ રાજસ્થાનના અને હાલે આઈનોક્સ કંપનીની પવનચક્કી લોકેશન નં.યુજેડી૧ પર પવનચક્કી ગેટનો લોક તોડી દરવાજા પર લોખંડના ભારે સાધનો વડે એક જગ્યાએ મારી દરવાજો સંપૂર્ણ રીતે ડેમેજ કરી ચોરી કરવા માટે ગેટ તોડી ૮૦ હજારનો નુકસાન કરવામાં આવતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

જાગો ટ્રક માલિક જાગો જાગો ટ્રક માલિક જાગો

કચ્છ જિલ્લાના ટ્રક માલિકોને ખાસ સમજવા જેવી વાત

એક ટ્રક માલિકને થયેલ અનુભવ

હું નખત્રાણાના ટ્રક વ્યવસાયનો ધંધો કરતો રાજેશ મૂલજી ઠક્કરઃ આથી મારા અનુભવની વાત કરતાં જણાવું છું કે....

આજે જ્યારે કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિયેશનના પ્રમુખપદની વરણી માટે ટ્રક માલિકોની જનરલ સભા કુકમા ખાતે યોજાઈ રહી છે, ત્યારે પ્રમુખની વરણી થતાં પહેલાં આ મારી વ્યથા સાંભળજો અને યોગ્ય-અયોગ્યની કિંમત તમો કરજો.

મારી ગાડી નં. GJ 12 AT 8073વાળી સંપૂર્ણ કાયદાકીય રીતે ઉમરસરથી લિમ્બાઈટ ભરીને જેતપુર જતી હતી, જે બ્રેકડાઉન થતાં રોયલ્ટી ટાઇમ પૂરો થઈ જતાં વીરપુર પોલીસ દ્વારા ગાડી સ્ટિઈંગ કરી ખાણ ખનિજ તેમજ આર.ટી.ઓ.ને જાણ કરવામાં આવી, ત્યારબાદ મેં પોતે વીરપુર જઈ ગાડી બ્રેકડાઉન થયેલ તેના આધારે રજૂ કર્યા છતાં પણ કોઈ દાદ મળી નહીં. અંતે ભુજ જલારામ ટ્રાન્સપોર્ટ પાસે ગયો, આ બાબતે તેણે પણ કોઈ ગંભીરતા લીધી નહીં, છેવટે હું જિલ્લા પ્રમુખ શ્રી નવઘણભાઈ પાસે ગયો, વાત સાંભળી તેમણે ખાણખનિજમાં ટેલિફોનથી વાત કરી ચર્ચાના અંતે રૂા. ૧.૪૮ લાખ જેવો અંદાજિત દંડ ભરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, તેમ કહેવામાં આવ્યું. ત્યારબાદ અખિલ ગુજરાતના પ્રમુખશ્રી પાસે રજૂઆત કરી- રજૂઆત સાંભળી પણ વાત અંતે રૂા. ૧.૪૮ લાખ ભરવાની થઈ. થાકી હારીને મેં પશ્ચિમ કચ્છના હોદ્દેદારોનો સંપર્ક સાધ્યો, જે બાબતે ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાની હાજરીમાં એક મીટિંગ ભરી. મૂળમાં ડ્રાઇવર વ્યવસાયના અનુભવી હોવાના કારણે મારી વ્યથા સમજી ગયા, તેમના તરફથી એવો જવાબ મળ્યો કે, રૂા. ૧.૪૮ લાખ (એક લાખ અડતાલીસ હજાર) તથા આર.ટી.ઓ.નો દંડ જે પણ થયો છે, જેમાં એકપણ રૂપિયો ભરવાનો થતો નથી, તેમ છતાં ભરવાનો આવશે, તો હું મારા ઘરના ભરીશ, પણ મને આઠ દિવસનો સમય આપો.

આઠ દિવસ પછી પશ્ચિમ કચ્છના હોદ્દેદારોને સાથે લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળી ધારાસભ્ય શ્રી જાડેજાએ રજૂઆત કરી સાહેબ કે હું ખોટા કામ લઈ ક્યારે આવતો નથી અને આવીશ નહીં પણ... આ મારા વિસ્તારના ગાડીમાલિકને તદ્દન ખોટી રીતે હેરાન કરવામાં આવે છે, માટે આપ સાહેબ શ્રી યોગ્ય ન્યાય અપાવો, તેમના સૂચનથી અમે જી.એમ.ડી.સી.ના એમ.ડી.ને મળ્યા વિગતો આપી. તેમણે ખનિજ ખાતાના મંત્રી શ્રી વાળાને મળવાનું કહ્યું, એ રીતે ધારાસભ્યશ્રી જાડેજાની ખૂબ મહેનત અને ભલામણથી ૪૫ દિવસની લડત બાદ એકપણ રૂપિયો ભર્યા વગર ગાડી મુક્ત કરવામાં આવી, એ રીતે ગાડીમાલિકના હિતમાં અનેક સફળ કામો કરવામાં આવ્યા છે તેમજ બીરૂ ગામની ગાડી નં. ૬૮૨૨ જે પાદરા લિમ્બાઇટ ભરીને ગઈ હતી, જે ખાલી પણ થઈ પણ પાર્ટી તરફથી ભાડું ન મળ્યું જેમાં પણ શ્રી જાડેજાએ દરગ્યાનગીરી કરી ગાડીમાલિકને ભાડું અપાવ્યું.

અંતે મારો કહેવાનો ભાવાર્થ એટલો જ કે, ગાડી માલિકોના હિત કરી શકે એવા પ્રમુખની પસંદગી કરવી જરૂરી છે, જે સમયની માંગ છે.

લિ. સમસ્ત ગાડી માલિકોના હિતેચ્છુ
રાજેશ મૂલજી ઠક્કર-નખત્રાણા

કહી પે નિગાહે કહી પે નિશાનાનો તાલ : સુરત-મુંબઈમાં રેલો તપાસ ગેરમાર્ગે દોરાય છે!

સલમાનખાન ફાયરિંગ કેસ : ગેંગસ્ટર્સના શુટર્સ માટે કચ્છ કેમ આશ્રયનો બન્યો અડ્ડો ?: સામેપાર સરકવાના હતા શુટર્સ?

મુંબઈના બાંદ્રા જેવા પોઝ વિસ્તારમાં ફાયરીંગની ઘટનાને અંજામ આપ્યો, કુખ્યાત ગેગના શુટર્સે આખાય દેશને મુકીને છેવાડાના કચ્છમાં ધામા નાખ્યા પાછળનું કારણ શું? લોરેન્સના ભાઈ અનમોલ તરફથી આગળની સુચના મળવાની પાકીસ્તાનની સરહદને અડીને આવેલા લખપત નજીક આ બન્ને શુટર્સ ઈંતેજારી કરી રહ્યા હતા કે કેમ?

લોકસભાની ચૂંટણીના માહોલમાં સરકાર, ગૃહવિભાગ, દેશની વીવિધ કચ્છમાં ધામા નાખી બેઠેલી એજન્સીઓ વ્યસ્ત રહે અને કોઈ ભાંગફોડીયાઓ મોટી ઘટનાને અંજામ આપવાના કારસાને પાર પાડી ન જાય?

શું અનમોલ બિશ્નોઈએ બન્ને શુર્ટસને કચ્છથી પાકીસ્તાન મોકલવાની યોજના ઘડી હતી..?

કુખ્યાત ગેગસ્ટરનો ભાઈ અનમોલ ઝડપાય તો કચ્છ કાંઠેથી લોરેન્સના કઈક કારનામાઓ પરથી પડદો ઉચકાઈ શકે

ગાંધીધામ : સલમાન ખાન ફાયરીંગ કેસના બન્ને શખ્સોએ ૧૪ એપ્રિલના રોજ બાંદ્રામાં વહેલી સવારે પાંચ ગોળીઓ ચલાવ્યા બાદ, શૂટર્સ, સાગર અને વિકી, ૧૫ એપ્રિલે બપોરે ગાંધીધામ પહોંચ્યા હતા અને બાદમાં તેઓ નખત્રાણા તરફ પ્રયાણ કર્યું હતું, સુત્રોની વાત માનીએ તો આ બન્ને શખ્સોએ નખત્રાણામાં સ્ટ્રીટ ફુડ ખાધુ હતુ. નખત્રાણામાં ભોજન કર્યું, કપડાં ખરીદ્યા અને ૧૫ એપ્રિલની રાત્રે ભુજ પહોંચ્યા. મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીની વાત માનીએ તો, "ફાયરિંગની ઘટના પછી, શૂટર જોડીને રોડ માર્ગે ભુજ પહોંચવા અને અનમોલની આગામી સૂચનાની રાહ જોવાની સુચના આપવામાં આવી હતી. પોલીસ તપાસ કરી રહી છે કે શું અનમોલની આ બન્ને શખ્સોને ગેરકાયદેસર રીતે પાકિસ્તાન મોકલવાની કોઈ યોજના હતી અને તે કોઈપણ માનવ તસ્કરી નેટવર્કના સંપર્કમાં હતો."આ બંને આરોપીઓએ પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યુ હતું કે તેઓ માત્ર સૂચનાઓનું પાલન કરી રહ્યા હતા અને ભુજ પહોંચ્યા પછી તેઓએ આગળ ક્યાં જવું છે તે જાણતા ન હતા. તેથી, જ્યારે પોલીસ અનમોલની ધરપકડ કરશે ત્યારે જ તે સ્પષ્ટ થશે.

ગાંધીધામ : પાકિસ્તાનની સરહદે આવેલા ગુજરાતના કચ્છનો સરહદી અને અવિકસિત વિસ્તાર જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના શૂટરો માટે અનુકૂળ આશ્રયઅડ્ડો બની ગયો હોય તેવુ નથી લાગી રહ્યુ..! જેના સાગરીતોએ આ મહિનાની શરૂઆતમાં બાંદ્રામાં બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાને ફાયરિંગ કર્યું હતું. પંજાબી ગાયક સિદ્ધુ મૂઝ વાલાના શૂટરોને પણ ગુજરાતના કચ્છના રણમાં પશ્ચિમના જિલ્લાના ભુજ શહેરમાંથી પકડવામાં આવ્યા હતા. હાલમાં જયારે સલમાનખાનના ઘરના ફાયરીંગની તપાસ ચાલી રહી છે તે અનેકવિધ એન્ગલ પ્રત્યે સૌનુ ધ્યાન કેન્દ્રીત કરી રહી છે અને તે પૈકીનુ એક છે કે આ બન્ને શાર્પશુટર્સ મુંબઈમાં ઘટનાને અંજામ આપી અને છેવાડાના કચ્છમાં સીધેસીધા જ કેમ દોડી અવ્યા? શું આ બન્ને શખ્સો કચ્છ કાંઠેથી સામેપાર સરકી જેવાની પેરવીમાં હતા? અથવા તો લોરેન્સના ભાઈ અનમોલ તરફથી આ શખ્સોને સામેપાર હેમખેમ પહોચાડી દેવાની માનવ તસ્કરીની કોઈ સાંકળ મારફતેની ગોઠવણીઓ હતી કે કેમ?

વાત સહેજ વિગતે કરીએ તો બાંદ્રામાં ગેલેક્સી એપાર્ટમેન્ટમાં અંધાધૂંધ ગોળીબાર કર્યા પછી, બિશ્નોઈના મોટરસાયકલ પર સવાર શૂટર્સ, વિકી ગુમા અને સાગર પાલ, તેમની બાઈક છોડીને ગુજરાતના કચ્છના રણમાં પશ્ચિમના સૌથી જિલ્લામાં પહોંચ્યા, જયાં તેઓ જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સની આગામી સૂચનાની રાહ જોઈ રહ્યા હોય તેમ તેઓના ઝડપાઈ જવાના ઘટનાક્રમ પરથી દર્શાઈ રહ્યું છે. લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ ગેરકાયદેસર રીતે સરહદ પાર કરવા માટે આ

કચ્છમાં ઝોન તરફ પણ આ માફીયાઓની નઝર છે, પોલીસે જાગૃત રહેવું પડશે નહીં તો કંઈ પણ થઈ શકે...?

સામેપારથી ડ્રોન મારફતે ડ્રગ્સ-હથીયારો-માનવતસ્કરી તો કચ્છ સીમાએ નથી થતીને?

ગાંધીધામ : મુંબઈમાં સલમાનખાનના ઘરે ફાયરીંગ કર્યા બાદ ગેગસ્ટર લોરેન્સના બે શાર્પશુટર્સ જે રીતે છેવાડાના સરહદી કચ્છ ભણી પહોચી આવ્યા હતા તેને જોતા તપાસ કઈક અલગ અલગ એન્ગલ તરફ ઈશારાઓ કરી રહી છે. અને તે પૈકીના જ એક એવા ઈશારા બાબતે જાણકારો તો એવી પણ લાલબત્તી ધરી રહ્યા છે કે, ગેંગસ્ટરના સાગરિતો પડોશી દેશમાંથી ડ્રોન દ્વારા હથિયારો અને દારૂગોળો મેળવે છે. "ભુજ શહેરમાં ડ્રગની હેરાફેરી કરનારા તેમજ માનવ તસ્કરી કરતી ગેંગ સક્રિય તો ક્યાંક નથી બનેલી ને?

બન્ને શખ્સોને કોઈ સુચનાઓ આપવાનો હતો કે શું? સૂત્રોના જણાવ્યા અનુસાર, ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરી રહી છે કે શું અનમોલ સ્થાનિક માનવ તસ્કરોના સંપર્કમાં હતો કે કેમ કે જેઓ ગુમા અને પાલને પાકિસ્તાનમાં આશ્રયસ્થાન સુધી પહોંચવા માટે ગેરકાયદેસર રીતે સરહદ પાર કરી શકાવે. જો આ શકયતાઓની ચર્ચાઓ સાચી હોય તો ખુબજ ગંભીર કહી શકાય તેમ છે. દેશમાં મુંબઈ જેવા શહેરમાં કોઈ ગુનાહીત આયોજનબદ્ધ ઘટનાને અંજામ આપી અને તે દેશના સૌથી વિશાળા અને છેવાડાના સીમાવર્તી કચ્છ જેવા વિસ્તારમાથી માનવ તસ્કરી કરનારાઓના મારફતે સામેપાર સરકી જવાની ગોઠવણીઓ કરવામાં આવી હોય તો તે ચીંતાન વિષય જ બની રહે તેમ છે.આ ઉપરાંત શુર્ટસને તમામ કારતુસો ખાલી કરવાની સુચના હતી. બંને શૂટરો વિદેશી બનાવટના બે ઘાતક હથિયારો અને વધારાના મેગેઝીનથી સજ્જ હતા.આવા કુખ્યાત તત્વો કચ્છમાં છેવાડાના પટ્ટા સુધી પહોચી આવે તે પણ સરહદી વિસ્તારની સલામતી અને સુરક્ષાને લઈને ચિંતાનો જ વિષય બની રહ્યો છે. હકીકતમાં અનમોલ-લોરેન્સનો પ્લાન કઈક અલગ હતો અને હવે તપાસને ડાયવર્ટ કરવા તો કયાંક ને કયાંક મુંબઈ-સુરત આસપાસમાં તપાસ કેન્દ્રિત કરાવાઈ રહી છે તેવુ તો નથી ને?

કચ્છ લોકસભા બેઠકના ઈવીએમનું સેકન્ડ રેન્ડમાઇઝેશન પૂર્ણ : ૨૮મીએ ફાળવણી

કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરા, અધિક કલેકટર (ચૂંટણી) મિતેશ પંડયાના માર્ગદર્શન હેઠળ ઉમેદવારોની ઉપસ્થિતિમાં હાથ ધરાઈ પ્રકિયા : ૨૬૭૩ બેલેટ યુનિટ (બીયુ), વીવીપેટ ૨૮૮૬ ની ફાળવણી

ભુજ : કચ્છ લોકસભા બેઠકની ચૂંટણી માટે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરા તેમજ અધિક કલેકટર (ચૂંટણી) મિતેશ પંડયા દ્વારા ઈવીએમનું સેકન્ડ રેન્ડમાઈઝેશન ઉમેદવારોની ઉપ સ્થિતિમાં જિલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ૨૬૭૩ બેલેટ યુનિટ (બીયુ), વીવીપેટ ૨૮૮૬ બુથને ફાળવવામાં આવ્યા હતા.

આ અંગેની વિગતો મુજબ કચ્છ લોકસભા બેઠક પર આગામી ૭મી મેના મતદાન થવાનું છે. ચૂંટણી તંત્ર મતદાન મથકો પર ઈવીએમ અને વીવીપેટ ઉપરાંત જરૂરી સાધન સામગ્રીઓની ફાળવણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી છે. કચ્છની બેઠક પર ૧૧ ઉમેદવારો મેદાને હોઈ ઈવીએમ અને વીવીપેટનું રેન્ડમાઈઝેશન ઉમેદવાર અથવા તેમના માન્ય પ્રતિનિધિની ઉપસ્થિતિમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ અગાઉ ઈવીએમના પ્રથમ રેન્ડમાઈઝેશનના વોટીંગ મશીનોને વિધાનસભા વિસ્તાર ફાળવવામાં આવેલ હતા. જે બાદ બીજું રેન્ડમાઈઝેશન હાથ ધરી ઈવીએમ, બીયુ અને વીવીપેટને મતદાન બુથોની ફાળવણી કરી દેવામાં આવી હતી. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે ચૂંટણીની કામગીરી માટે ચૂંટણી સ્ટાફના પણ પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઈઝેશનની પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી ૨૮મીએ તમામ મતદાન મથકોને બુથ વાઈઝ મશીનોની ફાળવણી કરવામાં આવશે.

આ અંગે નોડેલ ઓફિસર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી એસ. જે. ચૌધરીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી અમિતભાઈ અરોરા, અધિક કલેકટર (ચૂંટણી) મિતેશ પંડયા અને ૧૧ ઉમેદવારો અથવા તેમના માન્ય પ્રતિનિધિની હાજરીમાં સેકન્ડ રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. કચ્છ લોકસભા બેઠક માટે ૨૬૭૩ બેલેટ યુનિટ અને ૨૮૮૬ વીવીપેટની ફાળવણી આગામી ૨૮મી એપ્રીલના થશે. દરેક વિધાનસભા ક્ષેત્રમાં જરૂરીયાતથી ૨૫ ટકા વધુ બેલેટ યુનિટ અને ૩૫ ટકા વધુ વીવીપેટની ફાળવણી કરવામાં આવશે. જેથી મતદાન વખતે કોઈ ખોટીપો સર્જાય તો યુનિટ બદલાવીને મતદાન પ્રક્રિયાને આગળ ધપાવી શકાશે.

મતદાન બુથો પર ઈવીએમ સાથે થોકબંધ મતદાન સામગ્રી પણ મોકલાશે

અવિલોપ્ય શાહી સહિત બ્રેઇલ મતપત્રો, વૈધાનિક-બીનવૈધાનિક કવર, મેટલ સીલ, મોકપોલ સ્લીપ, રબ્બર સ્ટેમ્પ સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ

કચ્છ લોકસભાની ચૂંટણીના મતદાન મથકો પર ઈવીએમ મશીનોની સાથે થોકબંધ મતદાન સામગ્રી પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પહોંચાડવામાં આવનાર છે. આ તમામ સામગ્રી કચ્છ ખાતે આવી પહોંચી છે. જેમાં મતદારો મતદાન આપવા જાય છે ત્યારે શાહીનું ટપકું કરવામાં આવે છે, તે અવિલોપ્ય શાહી ઉપરાંત મત કુટીર, મતોની યાદી, વૈધાનિક અને બીનવૈધાનિક પુસ્તિકા, ઉમેદવાર માહિતી પુસ્તિકા, પરબીડીયા, વૈધાનિક કવર, બીનવૈધાનિક કવર, બીયુ, સીયુ અને વીવીપેટ માટે સામાન્ય સરનામા ટેગ્જ, ઈવીએમ માટે ગ્રીન પેપર સીલ્સ, ચોકડીની નિશાનીવાળા રબ્બર સ્ટેમ્પ, મતદાન મથકના પ્રમુખ અધિકારી માટે મેટલ સીલ, વિશિષ્ટ ચિન્હ રબ્બર સ્ટેમ્પ, મોકપોલ સ્લીપ રબ્બર સ્ટેમ્પ, બ્રેઈલ મતપત્રો, ઈવીએમ અને વીવીપેટ ઉપર મત કેવી રીતે આપવો તે અંગેનું પોસ્ટર, સ્ટેમ્પ પેડ, દિવાસળીની પેટી, સાઈન બોર્ડ, પેન્સીલ, કોરા કાગળ, લાખ, ગમ પેસ્ટ, મીણબતીઓ, કાર્બન પેપર સહિતની થોકબંધ સામગ્રી મતદાન મથકો પર ચૂંટણી તંત્ર દ્વારા પહોંચાડાશે.

ગાંધીધામના કાર્ગોમાંથી એક કિલો ગાંજા સાથે યુવકની ધરપકડ

વેચાણ માટે માલ આપનારનું નામ ખુલ્યું

ગાંધીધામ : શહેરના કાર્ગો વિસ્તારમાં ગાંજાનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે બી-ડિવિઝન પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા એક કિલો ગાંજો મળી આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ કાર્ગો પીએસએલ ગલ્લી નં.૩ મા રહેતા આકાશ છોટેલાલ પાસ્વાન નામનો શખ્સ પોતાના ઘરે ગાંજો વેચતો હોવાની બાતમીના આધારે બી-ડિવિઝન પીઆઈ એમ. ડી.ચૌધરી, પીએસઆઈ બી. બી.રાણા સહિતની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ઘરની ઝડતી લેતા ગાંજો મળી આવ્યો હતો.

એફએસએલને બોલાવીને તપાસ કરતા ૧.૦૮૦ કિલો ગાંજો કિંમત રૂા.૧૦,૮૦૦નો મુદ્દામાલ હોવાનું ધ્યાને આવ્યું હતું. ઘરમાંથી વજન કાંટા સહિતનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આરોપી આ ગાંજાનો છુટક વેચાણ કરતો હતો. પુછપરછ કરતા તે કાર્ગોમાં રહેતા સુરજ પાસ્વાન પાસેથી ગાંજો લઈ આવ્યો હોવાની કેફીયત આપી હતી. જેથી બન્ને સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી આકાશ પાસેથી મુદ્દામાલ કબજે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

કચ્છના મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ

મહત્તમ મતદાન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના કાર્યક્રમો પર જોર : તા. ૨૮ એપ્રીલ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા આદેશ : ૧૮૪૪ બી.એલ.ઓ.ને કામે લગાડાયા : લોકસભામાં સૌ પ્રથમવાર ગુગલ મેપ-ક્યુઆર કોડવાળી મતદારોને સ્લીપ

ભુજ : કચ્છ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કચ્છ બેઠક પર નોંધાયેલા કુલ્લ ૧૯,૩૫,૩૩૮ અને કચ્છની છ વિધાનસભા બેઠકો પર નોંધાયેલા ૧૬,૪૫,૩૬૪ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. આ મતદાર સ્લીપના વિતરણની કામગીરી તા. ૨૮મી એપ્રીલ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા દ્વારા આદેશ આપવામાં આવેલ છે.

આ અંગેની વિગતો મુજબ કચ્છ સહિત ગુજરાતની લોકસભા બેઠકો માટે તા. ૭મી મેના મતદાન થવાનું છે ત્યારે આ પૂર્વે વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી કામગીરીનો ધમધોકાર ચાલી રહ્યો છે. આ વખતે મતદારોને સૌપ્રથમવાર ગુગલ મેપ-કયુઆર કોડવાળી મતદાર સ્લીપ આપવામાં આવી રહી છે. જેના થકી મતદારોને તેમના વિસ્તારોના મતદાન બુથ શોધવામાં આસાની થશે. મતદારો સહેલાઈથી મતદાન કરવા માટે મતદાન બુથ પર પહોંચી શકશે. કચ્છ લોકસભા બેઠકની જિલ્લાની છ વિધાનસભા બેઠકો પર ચૂંટણી માટે ૧૮૪૪ અને માધાપરમાં એક પુરકત મતદાન મથકો તૈયાર કરાયા છે.

કચ્છ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાનની ટકાવારી વધે તેવો લક્ષ્યાંક રખાયો છે. પરંતુ આગામી મે માસમાં ગરમીના પ્રકોપના કારણે મતદાનની ટકાવારી ઘટે તેવી શકયતા નકારી શકાતી નથી. જોકે વહીવટી તંત્ર દ્વારા ગત વિધાનસભાની ચૂંટણીમાં જયાં ઓછું મતદાન થવા પામેલ હતું. તેવા વિસ્તારોની ખાસ યાદી તૈયાર કરવામાં આવી છે અને આવા વિસ્તારોમાં મતદાનની ટકાવારી વધે તે માટે વિશેષ જોર આપવામાં આવી રહ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા તેમજ અધિક કલેકટર મિતેશ પંડયાના માર્ગદર્શન હેઠળ કચ્છ લોકસભા બેઠક વિસ્તારમાં મતદાર જાગૃતિના કાર્યક્રમોને વેગ આપવામાં આવી રહ્યો છે. તેની સાથોસાથ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે.

આરટીઈ એકટ : કચ્છમાં ૧૦૩૦ બાળકોએ મેળવ્યો પ્રવેશ

પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત પૂર્ણ : આગામી દિવસોમાં બીજો રાઉન્ડ જાહેર થશે

ભુજ : રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) અંતર્ગત કચ્છના ૧૧૨૩ વિદ્યાર્થીઓને ધો.૧માં પ્રવેશ ફાળવણી કરવામાં આવ્યા બાદ તેમને પ્રવેશ કન્ફર્મ કરાવવની મુદત પૂર્ણ થઈ છે. ૧૦૩૦ વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા છે. આ સાથે જ આગામી એક- બે દિવસમાં આરટીઈના બીજા પ્રવેશ રાઉન્ડની પણ જાહેરાત કરવામાં આવી શકે છે. જે વાલીઓએ પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો હતો, પરંતુ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી તેમને બીજા રાઉન્ડમાં પ્રવેશ માટે હકદાર રહેશે નહીં.

આ અંગેની વિગતો મુજબ આરટીઈમાં પ્રવેશ શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં કચ્છ સહિત રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓની ૨૫ ટકા પ્રમાણે ધો.૧માં પ્રવેશ ફાળવવા માટે ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં ચાલુ વર્ષે રાજ્યની ૯૮૨૮ પ્રાથમિક શાળાઓની ૪૫૧૭૦ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૨૩૫૩૮૭ ફોર્મ ભરાયા હતા. ફોર્મની ચકાસણીના અંતે ૧૭૨૬૭૫ ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ૧૫૩૧૯ ફોર્મ અધુરા દસ્તાવેજો જેવા જુદા જુદા કારણોસર અમાન્ય રહ્યા હતા. જ્યારે ૪૭૩૯૩ ફોર્મ અરજદારો દ્વારા કેન્સલ કરવામાં આવ્યા હતા.

કચ્છના સંદર્ભમાં વાત કરીએ તો પ્રથમ રાઉન્ડમાં કુલ્લ ૧૧૨૩ એડમીશન થયા હતા. જેમાં ૧૩ ફોર્મ રીજેક્ટ થયા હતા. જ્યારે ૮૦ ફોર્મ પેન્ડીંગ રહ્યા છે. કચ્છમાં કુલ્લ ૧૦૩૦ વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા છે, તેવું ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી વાઘેલાએ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આરટીઈની જોગવાઈ અનુસાર જે તે ખાનગી શાળામાં નિયમિત એડમીશન થયા હશે તેના અનુપાતમાં ૨૫ ટકા છાત્રોને આરટીઈ હેઠળ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફોર્મ ભરવા અને ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈને પ્રથમ રાઉન્ડમાં ૧૦૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જ્યારે પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે ૩૧૭૦ જગ્યાઓ પસંદગીના અભાવે ખાલી રહેવા પામી હતી. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયા હતા તેમના વાલીઓને ૨૨ એપ્રિલ, સોમવારના રોજ શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લેવા માટે સુચના આપવામાં આવી હતી. આમ, સોમવારના રોજ પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત પૂર્ણ થઈ છે. આ સાથે જ આરટીઈમાં ખાલી પડેલી બેઠકો માટે બીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

લોકશાહી મહાપર્વ । કચ્છમાં વડીલ અને દિવ્યાંગ મતદારોના મતદાનની પ્રક્રિયાનો પ્રારંભ

કચ્છના અંદાજીત ૧૫૦૦ જેટલા વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારો ઘરબેઠા કરશે મતદાન : આવશ્યક સેવાઓ અને ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ ૩૦મીથી પોસ્ટલ બેલેટ મારફતે આપશે વોટ

ભુજ : લોકશાહી મહાપર્વ સમાન લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મતદાનને આડે હવે પખવાડિયાથી ઓછો સમય બાકી રહ્યો છે. ચૂંટણી તંત્ર દ્વારા હાલ વિવિધ પ્રકારની તૈયારીઓ ચાલી રહી છે. ૭મી મે ના રોજ જે મતદારો પોતાના મતદાન મથક પર મતદાન કરવા આવી શકે તેમ નથી તેવા મતદારો માટે ખાસ વ્યવસ્થાઓ સાથે મતદાનની પ્રક્રિયા આજથી જ શરૂ થઈ છે. કચ્છ જિલ્લામાં ૧૫૦૦ જેટલા દિવ્યાંગ અને ૮૫ વર્ષથી વધુની વયના મતદારોને ઘર બેઠા પોસ્ટલ બેલેટથી મત આપવાની સુવિધા ઉભી કરાઈ છે. આજથી જ ચૂંટણી તંત્ર દ્વારા ખાસ ટીમ મતદારોના નિવાસસ્થાને જઈ ગોપનીયતા સાથે તેમને પોતાનો મતાધિકાર ઉપયોગ કરવાની સુવિધા પુરી પાડી રહ્યું છે.

કચ્છ લોકસભા બેઠક પર ૧૧ મુરતિયાઓ મેદાને છે. ઉપરાંત બેલેટ પેપરમાં બારમું ખાનું નોટા માટે અંકિત કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લાની છ વિધાનસભા મતદાર ક્ષેત્રમાં આવતા સિનિયર સીટીઝનો અને ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ ઘર બેઠા મતદાન કરી રહ્યા છે. અધિક નિવાસી કલેકટર મિતેશ પંડયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, દિવ્યાંગ અને વયોવૃદ્ધ મતદારો માટે ઘરબેઠા પોસ્ટલ બેલેટથી મતદાનનો અભિયાન ૨ થી ૩ દિવસ સુધી ચાલશે. જે મતદારોએ ઘરબેઠા મતદાન માટે આવેદન કર્યું છે તેવા તમામ મતદારોના ઘરે જઈ ચૂંટણી તંત્રના કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરાવશે.

આ ઉપરાંત આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા કર્મચારીઓ અને ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ૩૦મી એપ્રીલથી પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા શરૂ થશે. જેમાં દરેક પ્રાંત કક્ષાએ જુદા જુદા સ્થળે પોસ્ટલ વોટીંગ સેન્ટર શરૂ કરવામાં આવશે. જયાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા કર્મચારીઓ અને કચ્છ લોકસભા બેઠક પર ચૂંટણી ફરજ સાથે જોડાયેલા કર્મચારીઓ મતદાન મથકો પર જઈને બેલેટ પેપરથી મતદાન કરી શકશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

રાપર વિધાનસભા વિસ્તારમાં ૧૬૯ મતદારો ઘરબેઠા કરશે મતદાન



રાપર : વિધાનસભા મતદાર મંડળમાં આવતા સિનિયર સિટીઝન તથા ચાલીસ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના મતદાન માટે મતદારોના ઘરો ઘર મતદાન પ્રક્રિયા માટે જઈ રહ્યા છે. રાપર વિધાનસભા બેઠકના ચુંટણી અધિકારી અને ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશીના વડપણ હેઠળ ૧૨ ટીમ દ્વારા મતદાન કરાવવા માટે કામગીરી હાથ ધરી હતી. રાપર વિધાનસભામાં આવતા ૧૬૯ સિનિયર સિટીઝન મતદારો તથા ચાલીસ ટકા થી વધુ વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના મતો છે, જેઓના મતદાન કરાવવા માટે રાપર તાલુકા મામલતદાર એ.એમ. પ્રજાપતિ, નાયબ મામલતદાર શિવાભાઈ રાજપૂતના વડપણ હેઠળ બાર ઝોનલ ઓફિસરની ટીમ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર, પોલીસ કર્મચારીઓ, માઈકો ઓબ્ઝર્વરની ટીમ દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ અંગે તમામ માહિતી આપવા માટે રાપર એરીયા ડેવલપમેન્ટ ઓથોરિટીના સભાખંડ મધ્યે પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશી દ્વારા મિટિંગનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ કર્મચારીઓ તથા સુરક્ષા વ્યવસ્થા અંગેના કર્મચારીઓને માહિતગાર કર્યા હતા. આમ આજથી લોકસભા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.